RNI No. GUJGUJ/2009/30906
RNI TITLE CODE NO. GUJGUJ12914

# રાજકોટ મિરર

RAJKOT MIRROR DAILY MORNING NEWS PAPER

Year : 15 Issue : 245 Dt. 31-03-2026 Page : 08 Price : Rs 3




Editor : PRATIPALSINH NARENDRASINH JADEJA, Publisher, Printer & Owner : YASHPALSINH JAYCHANDRASINH JADEJA
Place of Publication and Printing : 201-SAGAR APPARTMENT, C-WING, OPP. SHREEJI HOTEL, NEAR MILESTONE APPARTMENT, ROYAL PARK STREET NO. 10, KALAWAD ROAD, RAJKOT

# ભારત નક્સલવાદ મુક્ત : શાહ

## કોંગ્રેસ પાર્ટી પર નિશાન સાધતા અમિત શાહે કહ્યું છેલ્લા ૬૦ વર્ષથી દેશ પર શાસન કર્યું, છતાં આદિવાસીઓ વિકાસથી વંચિત



નવીદિલ્હી, તા. ૩૦

દેશ નક્સલવાદથી મુક્ત છે. ગૃહમંત્રી અમિત શાહે પોતે સંસદમાં આ જાહેરાત કરી હતી. સોમવારે નક્સલવાદ પર બોલતા અમિત શાહે કહ્યું, ''હું જાહેર કરું છું કે આપણે નક્સલવાદ મુક્ત છીએ. આ માટે ૩૧ માર્ચની સમયમર્યાદા નક્કી કરવામાં આવી હતી.'' તેમણે વધુમાં કહ્યું કે નક્સલવાદ વિકાસના અભાવને કારણે નહીં, પરંતુ એક વૈચારિક મુદ્દો છે. કોંગ્રેસ પાર્ટી પર નિશાન સાધતા અમિત શાહે કહ્યું કે કોંગ્રેસે છેલ્લા ૬૦ વર્ષથી દેશ પર શાસન કર્યું, છતાં આદિવાસીઓ વિકાસથી વંચિત રહ્યા. આવું કેમ થયું? તેમણે કહ્યું કે નક્સલવાદનું મુખ્ય કારણ વિકાસનો અભાવ નથી, પરંતુ એક વૈચારિક મુદ્દો છે. વડા પ્રધાન મનમોહન સિંહે સમગ્ર રાષ્ટ્ર સમક્ષ સ્વીકાર્યું હતું કે સશસ્ત્ર માઓવાદીઓ દેશની સૌથી મોટી સમસ્યા છે. ૨૦૧૪ માં શાસન બદલાયું, અને પીએમ મોદીના કાર્યકાળ દરમિયાન ઘણા વિકાસ કાર્યો કરવામાં આવ્યા.

અમિત શાહે કહ્યું કે તેમના (આદિવાસીઓના) દુઃખ, વેદના, તેમની સમસ્યાઓ અને તેમના ભવિષ્યને અંધકારમાં ઢાંકતી વ્યવસ્થાને આપણી સંસદમાં ઉજાગર કરવી જોઈએ, અને આખી દુનિયાને તેના વિશે જાણવું જોઈએ. પરંતુ તેને લાંબા સમય સુધી તક મળી નહીં. મને ખુશી છે કે દેશ અને આપણા બધા માટે આ મહત્વપૂર્ણ વિકાસ પર આજે સંસદમાં ચર્ચા થઈ રહી છે. આ સિદ્ધાંતનો પ્રચાર કરનારાઓ નિર્દોષ આદિવાસી લોકોને ગેરમાર્ગે દોરી રહ્યા હતા, એવું માનીને કે આપણે તેમના અધિકારો માટે લડી રહ્યા છીએ. કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે સોમવારે લોકસભામાં કહ્યું કે દેશમાં નક્સલવાદના ઉદય માટે કોંગ્રેસ અને ડાબેરી વિચારધારાને જવાબદાર ઠેરવતા કહ્યું કે દેશ હવે નક્સલમુક્ત છે. વિવિધ રાજ્યોમાં નક્સલ વિરોધી અભિયાનોની સફળતા પર પ્રકાશ પાડતા શાહે કહ્યું, ''આપણે કહી શકીએ છીએ કે આપણે નક્સલમુક્ત થયા છીએ.'' સરકારે દેશને નક્સલમુક્ત બનાવવા માટે ૩૧ માર્ચ, ૨૦૨૬ ની સમયમર્યાદા નક્કી કરી હતી. દેશમાં નક્સલવાદના ઉદય માટે કોંગ્રેસ અને ડાબેરી વિચારધારાને જવાબદાર ઠેરવતા શાહે એમ પણ કહ્યું કે ૧૯૭૦ થી ૨૦૦૪ સુધી, ચાર વર્ષ સિવાય, કોંગ્રેસ સત્તામાં હતી જે દરમિયાન આ વિચારધારાનો વિકાસ અને ફેલાવો થયો.

૨૦૧૪ માં સરકાર બદલાઈ, અને મોદી સરકાર હેઠળ, વર્ષો જૂની સમસ્યાઓનું નિરાકરણ કરવામાં આવ્યું. તેમણે કહ્યું કે આ સરકાર હેઠળ હવે નક્સલમુક્ત ભારતનું નિર્માણ થઈ રહ્યું છે, અને રાજકીય વૈજ્ઞાનિકો સરકારના પ્રયાસોમાં નક્સલમુક્ત ભારતને ટોચ પર રાખવામાં કોઈ ખચકાટ અનુભવશે નહીં. શાહે કહ્યું કે નિર્દોષ આદિવાસીઓને એવું માનીને ગેરમાર્ગે દોરવામાં આવ્યા હતા કે આ લડાઈ ન્યાય અને તેમના અધિકારો માટે લડાઈ ચાલી રહી છે. તેમણે ભારપૂર્વક જણાવ્યું હતું કે નક્સલવાદનું મૂળ કારણ વિકાસ, ગરીબી કે અન્યાયની માંગ નથી, પરંતુ વિચારધારા છે. તેનો વિકાસ સાથે કોઈ લેવાદેવા નથી. તેમને લોકશાહીમાં કોઈ વિશ્વાસ નથી.

ગૃહમંત્રીએ કહ્યું કે અન્યાયનો સામનો કરીને શસ્ત્રો ઉપાડવા એ લોકશાહી અભિગમ નથી, અને મોદી સરકાર હેઠળ આવી પ્રવૃત્તિ ક્યારેય સ્વીકાર્ય રહેશે નહીં. તેમણે કહ્યું, ''લાલ આતંકના પડછાયાને કારણે બસ્તર પ્રદેશના લોકો સરકારી લાભોથી વંચિત હતા. આજે, તે પડછાયો દૂર થઈ ગયો છે, અને બસ્તરનો વિકાસ થઈ રહ્યો છે.'' તેમણે ઉમેર્યું કે નક્સલવાદ અને બળવાના અંતનો સંપૂર્ણ શ્રેય અર્ધલશ્કરી દળો, ખાસ કરીને કોબ્રા બટાલિયન, સેન્ટ્રલ રિઝર્વ પોલીસ ફોર્સ (CRPF), રાજ્ય પોલીસ, ખાસ કરીને છત્તીસગઢ પોલીસ અને સ્થાનિક આદિવાસીઓને જાય છે.

# ડોલર સામે રૂપિયો તૂટવાની સંભાવના

## ભારતીય ચલણ માટે કપરો સમય : ડોલર સામે મૂલ્ય ૧૦૦ થઇ જવાની વકી

દિલ્હી, તા. ૩૦

ભારતીય ચલણ રૂપિયો યુએસ ડોલર સામે ૯૫ ના રેકોર્ડ નીચા સ્તરે પહોંચ્યો, જે છેલ્લા એક વર્ષમાં ઝડપી ઘટાડો દર્શાવે છે. વૈશ્વિક સંઘર્ષો, અસ્થિર મૂડી પ્રવાહ અને આરબીઆઈનો અનામતનો ઉપયોગ કરવામાં ખચકાટ જેવા પરિબળો તેમાં મુખ્ય છે. સુભાષ ચંદ્ર ગર્ગ વિચારે છે કે શું રૂપિયો ટૂંક સમયમાં ૧૦૦ ડોલરને સ્પર્શશે?

સોમવાર, ૩૦ માર્ચ ૨૦૨૬ ના રોજ પહેલી વાર, રૂપિયો યુએસ ડોલર સામે ૯૫ ને પાર કરી ગયો, ગયા વર્ષે ૩૧ માર્ચે ડોલર સામે ૮૫.૪ રૂપિયાના વિનિમય દર કરતાં ૧૧ ટકાથી વધુનો ઘટાડો થયો છે. છેલ્લા છ મહિનાથી રૂપિયો સતત ઘટી રહ્યો છે. માર્ચ ૨૦૨૬માં જ તે લગભગ ૪ ટકા નીચે ગયો છે.

મેં ૨૩ ડિસેમ્બર ૨૦૨૪ એ ૧૫ મહિના પહેલા, જ્યારે રૂપિયો ૮૫ પ્રતિ ડોલરને સ્પર્શ્યો હતો. મને એવું લાગતું હતું કે ૨૦૨૯માં મોદી ૩.૦ સરકારના અંત સુધીમાં રૂપિયો ૧૦૦ પ્રતિ ડોલરને સ્પર્શશે. પરંતુ રૂપિયો ખૂબ જ ઉતાવળમાં હોય તેવું લાગે છે. તે ગમે ત્યારે ૧૦૦ પ્રતિ ડોલરને સ્પર્શવા તરફ આગળ વધી રહ્યો છે. પરંતુ રૂપિયો કેમ ઘટી રહ્યો



છે? શું રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા (RBI) લાચાર છે?

### RBI ની વાસ્તવિક શક્તિ

૨૦ માર્ચ ૨૦૨૬ ના રોજ છ્ઈઈ ના વિદેશી વિનિમય અનામત (FER) ૬૯૮.૩ બિલિયન ડોલર હતા, જે એક અઠવાડિયામાં ૧૧.૪ બિલિયન ડોલર ઘટી ગયા હતા. રસપ્રદ વાત એ છે કે, RBI ની ફોરેન કરન્સી એસેટ્સ (FCA) - જેમાં સોનું, સ્પેશિયલ ડ્રોઈંગ રાઈટ્સ (SDRs) અને આંતરરાષ્ટ્રીય નાણાકીય ભંડોળ (IMF) માં ભારતની રિઝર્વ પોઝિશનનો સમાવેશ થતો નથી તે - ૫૫૭.૭ બિલિયન થઈ ગઈ છે, જે ૨.૧ બિલિયન વધી ગઈ છે. સોનાના મૂલ્યમાં ૧૩.૫ બિલિયનનો ઘટાડો થઈને ૧૧૭.૨ બિલિયન થવાથી નુકસાન થયું છે. આ FCA એ RBI ની વાસ્તવિક શક્તિ છે. રૂપિયાના વિનિમય વ્યવસ્થાપન માટે સોનાનો ઉપયોગ અશક્ય છે, ખાસ કરીને ભારત માટે, કારણ કે ૧૯૯૧ માં થયેલા સોનાના વેચાણ સાથે એટલી બધી ઓડિયમ જોડાયેલી છે કે RBI તેના સ્વપનમાં પણ સોનું વેચવાનું વિચારશે નહીં. છેલ્લા ચાર વર્ષમાં સોનાની ખરીદી માટે RBI ના આકર્ષણ અને સોનાના ભાવમાં મોટી તેજીને કારણે FER માં FCA ના હિસ્સામાં નોંધપાત્ર ઘટાડો થયો છે. માર્ચ ૨૦૨૨ ના છેલ્લા અઠવાડિયામાં, ભારતનો FER ૬૧૯.૭ બિલિયન હતો, અને FCA, ૫૫૩.૭ બિલિયન પર, FER ના લગભગ ૯૦ ટકા હતો. હાલમાં, FCA કુલ FER ના ૮૦ ટકા કરતા ઓછો હિસ્સો ધરાવે છે. ૧૯૯૧ માં ભારત સૌથી વધુ સંવેદનશીલ હતું જ્યારે તેની પાસે ૧૦ અબજ ડોલરનો અનામત પણ ન હતું. ૨૦૦૩-૦૪ માં જ્યારે અનામત ૧૦૦ અબજ ડોલર સુધી પહોંચી, ત્યારે ભારતને પૂરતું કવરેજ મળ્યું. ટૂંક સમયમાં, ૨૦૦૭-૦૮ માં, અનામત ૩૦૦ અબજ ડોલરને વટાવી ગયું, જ્યાં તે આગામી ચાર-પાંચ વર્ષ સુધી રહ્યું. જોકે, ૨૦૧૩ માં ટેપર ક્રોધાવેશ દરમિયાન અનામત તદ્દન અપૂરતી હોવાનું જણાયું.

# રાજ્યની નગરપાલિકાઓ માટે ચૂંટણી અધિકારીઓની નિમણૂક

**ચૂંટણી આયોગનો મહત્ત્વનો નિર્ણય, અમદાવાદ, અમરેલી, આણંદ, કચ્છ અને ખેડા સહિત રાજ્યના અનેક જિલ્લાઓની નગરપાલિકાઓ માટે જવાબદાર અધિકારીઓની કરાઈ નિમણુક**

ગાંધીનગર, તા.૩૦

રાજ્ય ચૂંટણી આયોગ દ્વારા ગુજરાતની વિવિધ નગરપાલિકાઓની આગામી સામાન્ય, મધ્યસત્ર અને પેટા ચૂંટણીઓ માટે તૈયારીઓ તેજ કરી દેવામાં આવી છે. આયોગ દ્વારા તાજેતરમાં એક મહત્ત્વનો હુકમ બહાર પાડીને વિવિધ જિલ્લાઓની નગરપાલિકાઓ માટે ચૂંટણી અધિકારીઓ(RO) અને મદદનીશ ચૂંટણી અધિકારીઓની(ARO) નિમણૂક કરવામાં આવી છે.

ભારતના સંવિધાનના અનુચ્છેદ ૨૪૩ વ-ક અને ગુજરાત નગરપાલિકા અધિનિયમ, ૧૯૬૩ની કલમ-૬ (૪) હેઠળ મળેલી સત્તાની રૂએ આ નિમણૂકો કરવામાં આવી છે. આ આદેશ મુજબ, અમદાવાદ, અમરેલી, આણંદ, કચ્છ અને ખેડા સહિત રાજ્યના અનેક જિલ્લાઓની નગરપાલિકાઓ માટે જવાબદાર અધિકારીઓની યાદી જાહેર કરવામાં આવી છે.જિલ્લાવાર નિમણૂકોમાં બારેજા નગરપાલિકા(વોર્ડ ૧ થી ૬) માટે દસક્રોઇના નાયબ કલેક્ટરને ચૂંટણી અધિકારી તરીકે નિયુક્ત કરાયા છે. વિરમગામ અને ધોળકા નગરપાલિકા માટે પણ સંબંધિત નાયબ કલેક્ટરોને જવાબદારી સોંપાઈ છે. અમરેલી શહેર(વોર્ડ ૧ થી ૧૧) માટે આંકડા અધિકારીને ચૂંટણી અધિકારી અને શહેર મામલતદારને મદદનીશ ચૂંટણી અધિકારી બનાવવામાં આવ્યા છે. આ ઉપરાંત બાબરા, બગસરા, અને સાવરકુંડલા જેવી નગરપાલિકાઓ માટે પણ અધિકારીઓની વરણી થઈ છે.ઉમરેઠ, બોરસદ, પેટલાદ અને ખંભાત જેવી નગરપાલિકાઓમાં પ્રાંત અધિકારીઓ અને જિલ્લા પુરવઠા અધિકારીઓને ચૂંટણી પ્રક્રિયાની કમાન સોંપવામાં આવી છે. ભુજ



નગરપાલિકાના વિવિધ વોર્ડ માટે પ્રાંત અધિકારી અને નાયબ કલેક્ટર (સ્ટેમ્પ ડ્યુટી)ને ચૂંટણી અધિકારી તરીકેની જવાબદારી સોંપાઈ છે.આ નિમણૂકો સાથે જ જે-તે વિસ્તારોમાં ચૂંટણીલક્ષી વહીવટી પ્રક્રિયાઓનો પ્રારંભ થશે. આયોગે આ તમામ અધિકારીઓને તાત્કાલિક અસરથી પોતાની જવાબદારીઓ સંભાળવા અને જરૂરી કાર્યવાહી કરવા સૂચના આપી છે.

# PM ગુજરાતમાં : ૧૯૮૦૦ કરોડના કામોનું લોકાર્પણ -ખાતમુહૂર્ત

## કોબા ખાતે 'સમ્રાટ સંપ્રતિ મ્યુઝિયમ'નું ઉદઘાટન અને સાણંદ ખાતે ભારતને ટેક્નોલોજી અને સેમીકન્ડક્ટર ક્ષેત્રે આત્મનિર્ભર બનાવવાના લક્ષ્ય સાથે કેન્સ સેમીકન્ડક્ટર OSAT ફેસિલિટી પ્લાન્ટનું ઉદઘાટન કરશે




ગાંધીનગર, તા.૩૦

ગાંધીનગર ખાતે જણાવ્યું હતું કે, ભારતના વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના દ્રષ્ટિપૂર્ણ નેતૃત્વ હેઠળ દેશ વિકાસના નવા શિખરો સર કરી રહ્યો છે. 'વિકસિત ભારત'ના સંકલ્પને સાકાર કરવા માટે સતત પ્રયત્નશીલ ભારત આજે વિશ્વમાં પ્રગતિ અને આત્મનિર્ભરતાનું પ્રતિક બની રહ્યું છે. વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી આજે તા. ૩૧ માર્ચ, ૨૦૨૬ના રોજ ગુજરાતની મુલાકાતે આવી રહ્યા છે. તેઓ રાજ્યમાં દ્વારા રૂ. ૧૯,૮૦૦ કરોડથી વધુના વિવિધ વિકાસ કામોના ખાત મુહુર્ત-લોકાર્પણ કરાશે તેમણે ઉમેર્યું હતું કે, વડાપ્રધાનનું સવારે ૯:૪૦ કલાકે અમદાવાદ એરપોર્ટ ખાતે આગમન થશે. ત્યારબાદ સવારે ૧૦:૦૦ કલાકે તેઓ કોબા ખાતે 'સમ્રાટ સંપ્રતિ મ્યુઝિયમ'નું ઉદઘાટન કરીને ભારતની સમૃદ્ધ સંસ્કૃતિ અને વારસાને નવી ઓળખ આપશે. ત્યારબાદ બપોરે ૧૨:૪૫ કલાકે સાણંદ ખાતે ભારતને ટેક્નોલોજી અને સેમીકન્ડક્ટર ક્ષેત્રે આત્મનિર્ભર બનાવવાના લક્ષ્ય સાથે તેઓ 'કેન્સ સેમીકન્ડક્ટર ઘજીઅઝ ફેસિલિટી પ્લાન્ટ'નું ઉદઘાટન કરશે. ત્યારબાદ સાંજે ૪ કલાકે નાણી ગામ, વાવ (થરાદ) ખાતે રૂ. ૧૯,૮૦૦ કરોડથી વધુના વિવિધ વિભાગોના વિકાસલક્ષી પ્રકલ્પોના લોકાર્પણ અને ખાતમુહૂર્ત કરીને ઉત્તર ગુજરાતના વિકાસને વધુ ગતિ આપશે અને સાંજે ૫:૦૫ કલાકે ડીસા એરપોર્ટથી આસામ જવા રવાના થશે. વડાપ્રધાનની આ ગુજરાત મુલાકાત દરમિયાન મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલ તેમજ નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવી ઉપસ્થિત રહેશે.વડાપ્રધાનની આ મુલાકાત માત્ર કાર્યક્રમો સુધી સીમિત ન રહેતા 'નવા ભારત'ના નિર્માણ તરફ એક મહત્વપૂર્ણ પગલું સાબિત થશે. જેમાં વિકાસનો લાભ સમાજના દરેક વર્ગ સુધી પહોંચશે અને ભારત વિશ્વમંચ પર વધુ સશક્ત બની વિકાસ શીલ દેશ બનવા તરફ આગળ વધશે તેમ તેમણે ઉમેર્યું હતું.

આ ઉપરાંત વડાપ્રધાન ગુજરાતમાં આશરે ૫૩૦૦ કરોડના ૪૪ શહેરી વિકાસ પ્રોજેક્ટ્સનું ઉદઘાટન અને શિલાન્યાસ કરશે, જેનો ઉદ્દેશ્ય શહેરી માળખાગત સુવિધાઓમાં સુધારો કરવાનો અને જીવનની ગુણવત્તા સુધારવાનો છે. વડાપ્રધાન અમદાવાદના અસારવામાં સિવિલ હોસ્પિટલમાં ૮૫૮ બેડવાળા રેઈન બસેરા અને ગાંધીનગરમાં સિવિલ હોસ્પિટલ અને GMERS મેડિકલ કોલેજમાં સમાન સુવિધાઓ સહિત વિવિધ આરોગ્ય અને પરિવાર કલ્યાણ પહેલનું ઉદઘાટન પણ કરશે.

વડાપ્રધાન પાટણમાં રાણી કી વાવ ખાતે લાઈટ એન્ડ સાઉન્ડ શો, વડનગરના શર્મિષ્ઠા તળાવ ખાતે વોટર સ્ક્રીન પ્રોજેક્શન શો સહિત પ્રવાસન પ્રોજેક્ટ્સનું ઉદઘાટન કરશે અને બનાસકાંઠામાં બલરામ મહાદેવ અને વિશ્વેશ્વર મહાદેવ ખાતે પ્રવાસન માળખાગત સુવિધાઓના કાર્યોનો શિલાન્યાસ કરશે, જેનો હેતુ પ્રવાસીઓનો અનુભવ વધારવા અને સાંસ્કૃતિક વારસાને પ્રોત્સાહન આપવાનો છે.

વડાપ્રધાન આશરે ૧૭૮૦ કરોડના બે મોટા પાણી પાઈપલાઇન પ્રોજેક્ટ રાષ્ટ્રને સમર્પિત કરશે, જેમાં બનાસકાંઠામાં કસારા-દાંતીવાડા પાઈપલાઇન અને પાટણ અને બનાસકાંઠા વચ્ચે પસાર થતી ડિંડ્રોલ-મુક્તેશ્વર પાઈપલાઇનનો સમાવેશ થાય છે. પ્રધાનમંત્રી અંબાજી અને આસપાસના ગ્રામીણ વિસ્તારો માટે પાણી પુરવઠા યોજનાનો શિલાન્યાસ કરશે. આ યોજના બનાસકાંઠા જિલ્લાના દાંતા અને અમીરગઢ તાલુકાના ૩૪ ગામો અને અંબાજી શહેરના લોકોને પીવાનું પાણી પૂરું પાડશે, જેનાથી આશરે ૧.૫ લાખ લોકોને ફાયદો થશે. આ ઉપરાંત, પ્રધાનમંત્રી મોદી ગાંધીનગર જિલ્લામાં ત્રણ સાબરમતી રિવરફ્રન્ટ એક્સટેન્શન પ્રોજેક્ટ્સનો શિલાન્યાસ કરશે, જે આશરે ૧ હજાર કરોડના સંયુક્ત રોકાણથી બનાવવામાં આવશે. તેઓ અમદાવાદના વેજલપુરમાં સરકારી છોકરાઓ માટે છાત્રાલયનું ઉદઘાટન કરશે. આ સુવિધા ઉચ્ચ શિક્ષણ મેળવતા આદિવાસી વિદ્યાર્થીઓને ટેકો આપશે.

# ફુવારા-ડ્રીપ પદ્ધતિમાં સબસીડી વધારવા CMની મંજૂરી

## ખેડૂતોએ ચિંતા કરવાની જરૂર નથી : કૃષિ મંત્રી જીતુભાઈ વાઘાણી : સુજલામ-સુફલામ યોજના - સૌની યોજના અંતર્ગત ગામના તળાવો ભરીને હરિયાળી ક્રાંતિ લાવવાનું કામ વડાપ્રધાન મોદીએ કર્યું છે



ગાંધીનગર, તા.૩૦

રાજ્યના ખેડૂતોના હિતને વરેલી સરકારે ખેડૂતોના પ્રશ્નો માટે સતત ચિંતિત છે અને એના માટે હકારાત્મક અભિગમ સાથે કાયમ ખેડૂતોના પડખે ઉભી છે અને ઉભી રહેશે જ એટલે ખેડૂતો એ સહેજપણ ચિંતા કરવાની જરૂર નથી તેવું કૃષિ મંત્રી જીતુભાઈ વાઘાણીએ જણાવ્યુ છે.

આજે ભારતીય કિસાન સંઘ અને કિસાન મોર્ચા સાથે પરામર્શ કર્યા બાદ મિડીયાના મિત્રોને વિગતો આપતા કહ્યુ કે, ખેડૂતોના જે કંઈ પણ પ્રશ્નો હોય એ સંદર્ભે કિસાન સંઘ દ્વારા હર હંમેશ અમારૂ ધ્યાન દોરવામાં આવે છે અને સરકાર કાયમ માટે આ પ્રશ્નોના હકારાત્મક નિવારણ માટે સતત પ્રયત્નો કર્યા છે અને કરતી રહેશે, તેમણે કહ્યું કે, કિસાનોના પ્રશ્નોના નિરાકરણ માટે મારા સહિત ઊર્જા મંત્રી ઋષિકેશ પટેલ, વન મંત્રી અર્જુનભાઈ મોઢવાડીયા સહિત અન્ય પદાધિકારીઓની સમિતિ રચી છે જે નિયમિત રીતે કિસાન સંઘ સાથે બેઠકો યોજીને પરામર્શ કરે છે અને તેઓ મુખ્યમંત્રીને પણ મળીને પરામર્શ કરતા હોય છે. મુખ્યમંત્રીના દિશા નિર્દેશાનુસાર રાજય સરકારે અનેક વિધ હકારાત્મક નિર્ણયો કર્યા છે અને ભવિષ્યમાં પણ કરશે એમાં કોઈ ચિંતાનુ કારણ નથી.

ભારતીય કિસાન સંઘ ખેડૂતોના કલ્યાણ માટે અવિરતપણે કામ કરતું આવ્યું છે. કિસાન સંઘની રજૂઆત-મુદાઓ સંદર્ભે રાજ્ય સરકારે ખેડૂતોના હિતમાં હંમેશા નિર્ણયો કર્યા છે. કિસાન સંઘના પ્રમુખ , મંત્રી અને સમગ્ર ટીમ અજમલભાઈ, આર.કે પટેલ અને તેમની ટીમ દ્વારા સતત રાજ્ય સરકાર સાથે ખેડૂતોના હિતમાં ચર્ચા-વિચારણાઓ થતી હોય છે.

અગાઉ પણ કિસાન સંઘના જે મુદ્દાઓ હતા તે સંદર્ભે રાજ્ય સરકાર દ્વારા બનાવેલી કમિટીમાં મારા સાથે મંત્રી ઋષિકેશભાઈ પટેલ તેમજ મંત્રી અર્જુનભાઈ મોઢવાડિયાની સાથે બેઠકો કરીને કેટલાક મુદ્દાઓ નક્કી કર્યા હતા. આ કમિટીમાં ખેડૂતોના પ્રશ્નો અંગે ચર્ચા થઇ હતી જેમાં વડીલોપાજીર્ત મિલ્કતમાં આડીલીટીના વારસદારોને સ્ટેમ્પ ડયૂટીમાંથી મુકિત આપવાનો નિર્ણય મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઇ પટેલની સરકારે કર્યો છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ સાથે પણ કિસાન સંઘના આગેવાનો સાથે મુલાકાત થઇ હતી. મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈના દિશા નિર્દેશથી ખેડૂતો માટેના મહત્વના નિર્ણયો રાજ્ય સરકારે સત્વરે કર્યા છે અને ભવિષ્યમાં પણ કરવા જઈ રહી છે.

કિસાન સંઘની માંગણી મુજબ સુજલામ-સુફલામ યોજનાની અંદર સૌની યોજના અંતર્ગત જે પ્રકારે ગામના તળાવો ભરીને હરિયાળી ક્રાંતિ લાવવાનું કામ વડાપ્રધાન મોદીએ કર્યું છે અને જે પ્રકારે ખેડૂતોની માંગણી આવે તે મુજબ રાજ્ય સરકારે ચેક ડેમો, તળાવો, મોટા ડેમો પણ ભર્યા છે. જેમાં લગભગ ૦૭ કિ.મી સુધી એ તળાવો અને ડેમો તબક્કાવાર ભરાશે. જેના પરિણામે પાણીના તળ ઊંચા આવે, ખેડૂતોને સિંચાઈનું પાણી મળે તેમજ નાગરિકોને પીવાનું પાણી મળે તે માટે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે મહત્વનો નિર્ણય કર્યો છે. સૌની યોજના અને સુજલામ સુફલામ યોજના દ્વારા પાઈપલાઈન થકી વધુમાં વધુ તળાવ ભરાય એવી યોજના બનાવવી તેમજ હાઈ કંટ્રોલ કેનાલને આગળ વધારવા માટે રાજય સરકારે સહમતિ આપી છે.

ફુવારા અને ડ્રીપ પદ્ધતિ જેનાથી ખેડૂતોને પાણીની બચત થાય છે અને ખેડૂતો ઓછા પાણીએ સારું ઉત્પાદન મેળવે છે. આ યોજનામાં સબસીડી વધારવાની આ રજુઆતને રાજ્યના મુખ્યમંત્રીએ સૈદ્ધાંતિક મંજૂરી આપી છે. સબસીડી વધારવાનો નિર્ણય એ વિભાગો સાથે ચર્ચા કરીને આગામી સમયમાં રાજ્ય સરકાર કરવા જઈ રહી છે.

ટ્રેક્ટર અને ટ્રોલી માટે ખેડૂતોને પાસિંગ કરાવવા આર.ટી.ઓમાં એક સમસ્યા આવતી હતી. તેના નિરાકરણ માટે કિસાન સંઘ સાથે બેઠક કરીને ખેડૂતોને પડતી મુશ્કેલીમાં ટ્રેકટર ટોલીને ૫ વર્ષ સુધી આર.ટી.ઓ. પાર્સીંગમાંથી મુકિત આપવા રાજય સરકારે સૈધ્ધાંતિક મંજુરી આપી છે. આ ઉપરાંત વીજ ટાવરના પ્રશ્નોનું કાયમી નિરાકરણ અને જમીનનું યોગ્ય વળતર ચુકવવા માટે સરકાર આગામી સમયમાં યોગ્ય પોલીસી બનાવશે.

વર્ષ ૧૯૯૯થી રાસાયણિક ખાતર વિતરણની જે વ્યવસ્થાઓ હતી. તેમાં જરૂરીયાતના આધારે આમારી સરકારે વ્યવસ્થામાં સુધારો કરીને ખેડૂતલક્ષી નવી પોલીસી બનાવીને આ વ્યવસ્થા વધુ સરળ બને તે માટે પ્રયાસો કરવામાં આવશે.

ખેડૂતોના ખેતરમાં ઉભા પાકને જંગલી પશુઓથી થતા નુકશાનને અટકાવવા અમારી સરકારે ખેતરમાં ફેન્સીંગ બનાવવાની યોજના અમલી બનાવી છે. જેમાં ભારતીય કિસાન સંઘની રજૂઆત સંદર્ભે ૨ હેકટર જમીન ધરાવતા નાના અને માંત ખેડૂતો તાર ફેન્સીંગની સબસીડીનો લાભ લઇ શકે તે પ્રકારની વ્યવસ્થા રાજ્ય સરકાર દ્વારા આગામી સમયમાં કરવામાં આવશે. આ ઉપરાંત કિસાન સંઘની રજુઆતને ધ્યાને લઈને એક હેક્ટર સુધીની મર્યાદામાં આ તાર-ફેન્સિગ કરવાનો નિર્ણય કૃષિ વિભાગે લે છે. જેમાં રનિંગ ફૂટ ૨૦૦ રૂપિયા આપતા હતા એના બદલે હવે રનિંગ ફૂટ રૂ.૩૦૦ રૂપિયા મંજૂર કરવા મુખ્યમંત્રીએ સુચના આપી છે. વધુમાં દેશી બીજ અને દેશી કપાસના વાવેતરને વધુમાં વધુ વેગ મળે તે માટે રાજ્ય સરકાર પ્રયત્નો કરી રહી છે.

રાજ્યમાં જે ખાનગી કૃષિ કોલેજો છે, તેમાં આઈ. આઇ.સી.આરના નિયમોનું કડકમાં કડક પાલન રાજય સરકાર દ્વારા કરાવવામાં આવશે. આ નિયમોનું પાલન કરાવવા માટે નિતીન સાંગવાનના અધ્યક્ષતામાં એક કમિટીની રચના કરવામાં આવી છે. જે ખાનગી કૃષિ કોલેજોમાંથી જે વિદ્યાર્થી ભણીને નીકળે છે, તે ગુણવત્તાયુક્ત શિક્ષણ મળે તે જરૂરી છે. ખાનગી કૃષિ કોલેજોને આઈ.સી.આરના નિયમોના પાલનની શરતે મંજુરી આપવામાં આવી છે. જે કોલેજો નિયમોનું પાલન નહિ કરે તેની એડમીશન પ્રક્રિયા રદ્દ કરવામાં આવશે. આ નિર્ણયથી વિદ્યાર્થીઓનું ભવિષ્ય બગડતું અટકશે. આ નિયમોમાં કોઈ પણ પ્રકારની બાંધછોડ કરવામાં આવશે નહિ તેમ મંત્રીએ કડક શબ્દોમાં જણાવ્યું હતું.

જૂનાગઢ, અમરેલી અને ગીર સોમનાથના ૧૪ જેટલા સેટલમેન્ટના ગામોનો રેવેન્યુમાં સમાવેશ કરવામાં આવ્યો છે. આ જિલ્લાના ગામોમાં ઈકોસેન્સીટિવ ઝોન એ પણ એક પ્રશ્ન રહેતો હોય છે, ત્યારે એમની મુશ્કેલીના નિવારણ માટે વન અને પર્યાવરણ મંત્રી અર્જુનભાઈ મોઢવાડિયાની સાથે ખેડૂતના પ્રતિનિધિઓ, કિસાન સંઘ વગેરે સાથે ચર્ચા કરીને ખેડૂતને મુશ્કેલી ન થાય એમના માટે રાજ્ય સરકારે હકારાત્મક વલણ દાખવીને ખેડૂતોના હિતમાં ચર્ચા કરશે.

### રાજ્યના આદિજાતિ વિસ્તારોમાં માળખાકીય સુવિધાઓને વેગ આપતો મહત્વપૂર્ણ નિર્ણય

# વનબંધુ કલ્યાણ યોજના હેઠળ ૩૬૨ કરોડના કામોને મંજુરી




ગાંધીનગર, તા.૩૦

આદિજાતિ ગામોની શાળાઓ અને પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર સાથે જોડતા માર્ગો તેમજ સ્ટ્રકચર નિર્માણ માટે રૂા. ૩૬૨ કરોડના કામોને મંજૂરી આપી

મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલે રાજયના અંબાજી થી ઉમરગામ સુધીના સમગ્ર આદિજાતિ વિસ્તારોના સર્વાંગી વિકાસને પ્રાથમિકતા આપતાં, ગામડાઓ સુધી પાયાની સુવિધાઓને વધુ સુલભ બનાવવા માટેનો એક મહત્વ પૂર્ણ નિર્ણય કર્યો છે. મુખ્યમંત્રીએ આ સંદર્ભમાં આદિજાતિ વિસ્તારોના ગામોની શાળાઓ અને પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોને પાકા રસ્તાઓથી જોડવા માટે ૩૨૫.૮૧ કિ.મી. લંબાઈના કામો તેમજ સ્ટ્રકચર નિર્માણના કામો મળીને ૨૯૩ કામો માટે કુલ ૩૬૨.૫૭કરોડ મંજૂર કર્યા છે. વડાપ્રધાન નરેન્દ્રભાઇ મોદીની પ્રેરણાથી શરૂ થયેલી વનબંધુ કલ્યાણ યોજના અંતર્ગત આદિજાતિ સમુદાયોને શિક્ષણ અને આરોગ્ય જેવી મૂળભૂત સેવાઓ સરળ અને સમયસર પહોંચે તે સુનિશ્ચિત કરવાના હેતુસર મુખ્યમંત્રીએ આ કામો મંજૂર કર્યા છે. આદિજાતિ વિસ્તારોમાં નવા રસ્તાઓ નું નિર્માણ થવાથી વિદ્યાર્થીઓને શાળાએ પહોંચવામાં સરળતા થશે. એટલું જ નહિં આકસ્મિક પરિસ્થિતિમાં દર્દીઓને નજીકના આરોગ્ય કેન્દ્ર સુધી ઝડપથી પહોંચાડી શકાશે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ ની આ પહેલથી આદિજાતિ વિસ્તારોમાં વિકાસના નવા દ્વાર ખુલતા ‘‘સબકા સાથ, સબકા વિકાસનો ધ્યેય પણ સાકાર થશે.

# બેંગ્લોરની સ્કુલમાં કુશ કુંડલીયા ઝળક્યો

### સર્વોચ્ચ ‘વેલેડિક્ટોરિયન’ એવોર્ડ મેળવીને રાજકોટનું વધાર્યું ગૌરવ



રાજકોટ, તા.૩૦

રાજકોટના પ્રતિષ્ઠિત ઉદ્યોગપતિ અને સિદ્ધિવિનાયક ગણપતિ મંદિરના મેનેજિંગ ટ્રસ્ટી કિરીટભાઈ કુંડલીયાના પૌત્ર કુશ કાર્તિક કિરીટભાઈ કુંડલીયાએ શિક્ષણ જગતમાં આંતરરાષ્ટ્રીય સ્તરે ઝળહળતી સિદ્ધિ પ્રાપ્ત કરી છે. બેંગ્લોરની ખ્યાતનામ ઈન્ડસ ઈન્ટરનેશનલ સ્કૂલ ખાતે આઈબી બોર્ડમાં અભ્યાસ કરતા કુશે સમગ્ર વર્ષ દરમિયાન સર્વોચ્ચ ગુણ પ્રાપ્ત કરીને પ્રતિષ્ઠિત ’વેલેડિક્ટોરિયન’એવોર્ડ પોતાના નામે કર્યો છે.

શિક્ષણ ક્ષેત્રે અત્યંત ગૌરવપ્રદ ગણાતો આ એવોર્ડ જે-તે વર્ષના ટોપ સ્કોરર વિદ્યાર્થીને જ એનાયત કરવામાં આવે છે. આ સન્માનના ભાગરૂપે કુશ કુંડલીયાને ગ્રેજ્યુએશન સમારોહમાં ’ગ્રેજ્યુએશન સ્પીચ’ આપવાનું દુર્લભ બહુમાન પણ પ્રાપ્ત થયું છે. હોટલ કે કે કંચીસ રિપબ્લિક પરિવારના આ તેજસ્વી વારસે પોતાની મહેનત અને બુદ્ધિપ્રતિભાથી શાળા અને પરિવારનું નામ રોશન કર્યું છે. આ આંતરરાષ્ટ્રીય સિદ્ધિ બદલ કુશ કુંડલીયા પર સોશિયલ મીડિયા અને મિત્રવર્તુળમાં અભિનંદનની વર્ષા થઈ રહી છે. તેની આ સફળતા રાજકોટના અન્ય વિદ્યાર્થીઓ માટે પણ પ્રેરણારૂપ બની છે.

# GSWANથી ૬ હજાર કચેરીઓ ઈન્ટ્રાનેટથી જોડાઈ

### રાજ્યમાં ડિજિટલ ટ્રાન્સફોર્મેશન અને ઈ-ગવર્નન્સ થકી સરકારી સેવાઓમાં પારદર્શિતા અને કાર્યક્ષમતાનો નવો સૂર્યોદય



**રાજ્યના ૧૩ વિભાગોની ૨૦૦થી વધુ ઉઇઝ યોજનાઓમાં આધાર પ્રમાણીકરણ સેવાઓનો ઉપયોગઃ ગત નાણાકીય વર્ષમાં ૫૬ કરોડથી વધુ આધાર પ્રમાણીકરણ ટ્રાન્ઝેક્શન**

ગાંધીનગર, તા.૩૦

રાજ્ય સરકારની વ્યૂહાત્મક નીતિઓને પરિણામે ગુજરાત આજે ડિજિટલ માળખાગત સુવિધાઓમાં દેશભરમાં અગ્રેસર બન્યું છે. નાગરિકોને ઝડપી, પારદર્શક અને ભ્રષ્ટાચારમુક્ત સેવાઓ પૂરી પાડવા માટે રાજ્ય સરકારે ઈ-ગવર્નન્સના માધ્યમથી છેવાડાના માનવી સુધી ટેકનોલોજીના માધ્યમથી વિવિધ લાભો પહોંચાડ્યા છે. રાજ્યની વ્યૂહાત્મક નીતિઓએ દરેક નાગરિક માટે ડિજિટલ માળખાને એક પાયારૂપ સુવિધા તરીકે વિકસાવવા પર ધ્યાન કેન્દ્રિત કર્યું છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીના ‘‘ડિજિટલ ઈન્ડિયા‘‘ના વિઝનને સાકાર કરતી અનેક યોજનાઓ રાજ્ય સરકાર દ્વારા અમલીકૃત કરવામાં આવી છે.

જે અંતર્ગત મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના પ્રગતિશીલ નેતૃત્વમાં અને સાયન્સ-ટેકનોલોજી મંત્રી અર્જુન મોઢવાડિયાના માર્ગદર્શન હેઠળ રાજ્યમાં ટેકનોલોજીના માધ્યમથી નાગરિકોના જીવનમાં આમૂલ પરિવર્તન આવી રહ્યું છે.

ઈ-ગવર્નન્સ ક્ષેત્રે ગુજરાત ઈન્ફર્મેટીક્સ લિ. - GIL રાજ્ય સરકારના ડિજિટલ મિશનને આગળ ધપાવે છે. GIL ગુજરાત સરકારના તમામ વિભાગોને આધાર પ્રમાણીકરણ અને ઇ-કેવાયસી સેવાઓ પ્રદાન કરે છે. રાજ્યના ૧૩ વિભાગોની ૨૦૦થી વધુ ડાયરેક્ટ બેનિફિટ ટ્રાન્સફર- DBT યોજનાઓમાં આધાર પ્રમાણીકરણ સેવાઓનો ઉપયોગ થઇ રહ્યો છે. ગત નાણાકીય વર્ષમાં ૫૬ કરોડથી વધુ આધાર પ્રમાણીકરણ ટ્રાન્ઝેક્શન થયા છે. આ સેવાઓ દ્વારા ડાયરેક્ટ બેનિફિટ ટ્રાન્સફર યોજનાઓમાં પારદર્શિતા અને કાર્યક્ષમતા સુદ્રઢ કરવામાં આવી છે.

વડાપ્રધાનના 'AI for All' ના વિઝનને અનુસરીને ગિફ્ટ સિટી ગાંધીનગર ખાતે AI સેન્ટર ઓફ એક્સેલન્સની સ્થાપના દ્વારા સ્ટાર્ટઅપ અને નવીન પ્રોજેક્ટ્સને પ્રોત્સાહન મળી રહ્યું છે. ગુજરાત AI સ્ટેક એ નાગરિકો, ડેવલપર્સ તથા સરકાર માટે અદ્યતન AI સેવાઓ ઉપલબ્ધ કરાવતું એકીકૃત પ્લેટફોર્મ છે. અહીં પાક રોગ નિદાન, યોજના અંગે માર્ગદર્શન, દસ્તાવેજ રૂપાંતરણ, ફરિયાદોનું વર્ગીકરણ અને ખરીદ સંબંધિત સેવાઓના ટુલ્સ API સ્વરૂપે ઉપલબ્ધ છે. આ ઉપરાંત રાજ્ય સરકાર દ્વારા નાગરિકો માટે એક જ આઈડી દ્વારા વિવિધ સરકારી સેવાઓ અને યોજનાઓનો લાભ મેળવવા માટે 'સિંગલ સાઈન-ઓન પોર્ટલ' વિકસાવવામાં આવ્યું છે. હાલમાં વિવિધ વિભાગોની ૧૩ એપ્લિકેશન સિંગલ સાઈન- ઓન પોર્ટલ સાથે ઈન્ટિગ્રેટ કરવામાં આવી છે.

ભાષિણી પ્રોજેક્ટના અમલીકરણથી વિવિધ ભારતીય ભાષાઓમાં માહિતી અનુવાદ સુલભ બન્યો છે. આ ભાષાંતર ટુલને વિવિધ વિભાગની કુલ ૫૨ વેબસાઈટ-એપ્લિકેશન ઈન્ટિગ્રેટ કરવામાં આવ્યું છે. આ ઉપરાંત વોટ્સએપ આધારિત સેવા દ્વારા નાગરિકોને પ્રમાણપત્રો સીધા મોબાઈલ પર પ્રાપ્ત થાય છે, જે ડિજિટલ સુવિધાઓને વધુ સરળ બનાવી રહી છે.

રાજ્યવ્યાપી કનેક્ટિવિટી માટે Gujarat State Wide Area Network- GSWAN દ્વારા ૩૪ જિલ્લા અને ૨૪૮ તાલુકા ઉપરાંત નવા બનેલા તાલુકા ખાતેની આશરે ૬ હજાર સરકારી કચેરીઓ ઈન્ટ્રાનેટના માધ્યમથી જોડવામાં આવી છે. આ નેટવર્ક થકી રાજ્ય સરકારના મહત્વપૂર્ણ ફરિયાદ નિવારણ પ્રોજેક્ટ ‘સ્વાગત’ સહિત વર્ષ દરમિયાન આશરે ૪ હજાર વીડિયો કોન્ફરન્સ અને ૧૩થી વધુ વેબકાસ્ટ ઈવેન્ટ યોજવામાં આવી છે. આ ઉપરાંત સચિવાલય ઈન્ટીગ્રેટેડ કોમ્યુનિકેશન નેટવર્ક દ્વારા વોઈસ કનેક્ટિવિટી મજબૂત કરવામાં આવી છે અને તેને ઈંઙ આધારિત સિસ્ટમ તરફ અપગ્રેડ પણ કરવામાં આવી રહી છે.

ગુજરાત સિક્યોરીટી ઓપરેશન્સ સેન્ટર રાજ્ય સરકાર માટે વિવિધ સાયબર સુરક્ષા સંબંધિત બાબતો પર દેખરેખ રાખે છે અને સરકારી વેબસાઇટસ તથા એપ્લિકેશનનું ઓડિટ કરે છે. આ ઉપરાંત આ સેન્ટર કર્મચારીઓ-અધિકારીઓને સાયબર સુરક્ષા તાલીમ આપે છે. ડેટા સંચાલન અને સુરક્ષા માટે ગુજરાત સ્ટેટ ડેટા સેન્ટર રાજ્ય સરકારના કોમન આઇટી ઈન્ફ્રાસ્ટ્રક્ચર તરીકે કાર્ય કરે છે. અહીં ૭૫૦થી વધુ વેબસાઈટ્સ અને એપ્લિકેશન હોસ્ટ કરવામાં આવી છે.

દાયકાથી ચાલતા ડિજિટલ રૂપાંતરણ થકી ટેકનોલોજી, શાસન, શિક્ષણ સુધીની પહોંચમાં મૂળભૂત રીતે પરિવર્તન આવ્યું છે. વ્યાપક કનેક્ટિવિટી, મજબૂત ડિજિટલ ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને અદ્યતન કમ્પ્યુટિંગ ક્ષમતા દ્વારા શહેરી, ગ્રામીણ અને અંતરિયાળ વિસ્તારોના નાગરિકો હવે રાજ્યના ડિજિટલ ઈકોસિસ્ટમમાં ભાગ લેવા વધુ સક્ષમ બન્યા છે. રાજ્યનો ઉદ્દેશ્ય માત્ર ડિજિટલ વિસ્તરણનો નથી પરંતુ નાગરિકોને આ ડિજિટલ ઈકોસિસ્ટમનો મહત્વપૂર્ણ ભાગ બનાવવાનો છે. આ ક્ષેત્રે રાજ્ય સરકારની વિવિધ પહેલ થકી ડિજિટલ પહોંચને ગ્રામીણ અને શહેરી વિસ્તારોમાં ઉપલબ્ધ કરાવીને વાસ્તવિક સામાજિક અને આર્થિક સશક્તીકરણમાં પરિવર્તન આવી રહ્યું છે.

# ૨જી એપ્રિલ સુધીમાં સેન્સ પ્રક્રિયા થશે પૂર્ણ : વિશ્વકર્મા

## સૌરાષ્ટ્ર ઝોનની ચૂંટણી સંદર્ભે યોજાઇ બેઠક : પ્રદેશ અધ્યક્ષ જગદીશ વિશ્વકર્મા રહ્યા હાજર : પ્રદેશ મહામંત્રી તથા સૌરાષ્ટ્ર ઝોનના ઇન્ચાર્જ અનિરુદ્ધભાઈ દવે, પ્રશાંત કોરાટ પણ રહ્યા ઉપસ્થિત






રાજકોટ, તા. ૩૦

રાજ્યમાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીને હવે એકાદ માસનો સમય બાકી રહ્યો છે ત્યારે ચૂંટણી માહોલ વિકસિત કરવા હાલ પ્રદેશ કક્ષાએથી આદેશો કરવામાં આવ્યા છે ત્યારે ગઈકાલે સૌરાષ્ટ્ર ઝોન ની બેઠક યોજાઇ હતી જેમાં ખુદ પ્રદેશ ભાજપના અધ્યક્ષ જગદીશ વિશ્વકર્મા હાજર રહ્યા હતા. તેમની સાથે પ્રદેશ મહામંત્રી તથા સૌરાષ્ટ્ર ઝોનના ઇન્ચાર્જ અનિરુદ્ધભાઈ દવે તથા અન્ય બે પ્રદેશ મહામંત્રી પ્રશાંત કોરાટ તથા હિતેન્દ્રસિંહ ચૌહાણ પણ હાજર રહ્યા હતા. આ બેઠકમાં ચૂંટણી સંચાલન સમિતિના અધ્યક્ષ ગોવર્ધનભાઈ ઝડફિયા તથા સમિતિના અધ્યક્ષ બાબુભાઈ બોખીરીયા પણ હાજર રહ્યા હતા.

રાજકોટ શહેર તથા જિલ્લામાં હાલ વિરોધ પક્ષ એડી ચોટીનું જોર લગાવી રહ્યું છે ત્યારે વિરોધ પક્ષ સામે મક્કમતાથી ચૂંટણી લડવામાં આવે તે માટેના સૂચનો પણ પક્ષના કાર્યકરો તથા સંગઠનની જવાબદારી સંભાળનાર અગ્રણીઓને આપવામાં આવ્યા હતા. કાર્યકરોને ખાસ કરીને હવે વોર્ડવાઈઝ મતદાર યાદી બહાર પડી ગઈ છે. મહત્વની વાત તો એ છે કે હાલ સરકાર દ્વારા કરેલા કામો ની યાદી લોકો સુધી પહોંચાડવામાં આવે તે માટેની વ્યવસ્થા પણ ઊભી કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે.

પ્રથમ વખત હાલની છ ઉપરાંત નવી નવ મહાપાલિકા જશે. વોરન્ટની પણ મોરબી સહિતની નવી મહાપાલિકા સામેલ છે. તેમાં પ્રથમ વખત હવે યોજાઈ રહેલી કોર્પોરેશનની ચુંટણીમાં ભાજપ તેનો દબદબો જળવાઈ રહે તે જોવા આતુર છે.ગત વર્ષની વિસાવદરની પેટાચુંટણીમાં જે રીતે આમ આદમી પાર્ટીએ ભાજપને છકકડ ખવરાવી તે સંદર્ભમાં હવે એક પણ મહાપાલિકા- જીલ્લા પંચાયતમાં ભાજપને રેકોર્ડ જાળવવો એક પડકાર છે.આ સપ્તાહમાં જાહેર થનારી રાજયની સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓની ચુંટણી પુર્વે ભાજપે ઝોન બેઠકો શરૂ કરી છે. જેના ભાગરૂપે આજે રાજકોટમાં પ્રદેશ પ્રમુખ શ્રી જગદીશ વિશ્વકર્માના અધ્યક્ષપદ હેઠળ સૌરાષ્ટ્ર ઝોનના પ્રમુખ, મહામંત્રીઓ, પ્રભારીઓ વિ.ની એક બેઠકનું આયોજન થયુ છે.

જેના ભાગરૂપે પ્રદેશ મહામંત્રી અનિરુદ્ધ દવે રાજકોટ આવ્યા હતા જયાં સર્કીટ હાઉસ ખાતે શહેર ભાજપ પ્રમુખ માધવ દવે ધારાસભ્ય ઉદય કાનગડ, ડો.દર્શિતા શાહ, મહામંત્રીઓએ તેમનું સ્વાગત કર્યુ હતું. પ્રદેશ પ્રમુખ વિશ્વકર્મા પણ રાજકોટ પહોંચ્યા હતા. કાર્યક્રમ પૂર્ણ કર્યા બાદ સર્કિટ હાઉસ ખાતે પત્રકારો સાથેનો વાર્તાલાપ પણ અધ્યક્ષ વિશ્વકર્મા દ્વારા યોજવામાં આવ્યો હતો જેમાં પક્ષ દ્વારા કરવામાં આવતી કામગીરી અંગે ચર્ચા કરવામાં આવી હતી. સાથોસાથ તેઓએ જણાવ્યું હતું કે બે એપ્રિલ સુધીમાં સમગ્ર રાજ્યમાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીને ધ્યાને લઈ સેન્સ પ્રક્રિયા પણ પૂર્ણ કરી દેવામાં આવશે અને નિરીક્ષકોને પણ આ બાબતે સૂચિત કરી દેવામાં આવ્યા છે. બીજી તરફ ચૂંટણી માં કોઈ પણ વિઘ્ન ન આવે તે માટેની વ્યવસ્થા પણ હાથ ધરવા માટે જણાવવામાં આવ્યું છે. સાથોસાથ પત્રકારો સાથે વાતચીતમાં તેઓ જણાવ્યું હતું કે રાજકોટના મીષ્ઠાન સમગ્ર ગુજરાતમાં જાણીતા છે પરંતુ રાજકોટનું મીડિયા ને અવગણી ન શકાય.

બીજી તરફ પ્રદેશ અધ્યક્ષ જગદીશ વિશ્વકર્માએ જણાવ્યું હતું કે હાલ ચૂંટણીના નિયમો જે ગત વખત નિર્ધારિત કરવામાં આવ્યા હતા તેને જ યથાવત રાખવામાં આવ્યા છે હાલ ચૂંટણી સંકલન સમિતિ દ્વારા હજી સુધી આ બાબતનો કોઈ નિર્ણય લેવામાં આવ્યો નથી અને નિર્ણય લીધા બાદ જ નવા નિયમોની અમલવારી કરવી કે કેમ તે અંગે નિર્ણય લેવાશે પરંતુ હાલ ઉમેદવારોની પસંદગી ગત વખત જે રીતે નિર્ધારિત કરવામાં આવી હતી તે મુજબ જ થશે તેવું તેઓએ જણાવ્યું હતું.

# વડાપ્રધાનના કાર્યક્રમ અંતર્ગત ૨૦૦૦ એસટી બસ રિઝર્વ

## એસ.ટી.નાં જુદા-જુદા ૧૬-ડિવિઝનો માંથી નિગમ દ્વારા પી.એમ.ના કાર્યક્રમ માટે બસો લેવામાં આવી

રાજકોટ, તા. ૩૦

આજે વડાપ્રધાન ગુજરાતની મુલાકાતે આવી રહ્યા છે ત્યારે અનેકવિધ વિકાસ કામોની ભેટ રાજકોટ સહિતના જિલ્લાઓને મળશે ત્યારે એસટી ની ૨૦૦૦ થી વધુ બસ હાલ રોકી લેવામાં આવી છે ત્યારે જનમેદની કાર્યક્રમ સ્થળે ઉમટી પડે તે માટેના તમામ પ્રયત્નો હાલ રાજકીય પક્ષો દ્વારા હાથ ધરવામાં આવ્યા છે. હાલ ચૂંટણીના પડઘમ વાગી રહ્યા છે ત્યારે વડાપ્રધાન મોદી ની ગુજરાત મુલાકાત અનેકવિધ રીતે મહત્વની માનવામાં આવી રહી છે.

વડાપ્રધાન નરેન્દ્ર મોદી વિવિધ વિકાસ કામોનાં લોકાર્પણ અને ખાતમુહૂર્ત માટે ગુજરાતની મુલાકાતે આવી રહ્યા છે.ત્યારે જનમેદની સરળતા પુર્વક અવર-જવર કરી શકે તે માટે એસ.ટી.ની બે હજારથી વધુ બસોને રોકી લેવામાં આવી છે.સમગ્ર રાજયનાં એસ.ટી.નાં જુદા-જુદા ૧૬-ડિવિઝનો માંથી નિગમ દ્વારા પી.એમ.ના કાર્યક્રમ માટે બસો લેવામાં આવી છે.એસ.ટી.નિગમનાં સતાવાર સૂત્રોનાં જણાવ્યા મુજબ રાજકોટ, જૂનાગઢ, અમરેલી,અને ભૂજ ડિવીઝન માંથી પણ પી.એમનાં કાર્યક્રમ માટે બસો રોકવામાં આવી છે.




રાજકોટ વિભાગમાંથી જ પીએમનાં કાર્યક્રમ માટે ૧૫૦ જેટલી બસો આજે રવાના કરી દેવામાં આવી છે. એસ.ટી.નાં સુત્રો માંથી પ્રાપ્ત વિગતો અનુસાર એક સાથે બે હજાર જેટલી બસો રોકી લેવાતા આજે અને આજે ૧૫ થી ૨૦ ટકા જેટલા રૂટો અને ટ્રીપો કેન્સલ કરવા પડશે.ઉલ્લેખનિય છે કે અનેક વખત જુદા-જુદા કાર્યક્રમો માટે એસ.ટી.ની સંખ્યા બંધ, બસોને રોકી લેવામાં આવે છે. જેનાં કારણે વારંવાર એસ.ટી.તંત્રને સંખ્યાબંધ રૂટો બંધ રાખવાની ફરજ પડે છે. ખાસ કરીને જુદા-જુદા કાર્યક્રમોમાં બસો રોકી લેવાય છે. તેની સૌથી વધુ અસર ગ્રામ્ય રૂટોને થાય છે. સૌથી વધુ ગ્રામ્ય રૂટો કેન્સલ કરવા પડતા હોય ગ્રામ્ય જનતાને હેરાનગતી ભોગવવ પડે છે.

# કાલે અંતિમ મતદાર યાદી થશે પ્રસિદ્ધ

## જિલ્લાના કલેકટરો તથા ચૂંટણી અધિકારીઓને ખાસ આદેશ મતદારયાદી પ્રસિદ્ધ થયા બાદ ચૂંટણી આયોગને મોકલવો પડશે રિપોર્ટ

રાજકોટ, તા. ૩૦

મહાનગરપાલિકા તથા જિલ્લા પંચાયતની ચૂંટણીઓ માટેનું કાઉનડાઉન શરૂ થઈ ચૂક્યું છે. ત્યારે પ્રથમ મતદાર યાદી વહીવટી તંત્ર દ્વારા રજૂ કરવામાં આવી છે અને અંતિમ મતદાર યાદી આવતીકાલે પ્રસિદ્ધ કરવામાં આવશે જે અંગેનો રિપોર્ટ રાજ્ય ચૂંટણી આયોગને મોકલી આપવામાં આવ્યો છે. મળતી માહિતી મુજબ રાજ્યના તમામ કલેકટરો અને ચૂંટણી અધિકારીઓને પણ આદેશ રાજ્ય ચૂંટણી આયોગ દ્વારા કરવામાં આવ્યો છે. સ્થાનિક સ્વરાજની ચૂંટણીના પડઘમ વાગતા જ રાજકીય ગરમાવો વ્યાપી જવા પામેલ છે. રાજકોટ જિલ્લામાં રાજકોટ મ્યુ. કોર્પોરેશન રાજકોટ જિલ્લા પંચાયત અને ગોંડલ નગરપાલિકાની ચૂંટણી માટે વહીવટી તંત્ર સજજ બનવા લાગેલ છે. રાજયમાં ૧૫ મહાનગર પાલિકા, ૮૪ નગરપાલિકા, ૩૪ જિલ્લા પંચાયતો, ૨૬૦ તાલુકા પંચાયતોની સામાન્ય ચૂંટણી અને નગરપાલિકાઓની ખાલી પડેલ બેઠકોની પેટા ચૂંટણી યોજાનાર છે.

સ્થાનિક સ્વરાજની ચૂંટણીની મતદાર યાદીની પ્રસિધ્ધિ બાદ સ્થાનિક સ્વરાજની ચૂંટણીની મતદાર યાદીની પ્રસિધ્દિની સાથે જ ચાલુ સપ્તાહમાં જ સ્થાનિક સ્વરાજની ચૂંટણીનું જાહેરનામુ પણ પ્રસિધ્ધ થવાની શકયતા વ્યકત કરવામાં આવી રહી છે. એ સ્થાનિક સ્વરાજની ચૂંટણીનું જાહેરનામુ પ્રસિધ્ધ થતાની સાથે જ આદર્શ આચાર સંહિતા લાગુ પડી જશે આ વખતે નવા મતદારો ચૂંટણીમાં નિર્ણાયક સાબીત થશે. સ્થાનિક સ્વરાજની ચૂંટણીમાં બેઠકો કબ્જે કરવા માટે રાજકીય પક્ષોએ પણ ઉમેદવારોની યાદી તૈયાર કરવા અને મતદારોને રીઝવવા માટે કવાયત અત્યારથી જ શરૂ કરી દીધી છે. આ વાતની ગંભીરતા ને ધ્યાને લઈ આ રાજકીય પક્ષો દ્વારા પણ તમામ જરૂરી પગલાંઓ લેવામાં આવી રહ્યા છે અને સમીકરણો પણ મતદાન યાદીને આધીન જ હાથ ધરાશે જ્યારે રાજ્ય ચૂંટણી આયોગ દ્વારા જે રોસ્ટર રજૂ કરવામાં આવ્યું છે અને હાલ ચૂંટણી પંચ દ્વારા જે મતદારયાદી પ્રસિદ્ધ કરવામાં આવી છે તેનાથી કયા રાજકીય પક્ષને ફાયદો થશે તે તો આવનારો સમય જણાવશે પરંતુ હાલ પ્રક્રિયા શરૂ થઈ ચૂકી છે તેમાં કોઈ શંકાને સ્થાન નથી અને આવતીકાલે અંતિમ મતદારયાદી પણ પ્રસિદ્ધ કરી દેવામાં આવશે. ત્યારે સ્થાનિક પ્રશાસન દ્વારા તૈયારીઓને આખરી ઓફ આપવામાં આવી રહ્યો છે અને હાલ સૂત્રોના જણાવ્યા અનુસાર બીજી એપ્રિલના રોજ ચૂંટણી જાહેર થાય તેવી પણ શક્યતાઓ સેવાઈ રહી છે.

# સબ રજિસ્ટ્રાર કચેરીઓમાં પ્રાથમિક સુવિધા થશે ઉપલબ્ધ

## રાજ્યની તમામ મહેસુલી અને સબ રજિસ્ટ્રાર કચેરીઓમાં અરજદારો માટે પ્રાથમિક સુવિધા ઉપલબ્ધ કરવા મહેસુલ વિભાગના સચિવ દ્વારા તાકિદ



રાજકોટ, તા. ૩૦

રાજકોટ શહીદ સમગ્ર રાજ્યમાં હાલ સરકારી કચેરીઓમાં આવતા હરસદારો માટે ખાસ વ્યવસ્થા એટલે કે માળખાગત સુવિધા વિકસાવવા માટેની તૈયારીઓ હાથ ધરવામાં આવેલી છે અને ખાસ રાજ્યની તમામ મહેસૂલી કચેરીઓમાં અરજદારો માટે પ્રાથમિક સુવિધા ઉભી કરવામાં આવે તે માટેના આદેશ પણ રાજ્ય સરકાર દ્વારા કરવામાં આવ્યા છે. આ વાતની ગંભીરતાને ધ્યાને લઈ જિલ્લા કલેકટરો સાથે અનેકવિધ ચર્ચાઓ પણ કરવામાં આવી હતી અને છેલ્લે મહેસુલ સચિવ દ્વારા આદેશ પણ કરવામાં આવ્યો હોવાનું હાલ સૂત્રો જણાવી રહ્યા છે.

રાજ્યની તમામ મહેસુલી અને સબ રજિસ્ટ્રાર કચેરીઓમાં અરજદારો માટે પ્રાથમિક સુવિધા ઉપલબ્ધ કરવા મહેસુલ વિભાગના સચિવ દ્વારા તાકિદ કરવામાં આવી છે. મહેસુલ વિભાગના સચિવ દ્વારા રાજ્યભરના જિલ્લા કલેક્ટરો અને અધિકારીઓ સાથે યોજાયેલ વીડિયો કોન્ફરન્સમાં રાજ્યભરની મહેસુલી-સબ રજિસ્ટ્રાર કચેરીઓ કે જ્યાં અરજદારોની સતત અવરજવર રહેતી હોય છે .

ત્યાં અરજદારો માટે પાયાની સુવિધા જેવી કે સ્વચ્છ શૌચાલય, પીવાના શુધ્ધ પાણી (પરબ) અને બેસવા માટે જરૂરી બાકડાની વ્યવસ્થા સુનિશ્ચિત કરવા મહેસુલ વિભાગના સચિવ દ્વારા આદેશ આપવામાં આવેલ છે. અહીં એ ઉલ્લેખનીય છે કે રાજકોટ શહેરની પણ કેટલીક મહેસુલી કચેરીઓમાં પાયાની સુવિધાનો અભાવ રહેલો છે. અરજદારોને બેસવા માટે બાંકડા નથી. સંડાસ-બાથરૂમની પણ યોગ્ય રીતે સાફ-સફાઇ થતી ન હોવાની ફરિયાદો ઉઠતી રહી છે. હાલ ઉનાળાના આકરા તાપમાં કચેરીઓમાં બેસવાના બાકડાના અભાવે અરજદારોને ઉભા રહેવું પડે છે. આવી કચેરીઓમાં અરજદારોને પાયાની સુવિધા મળી રહે તે માટે પગલા લેવા માટે જરૂરી આદેશ કરવામાં આવેલ છે.

# પુરવઠા નિયંત્રણ માટે જિલ્લા કક્ષાની સમિતિ

## જિલ્લા કલેક્ટરના અધ્યક્ષ સ્થાને સમિતિની બેઠકમાં જિલ્લામાં પેટ્રોલ, ડીઝલ, ગેસના પુરવઠા અને આપૂર્તિ સહિતની બાબતોની વિગતવાર સમીક્ષા કરાઈ



રાજકોટ, તા. ૩૦

રાજકોટ જિલ્લામાં પેટ્રોલ, ડીઝલ, રાંધણ ગેસ સહિતની આવશ્યક ચીજવસ્તુઓના પુરવઠાના નિયંત્રણ માટે રાજ્ય સરકારની સૂચના મુજબ, જિલ્લા કલેકટરના અધ્યક્ષસ્થાને જિલ્લા કક્ષાની એક સમિતિની રચના કરવામાં આવી છે. જેમાં સભ્ય તરીકે જિલ્લા વિકાસ અધિકારી, પોલીસ અધિક્ષક , જિલ્લા પ્રાથમિક શિક્ષણ અધિકારી, આર.ટી.ઓ., મદદનીશ શ્રમ કમિશનર, મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી સિવિલ સર્જન, જિલ્લા ઉદ્યોગ કેન્દ્રના મેનેજર, ઓલ માર્કેટિંગ કંપનીના જિલ્લા કક્ષાના અધિકારી, જિલ્લા પુરવઠા અધિકારી, નાયબ માહિતી નિયામકનો સમાવેશ કરવામાં આવ્યો છે.

રાજકોટ જિલ્લા કલેક્ટર ડો. ઓમ પ્રકાશના અધ્યક્ષસ્થાને આ સમિતિની બેઠક કલેક્ટર કચેરી ખાતે યોજવામાં આવી હતી. જેમાં રાજકોટ જિલ્લામાં પેટ્રોલ, ડીઝલ, એલ.પી.જી. ગેસના સ્ટોક, સપ્લાય તેમજ ઉપયોગ સહિતની બાબતોની વિગતવાર વિશદ ચર્ચા કરવામાં આવી હતી. આઈ.ઓ.સી.એલ., એચ.પી.સી.એલ., બી.પી.સી.એલ. જેવી ઓઈલ માર્કેટિંગ કંપનીઓ પાસેથી વિગતો મેળવી રિવ્યુ કરવામાં આવ્યો હતો. જેમાં કંપનીઓ તરફથી જણાવાયું હતું કે, રાજકોટ જિલ્લામાં પેટ્રોલ, ડીઝલ, એલ.પી.જી., પી.એન.જી. સી.એન.જી.ની કોઈ અછત નથી, સપ્લાય નોર્મલ છે અને બધાને પૂરતો જથ્થો મળી રહે છે. જિલ્લામાં પૂરતો બફર સ્ટોક હોવાનું પણ સુનિશ્ચિત કરાયો હોવા અંગે કંપનીઓ દ્વારા જણાવવામાં આવ્યું હતું.

કેન્દ્ર સરકારની ગાઈડલાઈન મુજબ, હોસ્પિટલો, હોસ્ટલ્સ, વૃધ્ધાશ્રમ, અંધજન મંડળ સહિતની સંસ્થાઓ વગેરેને કોમર્શિયલ ગેસ પુરવઠો પૂરતો મળી રહે તે સુનિશ્ચિત કરવા કલેક્ટર દ્વારા ડી.એન.ઓ.ને સૂચના આપવામાં આવી હતી. ઉપરાંત જીવન જરૂરી અને આવશ્યક સેવાઓ સાથે સંકળાયેલા વિવિધ વ્યવસાયો જેવા કે દવા ઉદ્યોગો, ડેરી ઉદ્યોગો, સીડ પ્રોસેસિંગ ઇન્ડસ્ટ્રી, રેલવે કેન્ટીન, ફૂડ પ્રોસેસિંગ વગેરે ઉદ્યોગોને પણ સરકારના ધારાધોરણ મુજબ ગેસ પુરવઠો મળી રહે તે બાબતે યોગ્ય વ્યવસ્થા જાળવી રાખવા ડી.એન.ઓ.ને કલેક્ટરશ્રી દ્વારા સૂચના આપવામાં આવી હતી. જિલ્લામાં રાંધણ ગેસના અભાવે કોઈપણ શ્રમિક માઇગ્રેશન ન કરે તેની ચિંતા કરવામાં આવી હતી અને શ્રમિકોને પાંચ-પાંચ કિલોના ગેસના બાટલા ઝડપથી ઉપલબ્ધ કરવા માટેની વ્યવસ્થા તત્કાલ ઊભી કરવા ડી.એન.ઓ.ને સૂચના આપવામાં આવી હતી.

રાજકોટ શહેર-જિલ્લામાં ઘરેલું પી.એન.જી. કનેક્શનનો વ્યાપ વધારવા માટે ગુજરાત ગેસને અધ્યક્ષસ્થાનેથી સૂચના આપવામાં આવી હતી. જિલ્લાની વિવિધ હોસ્પિટલ્સ તથા આરોગ્ય સંસ્થાઓ, સરકારી, અર્ધ સરકારી, ખાનગી શૈક્ષણિક સંસ્થાઓ, હોસ્ટેલ્સ, ભોજનની સેવા આપતી સેવાભાવી સંસ્થાઓને ઝડપથી પી.એન.જી. ગેસ કનેક્શન સત્વરે ઉપલબ્ધ કરાવવા માટે પણ સૂચના આપવામાં આવી હતી. પી.એન.જી. ડિસ્ટ્રીબ્યુશન કંપનીને નવા ગેસ કનેક્શન ઝડપથી આપી શકાય તે માટે ખોદકામ સહિતની મંજૂરીઓ સંબંધિત વિભાગ દ્વારા ૨૪ કલાકમાં મળી જાય તે બાબતે અધ્યક્ષશ્રી દ્વારા સૂચના આપવામાં આવી હતી.

રાજકોટ મિરર
તંત્રીની કલમે

# ચારેકોર જૂથવાદ

## દરેક પક્ષની સમસ્યા, મોવડી મંડળના પાવર-કુનેહની રસોટી



ગુજરાતમાં ચૂંટણી જાહેર નથી થઈ, પણ પ્રચારના નગારે ઘા થઈ ગયા છે.રાહુલ ગાંધી બાદ આજે વડાપ્રધાન નરેન્દ્ર મોદી ગુજરાત આવ્યા છે.રાજકીય ગતિવિધિ તેજ બની છે.રાજનીતિમાં કેટલીક સમસ્યાઓ સાર્વત્રિક હોય છે, જે દરેક પક્ષને પાયામાંથી હચમચાવતી રહે છે. આ પૈકી 'જૂથવાદ' એક એવું વળગણ છે જે લોકશાહીના દરેક મંચ પર જોવા મળે છે. ગુજરાતના રાજકારણમાં અત્યારે ચૂંટણીનો ગરમાવો વધી રહ્યો છે, ત્યારે ભાજપ અને કોંગ્રેસ બંને પક્ષો માટે આ આંતરિક ખેંચતાણ માથાના દુખાવા સમાન બની છે. ખાસ કરીને સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓની તૈયારીઓ વચ્ચે પક્ષના મોવડી મંડળ માટે અસંતુષ્ટોને સાચવવા એ લોઢાના ચણા ચાવવા જેવું કામ છે.

ગુજરાત કોંગ્રેસમાં જૂથવાદ દાયકાઓ જૂની પરંપરા રહી છે. અહીં સંગઠન કરતા નેતાઓના વ્યક્તિગત પ્રભાવ અને તેમના જૂથો વધુ સક્રિય હોય છે. ટિકિટ વિતરણ સમયે આ જૂથો એકબીજાના પત્તાં કાપવા માટે એડીચોટીનું જોર લગાવે છે. આ આંતરિક કલહને કારણે ઘણીવાર મજબૂત જનધારા હોવા છતાં પક્ષને પછડાટ ખાવી પડે છે. કાર્યકરો પણ નેતાઓના જૂથોમાં વહેંચાઈ જતા હોવાથી ચૂંટણી મેદાનમાં સંયુક્ત શક્તિનો અભાવ વર્તાય છે.

બીજી તરફ, ભાજપ હંમેશા તેની શિસ્તબદ્ધ કાર્યશૈલી માટે જાણીતો રહ્યો છે. અગાઉના વર્ષોમાં ભાજપમાં જૂથવાદ ભાગ્યે જ સપાટી પર આવતો, કારણ કે મોવડી મંડળના આદેશને આખરી માનવામાં આવતો હતો. જોકે, હવે સ્થિતિ બદલાઈ છે. સત્તાનું કદ વધતા ભાજપમાં પણ હવે જૂથવાદ ખુલ્લેઆમ દેખાવા લાગ્યો છે. ખાસ કરીને રાજકોટ અને સૌરાષ્ટ્ર જેવા મજબૂત ગઢમાં નેતાઓ વચ્ચેનું ગજગ્રાહ હવે છૂપો રહ્યો નથી. સહકારી ક્ષેત્ર હોય કે સ્થાનિક સંસ્થાઓ, નેતાઓ પોતાની પકડ જાળવી રાખવા માટે આડકતરી રીતે શક્તિ પ્રદર્શન કરતા રહે છે.

ચૂંટણીના સમયે જ્યારે ટિકિટની ફાળવણી થાય છે, ત્યારે આ જૂથવાદ તીવ્ર બને છે. જે પક્ષનું નેતૃત્વ કુનેહપૂર્વક આ આંતરિક સંઘર્ષને ડામી શકે અને તેની અસર ચૂંટણી પરિણામો પર ન પડવા દે, તે જ પક્ષ શક્તિશાળી સાબિત થાય છે. હાલના રોમાંચક માહોલમાં કયો પક્ષ પોતાના અસંતુષ્ટોને મનાવીને મેદાન ફતેહ કરે છે તે જોવું રસપ્રદ રહેશે. રાજકીય ચાણક્યો માટે આ સમય સંગઠનને એકતાંતણે બાંધવાની ખરી કસોટીનો છે.

નેતાઓ કરતા લોકોમાં રહેલો અસંતોષ વધારે નડતરરુપ સાબિત થતો હોય છે.જો કે મોટાભાગે પક્ષોનું ફોકસ લોકોના અસંતોષ પર હોતું નથી.પ્રચારમાં માઈન્ડ ગેમ ખેલીને લોકોને અસંતોષ ભૂલાવી દેવાની રણનીતિ પ્રચલિત બની ગઇ છે.

# ૨૦૨૭ની વસ્તી ગણતરી માટેની તૈયારીઓ અંતિમ તબક્કામાં

## પ્રથમ તબક્કો ૧ એપ્રિલથી શરૂ : વસ્તી ગણતરીના પ્રથમ તબક્કા માટે ક્ષેત્રીય કામગીરી આગામી મહિને ૧ એપ્રિલથી કેટલાક રાજ્યોમાં શરૂ થશે.




નવીદિલ્હી, તા. ૩૦

આગામી વસ્તી ગણતરી માટેની તમામ તૈયારીઓ અંતિમ તબક્કામાં છે, અને વસ્તી ગણતરી પ્રક્રિયા ટૂંક સમયમાં શરૂ થવાની છે. દરમિયાન, ભારતના રજિસ્ટ્રાર જનરલ અને વસ્તી ગણતરી કમિશનર મૃત્યુંજય કુમાર નારાયણે સોમવારે જણાવ્યું હતું કે ૨૦૨૭ ની વસ્તી ગણતરી સંબંધિત પ્રવૃત્તિઓમાં નોંધપાત્ર પ્રગતિ થઈ છે. વસ્તી ગણતરીના પ્રથમ તબક્કા માટે ક્ષેત્રીય કામગીરી આગામી મહિને ૧ એપ્રિલથી કેટલાક રાજ્યોમાં શરૂ થશે. તેમણે એમ પણ કહ્યું કે વસ્તી ગણતરીની સરખામણી SIR સાથે ન કરવી જોઈએ.

વસ્તી ગણતરી કમિશનર નારાયણે જણાવ્યું હતું કે ૨૦૨૭ ની વસ્તી ગણતરી સમગ્ર દેશમાં બે તબક્કામાં પૂર્ણ થશે, અને આ વખતે ગણતરીનું કાર્ય ડિજિટલ રીતે કરવામાં આવશે. તેમણે જણાવ્યું હતું કે પ્રથમ તબક્કો અંતિમ વસ્તી ગણતરી માટે માળખા તરીકે કામ કરશે. આ પ્રક્રિયા માટે આશરે ૩.૧ મિલિયન ગણતરીકારો અને સુપરવાઇઝર અને ૧૦૦,૦૦૦ થી વધુ વસ્તી ગણતરી કાર્યકરો તૈનાત કરવામાં આવશે. વધુમાં, રહેવાસીઓ સ્વ-ગણતરી કરી શકશે. આ સ્વ-ગણતરી સુવિધા ફક્ત તે લોકો માટે જ ઉપલબ્ધ હશે જેઓ દેશમાં રહે છે.

વસ્તી ગણતરી અંગે નારાયણે જણાવ્યું હતું કે, ૨૦૨૭ ની વસ્તી ગણતરી હાથ ધરવાના ઈરાદાની જાહેરાત કરતું ગેઝેટ નોટિફિકેશન ૧૬ જૂન, ૨૦૨૫ ના રોજ જારી કરવામાં આવ્યું હતું. પ્રથમ તબક્કા માટે નોટિફિકેશન ૭ જાન્યુઆરી, ૨૦૨૬ ના રોજ જારી કરવામાં આવ્યું હતું. વસ્તી ગણતરી માટે ઘરયાદી ૧ એપ્રિલથી સપ્ટેમ્બર ૨૦૨૬ ની વચ્ચે હાથ ધરવામાં આવશે, જ્યારે ગણતરી ઘરયાદી પહેલા ૧૫ દિવસના સમયગાળામાં પૂર્ણ કરવામાં આવશે. નારાયણે માહિતી આપી હતી કે વસ્તી ગણતરીના બીજા તબક્કાને લગતા પ્રશ્નો અંગેની સૂચના આગામી થોડા મહિનામાં જારી કરવામાં આવશે. આ તબક્કા દરમિયાન જાતિની પણ ગણતરી કરવામાં આવશે, કારણ કે કેબિનેટે તેને મંજૂરી આપી છે. જોકે, જાતિ ગણતરી માટેની પદ્ધતિ હજુ સુધી અંતિમ સ્વરૂપ આપવામાં આવી નથી. બીજા તબક્કામાં ધર્મની પણ ગણતરી કરવામાં આવશે.

૨૦૨૭ ની વસ્તી ગણતરી વિશે વધુ વિગતો આપતા, કમિશનર નારાયણે સમજાવ્યું કે ગણતરીકારો ડેટા એકત્રિત કરવા માટે તેમના વ્યક્તિગત મોબાઇલ ફોનનો ઉપયોગ કરશે, જ્યારે સ્વ-ગણતરી પોર્ટલ ૧૬ ભાષાઓમાં ઉપલબ્ધ હશે, અને આ હેતુ માટે ૧૬-અંકનો ID જારી કરવામાં આવશે. આવી સ્થિતિમાં, જ્યારે ગણતરીકર્તાઓ તમારા ઘરે આવે છે, ત્યારે તેમણે તે ઓળખપત્ર સબમિટ કરવું પડશે જેથી પૂરી પાડવામાં આવેલી માહિતીની ચકાસણી કરી શકાય. તેમણે એ પણ સ્પષ્ટ કર્યું કે વસ્તી ગણતરી દરમિયાન કોઈ દસ્તાવેજો કે પુરાવા રજૂ કરવાની જરૂર રહેશે નહીં.

ડેટાની ગુપ્તતાની ખાતરી આપતા, વસ્તી ગણતરી કમિશનરે જણાવ્યું હતું કે વસ્તી ગણતરીનો ડેટા સંપૂર્ણપણે ગુપ્ત રહેશે અને કોઈની સાથે શેર કરવામાં આવશે નહીં. લોકો પાસેથી એકત્રિત કરવામાં આવેલા ડેટાનો ઉપયોગ કોર્ટ કાર્યવાહીમાં કરવામાં આવશે નહીં. તેમણે ઉમેર્યું હતું કે લોકો તેમની માહિતી સત્યતાથી શેર કરે તે અત્યંત મહત્વપૂર્ણ છે. વસ્તી ગણતરી દરમિયાન આપવામાં આવેલી માહિતીની કોઈપણ પ્રકારની ચકાસણી માટે કોઈ જોગવાઈ નથી. આ દેશની ૧૬મી વસ્તી ગણતરી છે, સ્વતંત્રતા પછી ૮મી અને ૨૦૧૧ પછી પહેલી વસ્તી ગણતરી છે. દર ૧૦ વર્ષે હાથ ધરવામાં આવતી વસ્તી ગણતરી ૨૦૨૧ માં હાથ ધરવામાં આવનાર હતી પરંતુ કોવિડ-૧૯ રોગચાળાને કારણે મુલતવી રાખવામાં આવી હતી. છેલ્લી વસ્તી ગણતરી ૨૦૧૧ માં કરવામાં આવી હતી.

# પ્રોજેક્ટ કુશા શું છે?

## ભારતની સ્વદેશી જ-૪૦૦ વાયુ સંરક્ષણ પ્રણાલી કેટલી અસરકારક અને ક્યારે થશે તૈયાર ?

રાજકોટ, તા. ૩૦

ભારતની સ્વદેશી લાંબા અંતરની હવાઈ સંરક્ષણ પ્રણાલી, 'પ્રોજેક્ટ કુશા' હવે ઝડપથી આગળ વધી રહી છે. ભારતીય વાયુસેના (IAF) એ પાંચ સ્ક્વોડ્રન ખરીદવાની મંજૂરી આપી છે, જે પ્રોજેક્ટને પ્રારંભિક ઉત્પાદનના મહત્વપૂર્ણ તબક્કામાં લાવે છે. આ સોદાની કુલ કિંમત આશરે ₹૨૧,૭૦૦ કરોડ હોવાનો અંદાજ છે. સંરક્ષણ સંશોધન અને વિકાસ સંગઠન (DRDO) એ તાજેતરમાં ખ૧ ઇન્ટરસેપ્ટર મિસાઇલના પ્રારંભિક ઉડાન પરીક્ષણો સફળતાપૂર્વક પૂર્ણ કર્યા છે, જે ૨૦૨૬ ની શરૂઆતમાં લોન્ચ કરવાની યોજના ધરાવે છે. આ મિસાઇલ ડ્યુઅલ-પલ્સ સોલિડ રોકેટ મોટરથી સજ્જ છે, જે તેને અંતિમ તબક્કામાં ઝડપી અને સચોટ હુમલો કરવા સક્ષમ બનાવે છે. M1 મિસાઇલની રેન્જ આશરે ૧૫૦ કિલોમીટર છે અને ૨૦૨૬ ના અંત સુધીમાં મોટા પાયે વપરાશકર્તા પરીક્ષણો માટે તૈયાર કરવામાં આવી રહી છે.



પ્રોજેક્ટની વિશિષ્ટ વિશેષતા એ છે કે ઉત્પાદન પરીક્ષણ સાથે એકસાથે શરૂ થયું છે. ભારત ઇલેક્ટ્રોનિક્સ લિમિટેડ અને ભારત ડાયનેમિક્સ લિમિટેડ પ્રારંભિક મિસાઇલ અને ગ્રાઉન્ડ સિસ્ટમ્સ વિકસાવી રહ્યા છે. આ પગલું આ સિસ્ટમ માટે લશ્કરની તાત્કાલિક જરૂરિયાત અને સ્વદેશી ટેકનોલોજીમાં તેના મજબૂત વિશ્વાસને દર્શાવે છે. આ એર ડિફેન્સ સિસ્ટમમાં મલ્ટી-ફંક્શન કંટ્રોલ રડાર (MFCR), બેટલ મેનેજમેન્ટ રડાર અને મોબાઇલ લોન્ચ યુનિટ્સનો સમાવેશ થાય છે. આ સિસ્ટમ સીધી IACCS સાથે જોડાયેલ હશે, જે વાસ્તવિક સમયમાં માહિતી શેર કરીને ઝડપી કાર્યવાહીને સક્ષમ બનાવશે.

વ્યૂહાત્મક રીતે, પ્રોજેક્ટ કુશાને રશિયાની S-400 સિસ્ટમના ભાવિ વિકલ્પ તરીકે કલ્પના કરવામાં આવી છે. આ સિસ્ટમ વિદેશી સિસ્ટમો કરતાં નોંધપાત્ર રીતે સસ્તી છે અને સોફ્ટવેરથી લઈને અપગ્રેડ સુધી સંપૂર્ણ ભારતીય નિયંત્રણ ધરાવશે. ડ્રોન હુમલા, સ્ટીલ્થ ટેકનોલોજી અને એક સાથે અનેક મિસાઇલ હુમલાઓ જેવા આધુનિક જોખમોને સંબોધવા માટે રચાયેલ, આ સિસ્ટમ ભારતને એક મજબૂત અને આત્મનિર્ભર હવાઈ સંરક્ષણ પ્રણાલી પ્રદાન કરશે. પ્રોજેક્ટ કુશા ભારતની સુરક્ષા માટે એક મુખ્ય ગેમ ચેન્જર સાબિત થઈ શકે છે.

પ્રોજેક્ટ કુશાને તમામ પ્રકારના હવાઈ ખતરાઓનો સામનો કરવા માટે ત્રણ તબક્કામાં ડિઝાઇન કરવામાં આવ્યો છે: M1 (૧૫૦ કિમી) ફાઇટર જેટ, ડ્રોન અને ક્રુઝ મિસાઇલો સામે M2 (૨૫૦ કિમી) સ્ટીલ્થ એરક્રાફ્ટ અને ઝડપી ખતરા માટે (પરીક્ષણ ૨૦૨૭) AWACS અને એર ટેન્કર જેવા મોટા લક્ષ્યો માટે M3 (૩૫૦-૪૦૦ કિમી) (પરીક્ષણ ૨૦૨૮) આ સિસ્ટમમાં ૮૦% થી વધુની સિંગલ-શોટ કિલ ક્ષમતા હોવાનું કહેવાય છે. ભારતની સ્વદેશી લાંબા અંતરની હવાઈ સંરક્ષણ પ્રણાલી, પ્રોજેક્ટ કુશા, હવે ઝડપથી પ્રગતિ કરી રહી છે. વ્યૂહાત્મક રીતે, પ્રોજેક્ટ કુશાને રશિયાની S-400 સિસ્ટમના સંભવિત ભવિષ્યના વિકલ્પ તરીકે જોવામાં આવે છે.

# મહારાષ્ટ્રમાં પવાર પરિવારનો નવો રાજકીય ખેલ

નવીદિલ્હી, તા. ૩૦

બે મહિના પહેલા વિમાન દુર્ઘટનામાં ભૂતપૂર્વ નાયબ મુખ્યમંત્રી અજિત પવારના મૃત્યુ બાદ મહારાષ્ટ્રનો રાજકીય માહોલ સંપૂર્ણપણે બદલાઈ ગયો છે. શરદ પવારના રાષ્ટ્રવાદી કોંગ્રેસ પાર્ટી (NCP) ના નેતા અને તેમના ભત્રીજા રોહિત પવાર વિમાન દુર્ઘટનાની તપાસની માંગણી કરી રહ્યા છે, ત્યારે તેમના પુત્ર પાર્થ પવારે સોમવારે રાજ ઠાકરે સાથે મુલાકાત કરીને રાજ્યના રાજકારણમાં એક નવો હલચલ મચાવી દીધી છે. પાર્થ પવારે મુંબઈના શિવાજી પાર્કમાં રાજ ઠાકરેના નિવાસસ્થાન, શિવતીર્થ બંગલોની મુલાકાત લીધી હતી. આ મુલાકાત લગભગ દોઢ કલાક ચાલી હતી. જોકે, બેઠકની વિગતો અને બેઠકના પરિણામ અંગે કોઈ સ્પષ્ટતા નથી, અને બંને પક્ષે કોઈ સ્પષ્ટતા આપી નથી.

અજિત પવારના પુત્ર પાર્થ પુણે જમીન કૌભાંડમાં ફસાયેલા છે. જ્યારે તેમનું નામ સામે આવ્યું ત્યારે મહારાષ્ટ્ર નવનિર્માણ સેના (MNS) ના નેતા રાજ ઠાકરેએ તેમનો બચાવ કર્યો હતો અને ખુલ્લેઆમ નિંદા કરી હતી. વધુમાં, મ્યુનિસિપલ ચૂંટણીઓ પછી, ઉદ્ધવ ઠાકરે અને રાજ ઠાકરે વચ્ચે કોઈ જાહેર સભાઓ થઈ નથી, જેમ કે મુંબઈ મ્યુનિસિપલ કોર્પોરેશન (BMC) ની ચૂંટણીઓ દરમિયાન બંને નેતાઓ વચ્ચે જોવા મળી હતી. એવું પણ કહેવામાં આવી રહ્યું છે કે મોટાભાગના નેતાઓ ઉદ્ધવ ઠાકરેની શિવસેનાથી નારાજ છે કારણ કે રાજની પાર્ટી બીએમસીમાં એક પણ બેઠક (કોર્પોરેટર) જીતી શકી નથી.

પાર્થ પવાર અને અજિત પવારના સમર્થકો પણ એનસીપીના પ્રદેશ પ્રમુખ સુનીલ તટકરેથી નારાજ હોવાનું કહેવાય છે. રાયગઢ જિલ્લામાં જિલ્લા પંચાયત અને મ્યુનિસિપલ કાઉન્સિલની ચૂંટણીના સભ્યોના સન્માન માટે લગાવવામાં આવેલા બેનરોમાં ફક્ત સુનીલ તટકરે અને તેમની મંત્રી પુત્રી અદિતિ તટકરેના ફોટા, તટકરે પરિવાર સાથે દર્શાવવામાં આવ્યા હતા. આ બેનર પર અજિત પવાર કે સુનેત્રા પવારના ફોટા દર્શાવવામાં આવ્યા ન હતા, જેના કારણે અજિત પવારના સમર્થકો નારાજ થયા છે. જોકે, વિવાદ વધતો ગયો તેમ સુનીલ તટકરેએ દુઃખ વ્યક્ત કર્યું અને રાયગઢ જિલ્લામાં એનસીપીના કાર્યકરોને દરેક બેનર પર પાર્ટી પ્રમુખ અને સ્વર્ગસ્થ અજિત પવારના ફોટા શામેલ કરવાની સલાહ આપી.

આગામી ત્રણ વર્ષ સુધી મહારાષ્ટ્રમાં કોઈ ચૂંટણી ન હોવાથી, એવું લાગે છે કે પાર્થ પોતાની પાર્ટીને આગળ વધારવા અને યુવા દળ તરીકે નવા ચહેરાઓ લાવવાની જવાબદારી પોતાના પર લઈ રહ્યા છે. આ બેઠક રાજ્યના રાજકારણમાં ચર્ચાનો વિષય રહી છે. જ્યારે અજિત પવારના પુત્ર પાર્થનું નામ પુણે જમીન કૌભાંડમાં સામે આવ્યું, ત્યારે મહારાષ્ટ્ર નવનિર્માણ સેનાના નેતા રાજ ઠાકરેએ તેમનો બચાવ કર્યો અને ખુલ્લેઆમ આ આરોપની નિંદા કરી.



અજિત પવારના પુત્ર મુંબઈમાં રાજ ઠાકરેને મળ્યા

# શબ્દ બ્રહ્મ

## સદગુરૂ કૃપા હી કેવલમ્...

## પ્રાસંગિક

### જય હાટકેશ! કહી સૌને પોતીકાં બનાવનારા નાગરોનાં ઈષ્ટદેવ હાટકેશ્વરને ચરણે વંદન



આવતીકાલે ચૈત્ર સુદ ચૌદસ છે, અને આ દિવસને હાટકેશ્વર જયંતિ તરિકે ઉજવવામાં આવે છે. હાટકેશ્વર એ શિવનું જ એક સ્વરૂપ છે, અને અમારા નાગરનાં ઈષ્ટદેવ છે, તો તે નિમિત્તે હાટકેશ્વર દાદાના ચરણોમાં સમસ્ત નાત તરફથી કોટી કોટી વંદન, અને નાગરોને વિચારવાન બનાવી સદા ગર એટલે કે વેરઝેર મુક્ત રાખવાં માર્ગદર્શન કરતાં રહે એવી એક પ્રાર્થના. જન્મથી કોઈ વરણ નક્કી નથી થતું! એ વાત સાથે પૂર્ણ પણે સમર્થન છે! પરંતુ સમયની માંગ છે, કે હવે વૈશ્વિક રીતે વસુધૈવ કુટુંબની ભાવના માટે મનમાંથી ઝેર અથવા તો મેલને કાઢીને જીવીશું તો જ શાંતિ મળશે! અને એટલે ખુદ નાગરો એ પણ પોતાનાં વાસ્તવિક ગુણોનું દર્શન કરી ગુણ કેળવવા પડશે! નહીં તો વળી કોઈક નરસિંહને સતાવ્યાની હાય લાગશે ! અને એ વેદનાં અસહ્ય થશે.

હાટકેશ્વરનું મુખ્ય મંદિર વડનગરમાં આવેલું છે, અને બાકી તો જ્યાં જ્યાં નાગરો વસ્યા છે, ત્યાં બધે જ હવે હાટકેશ્વરનાં મંદિર છે. નાગર એટલે આમ તો જે નગરમાં વસે છે તે,અને જે શિક્ષિત છે. જે ગુજરાતમાં વિક્રમ સંવતની ત્રીજી સદીથી વસેલા છે, તેઓ હાટકેશ્વરની સ્થાપના પહેલાં કોઈ મંદિર વગેરેમાં જતાં એવું જાણવાં મળ્યું નથી, તેઓ વૈદિક પૂજા જ સ્વીકારતા હતાં. ગુજરાતનાં સામાજિક આર્થિક વિકાસમાં તેમની બુદ્ધિ પ્રતિભાઓનું ખૂબ જ મોટું યોગદાન છે. નાગરોની બુદ્ધિ પ્રતિભા અત્યંત તેજસ્વી રહી, અને તેઓને સમાજે સદા વિચારવાન પ્રજા તરીકે બિરદાવ્યા છે. એ રીતે પોતાની બૌદ્ધિક વિશેષતાને કારણે તેઓ રાજાઓના દિવાન પદ શોભાવતાં હતાં, તેમજ સમાજનાં મોભાદાર હોદ્દાઓ પર નાગરોનું અધિપત્ય હતું. રાજા પોતાનાં રાજ વહીવટ માટે ૭૦ થી ૮૦ ટકા દિવાન પર આધારિત રહેતાં, અતિ સૂક્ષ્મ અને છતાં સમાજનાં શુભનું સંચાલન નાગરો કરતાં હતાં. પરંતુ પદ પ્રતિષ્ઠાનો પણ અહંકાર બહુ ભારે પડે, એમ નાગરી નાતનું એક માફ કરી શકાય નહીં, એવું પાસું પણ ઈતિહાસના પાને લખાયેલું છે, અને એ છે નાગર નરસિંહને નાત દ્વારા એનાં સમયમાં સતાવવામાં આવ્યાં હતાં તે. આપણે જ્યારે તેને બિરદાવવાની વાત કરતા હોય, ત્યારે નાગર સમાજની ભૂલને અંધારામાં રાખી શકાય નહીં. પરંતુ જે વિતી ગઈ એ પળ હરિ ઈચ્છા બલવાન સમજીને સ્વીકારવી પડે.

નાગરો માટે ચૌદસને દિવસે ઈષ્ટદેવની જયંતિનું ખૂબ મહત્વ છે. હાટકેશ્વર જયંતિ આવતી હોવાથી પાટોત્સવમાં બધાને મળાશે એવું વિચારીને નાગરો ખૂબ રાજી થાય,કારણ પાંચ પપપ એટલે કે, પાન, પાટલા, પીતાંબર, પાટિયું,ને પંચાત, આ પાંચ પ સાથે તેનું જન્મથી અનુસંધાન હોય. કોઈ લોકો નસ્ત્રપનસ્ત્ર સાથે પરસાળ ને જોડે છે, તો કોઈ પંચિયુ પણ કહે છે, કોઈ નસ્ત્રપનસ્ત્ર સાથે પૂજાને જોડે છે. પૂજા પાઠ નાગરનાં ઘરમાં થતો એક અભુતપૂર્વ પ્રયોગ છે, આખાં આખાં સ્તોત્ર ગાનનાં પાઠ એમને કંઠસ્થ હોય, શિવમહિમ્ન ને શક્રાદય જેવી અઘરી સ્તુતિ નાગરના બાળકો આસાનીથી બોલતાં હોય છે.આજે પણ હાટકેશ્વર જયંતિ નિમિત્તે દરેક શહેરોમાં જ્યાં હાટકેશ્વરનું મંદિર હોય ત્યાં પાટોત્સવ ઊજવવામાં આવે છે. સવારે વિધિવત રીતે ભગવાનની પાલખી યાત્રા નીકળે, અને સાંજે શ્રીખંડ પૂરીનું નાત જમણ થાય છે.

નાગરોનો ઈતિહાસ જુદીજુદી માન્યતાઓ ધરાવે છે, કોઈ કહે છે કે ઉત્તર ભારતમાંથી એટલે કે કાશ્મીર બાજુથી આવેલા છે, જ્યારે કોઈ ગ્રીક અને દ્રવીડ સંસ્કૃતિ ધરાવતી પ્રજા તરીકે નાગરને બતાવવામાં આવે છે. આજથી સાડા છ હજાર વર્ષ પૂર્વે સૌથી પહેલો સંસ્કૃત ભાષામાં પારંગત માનવ, નાગર તરીકે બતાવવા આવેલો છે. એટલે ટૂંકમાં નાગર એટલે ગવાર નહીં, પરંતુ નિતનૂતન વિચારધારાનો પ્રતીક એટલે નાગર, એવો અર્થ પૂજ્ય બાપુએ પણ નાગર માટે કરેલ છે. તુલસીકૃત રામાયણમાં પણ નાગર શબ્દનો પ્રયોગ બે ત્રણ વાર થયો છે. આમ તો ભગવાન આશુતોષ મહાદેવ શંભુ અજન્મા છે, એટલે તેના જન્મનું કોઈ કારણ પુરાણમાં પણ મળતું નથી. પરંતુ લિંગ રૂપે તેની વડનગરમાં સ્થાપનાનાં દિવસને પાટોત્સવ તરીકે ઉજવવામાં આવે છે, અને તેથી આપણે ત્યાં વડનગરા, વિસનગરા, પ્રશ્નોરા,સાઠોદરા, ડુંગરપુરા, ચિત્રોડા, કૃષ્નમોરા, એમ સાત પ્રકારનાં નાગરો આ દિવસે પોતાના ઈષ્ટદેવ હાટકેશ્વરનો પાટોત્સવ મનાવે છે. આપણાં લોક લાડીલા વડાપ્રધાન નરેન્દ્ર ભાઈ મોદી પણ વડનગરનાં રહેવાસી છે, એથી જ એકવાર ચૈત્ર સુદ ચૌદસનાં દિવસે ક્યાંક બહારનાં દેશમાંથી એમણે જય હાટકેશ એવું સંબોધન કર્યું હતું. હાટકેશ્વર જયંતિ નિમિત્તે આપણને પુરાણનાં પ્રમાણ પણ મળે છે. સ્કંદપુરાણનાં નાગર ખંડમાં ઉલ્લેખ થયાં મુજબ હાટકેશ્વરની સ્થાપના વડનગરમાં રહેતા ચિત્રગુપ્ત નામના નાગરે કરી હતી. કહેવાય છે કે દક્ષ પ્રજાપતિના યજ્ઞમાં સતી એ પોતાની જાતને હોમી દીધી હતી, અને ભગવાન શંકર અત્યંત ક્રોધાયમાન અવસ્થામાં સતીના શબને પોતાનાં ખભા પર લઈને આમથી તેમ ફરતાં હતાં, અને પૃથ્વી પર હાહાકાર મચાવ્યો હતો.અને શંકરની દિગંબર અવસ્થાથી સમાજ પરેશાન હતો.તે સમયની જે ઋષિ પત્નીઓ તેની ભોળા ભાવે ભક્તિ કરતી હતી,તેને આમ ફરતા જોઈને ઋષિઓ સંકોચ અનુભવતા હતા, એટલે બ્રહ્માજી એ શંકરનાં લીંગને પાતાળમાં સ્થાપી દીધું,શંકરને ભાન આવતાં તે શરમીંદા થઈને સમાધિમાં ચાલ્યા ગયાં, બાદમાં સતી હિમાચલ રાજને ઘેર પુત્રી તરીકે જન્મી ચુક્યા છે,એ વાત સપ્તર્ષિ એ તેમને કરી. સત્તરમી સદીમાં ચિત્રગુપ્ત નામનાં નાગરે ભગવાન ભોળાનાથની ખૂબ જ આકરી તપશ્ચર્યા કરી, અને ભગવાન તેને પ્રસન્ન થયાં, એટલે તેમણે કહ્યું કે તું નસ્ત્રહાટકસ્ત્રસ્ત્ર એટલે કે સોનાનું લિંગ બનાવી અને મારી સ્થાપના કર તો હું અવશ્ય તેમાં પ્રત્યક્ષરૂપે બિરાજમાન થઈશ. હાટક એટલે સોનાથી મઢેલા લિંગની સ્થાપના કરી, અને એ દિવસે ભગવાન આશુતોષ મહાદેવ તેમાં હાજરા હજૂર પ્રગટ થયાં, એ દિવસ એટલે ચૈત્ર સુદ ચૌદસ અને એ દિવસથી નાગરોના ઈષ્ટદેવ તરીકે હાટકેશ્વરને પૂજવામાં આવે છે, અને એ દિવસે તેનો પાટોત્સવ મનાવવામાં આવે છે. વડનગરનું હાટકેશ્વરનું મંદિર આશરે ૧૭ મી સદીના ઉત્તરાર્ધમાં બંધાયેલું હતું, એટલે કે ૧૮૦૦ થી ૨૦૦૦ વર્ષ જૂનું છે અને કહેવાય છે નાગરાજ હરિરામ નાઇકનુ ત્યારે શાસન હતું, અને તેના દ્વારા મંદિરની રચના કરવામાં આવી હતી. વડનગરનાં હાટકેશ્વર મંદિરનું સ્થાપત્ય અને કલા કોતરણી પણ અદભૂત છે, જોનારને મંત્રમુગ્ધ કરી દે એ રીતે નવગ્રહ,અને હિન્દૂ દેવી દેવતાઓંની મૂર્તિ, સંગીતકારો, નૃત્ય કરતી અપ્સરાઓ, રામાયણ અને મહાભારતના પ્રેરક પ્રસંગોના શિલ્પ, તેમજ પ્રાણીઓ અને પક્ષીઓની મૂર્તિઓ કંડારવામાં આવી છે. પુરાતન વિભાગ દ્વારા સિદ્ધ થયેલ હેરિટેજ સ્થાપત્યમાં વડનગરનાં હાટકેશ્વર મંદિર તેમજ ત્યાંની વાવનો પણ સમાવેશ કરવામાં આવે છે. આ ઉપરાંત મંદિરનાં પટાંગણમાં મુખ્ય મંદિર સિવાયનાં અન્ય મંદિરો પણ છે, જેમાં કાશી વિશ્વનાથનું મંદિર વધુ પૌરાણિક છે.આ ઉપરાંત દાનેશ્વર, રવેશ્વર, તારકેશ્વર, મુક્તેશ્વર ચમકેશ્વર,પાતાળેશ્વર,જાકેશ્વર, પંચનાથ મહાદેવ,અને અંબાજીના મંદિર વિદ્યમાન છે. તો નસ્ત્રનાગરોસ્ત્રસ્ત્ર કે જે હવે માત્ર નગરમાં રહે છે,પણ ગર મુક્તની ઉપમા ભૂલતા જાય છે, ત્યારે આ છે આપણા ઈષ્ટદેવ હાટકેશ્વરનો મહિમાવંત ઈતિહાસ. નાગરો હાટકેશ્વર સ્તોત્રનો નિત્ય પાઠ પણ કરે છે, જે સ્વયં સુસંસ્કૃત છે, અને જેના પર દરેક નાગર ગૃહસ્થને નાઝ છે, અને જન્મોજન્મ એ ભોળા મહાદેવ અને મા અંબાની ભક્તિ ભાવમાં જ જીવવા માગે છે.આશા રાખુ છું આપ સૌને આ લેખ પસંદ આવ્યો હશે, સૌને મારા જય હાટકેશ.

લી ફાલ્ગુની વસાવડા (ભાવનગર)

### પહેલો સગો પાડોશી એ સાચુ પણ અહિ પાર્કિંગ જેવી વાતે પાડોશી બન્યા દૂશ્મન

# પાડોશીએ મહિલા સાથે કરી શરીર સંબંધની માંગણી!

## છેડતી કરનારા કરીયાણાના ધંધાર્થીને મહિલા સહિતે છરી-પાઇપથી કર્યા લોહીલુહાણઃ યુનિવર્સિટી પોલીસે દાખલ કરી સામસામે એફઆઈઆર

રાજકોટ,તા.૩૦

કહેવત છે કે પહેલો સગો પાડોશી. સુખ દુઃખના દરેક પ્રસંગમાં સગા ન આવે એ પહેલા પાડોશી આવી પહોંચતા હોય છે. પરંતુ ઘણીવાર નહિ જેવી વાતે પાડોશીઓ વચ્ચે બટાઝટી બોલી જતી હોય છે અને દુશ્મીનના બીજ રોપાઇ જતાં વાત પોલીસ સુધી પહોંચતી હોય છે. આવી જ એક ચકચારી ઘટના શહેરના ગાંધીગ્રામ નાણાવટી ચોક પાસે આવેલા નંદનવન આવાસ યોજનાના ક્વાર્ટરમાં બની છે. પાર્કિંગ જેવી સામાન્ય બાબતે બે પરિવારો વચ્ચે લોહિયાળ મારામારી થઇ હતી. આ બનાવમાં મહિલા અને આધેડ દ્વારા સામસામે પોલીસ ફરિયાદ નોંધાવવામાં આવી છે. જેમાં મહિલાનું પાડોશી કરીયાણાના ધંધાર્થીએ ટી-શર્ટ ફાડી નાંખી પોતાની સાથે એક વખત શરીર સંબંધ બાંધી લેવા કહી છેડતી કર્યાનો ચોંકાવનારો આરોપ મુકાયો છે. તો સામે આ કરિયાણાના ધંધાર્થીને પણ મહિલા સહિતે લોખંડના પાઇપ, છરીના ઘા મારી લોહીલુહાણ કરી નાંખ્યા હતાં.



પડોશીઓ વચ્ચે શરૂ થયેલો સામાન્ય ઝઘડો એટલી હદે વકર્યો હતો કે છેવટે મામલો હોસ્પિટલ અને પોલીસ સ્ટેશન સુધી પહોંચ્યો છે. જેમાં મહિલાએ પોતાની છેડતી થયાની ફરિયાદ દાખલ કરાવી હતી. અગાઉ પણ તેણીએ માથાકુટને કારણે ફિનાઇલ પી આપઘાતનો પ્રયાસ કર્યો હતો. સામે મહિલા સહિતની સામે એટ્રોસીટી, હુમલાનો ગુનો દાખલ થયો હતો. નાણાવટી ચોક વિસ્તારમાં આવેલ નંદનવન આવાસમાં રિક્ષા અને ફોર-વ્હીલર પાર્ક કરવા જેવી નજીવી બાબતે બે પડોશીઓ સામસામે આવી ગયા હતા. આ મામલે યુનિવર્સિટી પોલીસ મથકમાં બંને પક્ષોએ એકબીજા વિરુધ્ધ આક્ષેપો સાથે ફરિયાદ દાખલ કરાવી હતી. મહિલાની ફરિયાદ પરથી પોલીસે નંદનવન આવાસ ક્વાર્ટરમાં રહેતાં પ્રોવીઝન સ્ટોર ચલાવતાં નટવર નાનજીભાઇ જાદવ વિરૂધ્ધ ગુનો નોંધ્યો છે.

મહિલાની ફરિયાદ મુજબ તેના પતિની રિક્ષા પાર્ક કરવાની જગ્યાએ અન્ય એક વ્યક્તિની ફોર-વ્હીલર પાર્ક કરેલી હોવાથી તે બાબતે રજૂઆત કરવા જતાં નટવરભાઈ ઉશ્કેરાઈ ગયા હતા. મહિલાનો આક્ષેપ છે કે નટવરભાઈએ અગાઉ પણ તેની સાથે અણછાજતી માંગણી કરી હતી અને ગઈકાલે ઝઘડા દરમિયાન જાહેરમાં ગાળો આપી મહિલાનું ટી-શર્ટ ફાડી નાખી છેડતી કરી હતી. તેમજ એક વખત શરીર સંબંધ બાંધી લેશે તો જે જોઇતું હશે તે આપશે તેમ કહ્યું હતું. આ ત્રાસથી કંટાળીને મહિલાએ અગાઉ ફિનાઈલ પીને આપઘાતનો પ્રયાસ પણ કર્યો હોવાનું ફરિયાદમાં જણાવ્યું છે.

સામા પક્ષે બાવન વર્ષના કરિયાણાના ધંધાર્થી નટવરભાઈ નાનજીભાઈ જાદવએ મહિલા, તેના પતિ સહિતની સામે વળતી ફરિયાદ નોંધાવી હતી. નટવરભાઈના જણાવ્યા અનુસાર ફોર-વ્હીલર પાર્કિંગ બાબતે મહિલા અને તેના પતિએ તેમની પત્નિ સાથે ઝઘડો શરૂ કર્યો હતો. જ્યારે નટવરભાઈ વચ્ચે પડ્યા ત્યારે મહિલા અને તેના પતિએ ઢીકાપાટુનો માર માર્યો હતો. તેમજ આનંદ નામના શખ્સે ધોકા અને બેટ વડે હુમલો કરી નટવરભાઈનું માથું ફોડી નાખ્યું હતું અને છરી જેવા હથીયાર વડે હાથના કાંડા પર ઘા ઝીંકી દીધો હતો. આથી તેને તાત્કાલિક ૧૦૮ મારફતે સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા, જ્યાં તેમના માથાના ભાગે પાંચ ટાંકા આવ્યા હતાં. યુનિવર્સિટી પોલીસ સ્ટેશનના પીએસઆઇ આઇ. એ. બેલીમ અને એએસઆઇ જે. એ. જાડેજાએ બંને પક્ષની ફરિયાદ નોંધી વધુ તપાસ હાથ ધરી હતી.

## પત્નિએ ફોન ન ઉપાડતાં પતિ ક્રોધીત થયો કે તેણીના હાથ-પગ ભાંગી નાંખ્યા

### કુવાડવાના નાગલપર ગામની ઘટનામાં ઘાયલ મહિલાના ભાઇની ફરિયાદ પરથી કુવાડવા પોલીસની કાર્યવહી

રાજકોટઃ અમુક દંપતિઓ વચ્ચે નાની મોટી વાતે તકરાર થતી રહે છે. પણ બાદમાં સમાધાન થઇ જતું હોય છે. પરંતુ ક્યારેક ફોન ન ઉપાડવા જેવી સામાન્ય બાબતે પતિએ પત્નિ પર હુમલો કરી તેના હાથ પગ ભાંગી નાંખ્યા હતાં. નાગલપર ગામે બની છે. પતિએ મારે બીજી પત્નિ કરવી છે તેમ કહી લોખંડના પાઈપના ફટકા મારી હાથ અને પગમાં ફ્રેક્ચર કરી નાખતા ચકચાર મચી ગઈ હતી.



વિગતો જોઈએ તો કુવાડવા તાબેના નાગલપર ગામે સાસરે રહેતા વસનબેન લાલાભાઇ વાજેલીયા ૨૪મીએ સાંજે સાતેક વાગ્યાના અરસામાં ઘરે રસોઈ બનાવી રહ્યા હતા ત્યારે તેના પતિ લાલાભાઈ બાબુભાઈ વાજેલીયા બહારથી ઘરે આવ્યા હતા અને ફોન બાબતે તકરાર શરૂ કરી હતી. લાલાભાઈએ ઉશ્કેરાઈને કહ્યું હતું કે મેં તને બે ફોન કર્યા હતા, તેં કેમ ઉપાડ્યા નહીં? તું તારા પિયરે જતી રહે, મારે તને રાખવી નથી, મારે બીજી પત્નિ કરવી છે. આ બોલાચાલી બાદ મામલો બિચક્યો હતો અને લાલાભાઈએ પત્નિને ગંદી ગાળો આપી ઢીકાપાટુનો માર માર્યો હતો. બાદમાં ઘરમાં પડેલો લોખંડનો પાઈપ ઉપાડી જમણા હાથ અને ડાબા પગ પર ઝીંકી દીધો હતો. હુમલાને કારણે વસનબેન લોહીલુહાણ થઈ ગયા હતા અને ગંભીર ઈજાઓ પહોંચી હતી. ઘટનાની જાણ થતાં જ વસનબેનના ભાઈ અને પિતા નાગલપર દોડી આવ્યા હતા.

ત્યારબાદ ૧૦૮ એમ્બ્યુલન્સ મારફતે પ્રથમ તેમને કુવાડવા સરકારી હોસ્પિટલ લઈ જવામાં આવ્યા હતા. ઈજાઓ ગંભીર હોવાથી ત્યારબાદ વાંકાનેરની હરિઓમ ઓર્થોપેડિક ખાનગી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. જ્યાં તબીબી પરીક્ષણમાં સામે આવ્યું હતું કે વસનબેનને જમણા હાથમાં અને ડાબા પગમાં ફ્રેક્ચર થયું છે, જેના કારણે તેમનું ઓપરેશન કરવું પડ્યું હતું. હાલ વસનબેન ચાલી શકે તેવી સ્થિતિમાં ન હોવાથી તેમના ભાઈ તેમને જીયાણા ગામે પોતાના ઘરે સારવાર માટે લઈ ગયા છે. આ બનાવ અંગે ભોગ બનનારના ભાઈએ પોતાની બનેવી લાલાભાઈ બાબુભાઈ વાજેલીયા વિરૂધ્ધ ફરિયાદ કરતાં કુવાડવાના હેડકોન્સ. વી. જે. ગોહેલે ગુનો નોંધી તપાસ હાથ ધરી હતી.

# પેલેસ રોડ પર હિટ એન્ડ રનની ઘટનામાં મોચીનગરના વૃધ્ધનો જીવ ગયો

રાજકોટ,તા.૩૦

વાહન અકસ્માતની વધુ બે ઘટનામાં બે લોકોના મૃત્યુ થયા છે. જેમાં હિટ એન્ડ રનના બનાવમાં મોચીનગરના વૃધ્ધનું મૃત્યુ થયું છે. મોટર સાઇકલ પર ખાખરાની ફેરી કરવા નીકળ્યા ત્યારે તેમને પેલેસ રોડ પર અજાણ્યો ટુવ્હીરલનો ચાલક ઠોકર મારી ભાગી જતાં ગંભીર ઇજા થતાં સારવાર દરમિયાન દમ તોડી દીધો હતો. બીજા બનાવમાં આજીડેમ ચોકડીએ ભિક્ષાવૃતિ માટે બેઠેલા વૃધ્ધાનું આઇસર ટ્રકની ઠોકરે મૃત્યુ થયું હતું.

વિગતો અનુસાર જામનગર રોડ પર મોચીનગરમાં રહેતાં ત્રેસઠ વર્ષના વિરેન્દ્રભાઇ દેવચંદભાઇ કક્કડ નામના વૃધ્ધ શનીવારેસવારે અગીયારેક વાગ્યે મોટર સાઇકલ હંકારીને જતાં હતાં ત્યારે પેલેસ રોડ ટી પોઇન્ટ પાસે અજાણ્યા બાઇકની ઠોકરે ચડી જતાં ગંભીર ઇજા થતાં સારવાર હેઠળ હતાં. તેમનું આજે મૃત્યુ થતાં પરિવારમાં શોક છવાઇ ગયો હતો. મૃત્યુ પામનાર વિરેન્દ્રભાઇ ત્રણ ભાઇ અને એક બહેનમાં વચેટ હતાં. તે ખાખરાખી ફેરી કરી ગુજરાન ચલાવતાં હતાં. શનિવારે પણ ફેરી કરવા નીકળ્યા ત્યારે બનાવ બન્યો હતો. અકસ્માત સર્જી ભાગી ગયેલા બાઇકચાલકની બી-ડિવીઝન પોલીસે શોધખોળ હાથ ધરી છે.




ખાખરાની ફેરી કરવા નીકળ્યા ત્યારે બનાવઃ બીજી ઘટનામાં આજીડેમ ચોકડીએ આઇશરની ઠોકરે વૃધ્ધાનું થયું મોત

બીજા બનાવમાં આજીડેમ ચોકડીએ રેન બસેરામાં રહેતાં વૃધ્ધાનું આઇસરના ચાલકે પગ પર તેનું વાહન ચડાવી દેતાં ગંભીર ઇજા થતાં મૃત્યુ થયું હતું. આજીડેમ ચોકડીએ રેન બસેરામાં રહેતાં મુળ બાબરાના ચરખા ગામના અંબાબેન સોંડાભાઇ ઉધરેજીયા નામના સિત્તેર વર્ષના વૃધ્ધા પંદરેક દિવસ પહેલા આજીડેમ ચોકડીએ ભીક્ષાવૃતિ કરવા બેઠા હતાં ત્યારે એક આઇસરના વ્હીલ તેમના પગ પર ફરી વળતાં ગંભીર ઇજા થતાં સિવિલ હોસ્પિટલમાં દાખલ કરાયા હતાં. સારવાર દરમિયાન આજે મૃત્યુ થતાં હોસ્પિટલ ચોકીના સ્ટાફે જાણ કરતાં આજીડેમ પોલીસે કાર્યવાહી કરી હતી. મૃતકને સંતાનમાં એક દિકરો છે. તે ઘણા સમયથી રાજકોટ રહી ભિક્ષાવૃતિ કરી ગુજરાન ચલાવતાં હતાં. પોલીસે આઇસર ચાલકની શોધખોળ હાથ ધરી હતી.

# લીવ ઇન રીલેશનશિપમાં રહેનારને ગણાશે યુગલ !

## ૨૦૨૭ની વસ્તી ગણતરીમાં આવું થાય તે પહેલા ચેતી જવાનો સમય

નવી દિલ્હી, તા.૩૦

૨૦૨૭ની વસ્તી ગણતરી માટે, લિવ-ઇન સંબંધોમાં રહેતા યુગલો જે પોતાના સંબંધને 'સ્થિર' માને છે તેમને ગણતરી પ્રક્રિયા દરમિયાન પરિણીત ગણવામાં આવશે. આ સ્પષ્ટતા સ્વ-ગણતરી પોર્ટલ પર વારંવાર પૂછાતા પ્રશ્નોમાં શેર કરવામાં આવી છે.

સત્તાવાર જવાબ મુજબ, જો કોઈ દંપતી પોતાના સંબંધને સ્થિર માને છે, તો તેમને પરિણીત યુગલ તરીકે નોંધવા જોઈએ, પછી ભલે તે સ્વ-ગણતરી દરમિયાન હોય કે જ્યારે ગણતરીકર્તા ઘરની મુલાકાત લે ત્યારે હોય. જોકે હવે આ ઔપચારિક રીતે સ્પષ્ટ કરવામાં આવ્યું છે, અને અધિકારીઓએ જણાવ્યું હતું કે અગાઉની વસ્તી ગણતરીની કવાયતોમાં પણ, પોતાને પરિણીત જાહેર કરનારા અપરિણીત યુગલોની નોંધ એ જ રીતે કરવામાં આવતી હતી.

ઘરયાત્રાના તબક્કા દરમિયાન પૂછવામાં આવેલા ૩૩ પ્રશ્નોમાંથી એક ઘરમાં પરિણીત યુગલોની સંખ્યા છે. આ તબક્કો ૧ એપ્રિલથી ૩૦ સપ્ટેમ્બર વચ્ચે ૪૫ દિવસ સુધી ચાલશે, જેની તારીખો દરેક રાજ્ય અને કેન્દ્રશાસિત પ્રદેશ દ્વારા અલગથી સૂચિત કરવામાં આવશે. પ્રથમ



૧૫ દિવસ સ્વ-ગણતરી માટે હશે, ત્યારબાદ ગણતરીકારો દ્વારા ક્ષેત્ર મુલાકાતો માટે ૩૦ દિવસનો સમયગાળો આવશે.

ઉત્તરદાતાઓએ કોઈ દસ્તાવેજો પ્રદાન કરવાની જરૂર નથી. માહિતી તેમના જ્ઞાન અને માન્યતાના આધારે આપવાની રહેશે, અને ગણતરીકર્તાઓએ તેને જાહેર કર્યા મુજબ રેકોર્ડ કરવી જોઈએ. દિલ્હીના NDMC વિસ્તારમાં ૧ એપ્રિલથી એક સમર્પિત ઓનલાઈન પોર્ટલ દ્વારા સ્વ-ગણતરી શરૂ થશે. આ સુવિધા અંગ્રેજી અને ૧૫ ભારતીય ભાષાઓમાં ઉપલબ્ધ હશે. OTP-આધારિત ચકાસણી પછી ઘરના વડા અથવા કોઈપણ જવાબદાર પુખ્ત વ્યક્તિ દ્વારા તે પૂર્ણ કરી શકાય છે. ઘરના બધા સામાન્ય સભ્યોની વિગતો એક જ ઍક્સેસનો ઉપયોગ કરીને દાખલ કરી શકાય છે.

એક મુખ્ય પગલું ઘરના સ્થાનને સચોટ રીતે ચિહ્નિત કરવાનું છે. વપરાશકર્તાઓએ જિલ્લો પસંદ કરવો જોઈએ, PIN કોડ દાખલ કરવો જોઈએ અને તેમના વિસ્તારની વિગતો આપવી જોઈએ. જીઓટેગ કરેલ નકશો દેખાશે, અને પ્રતિવાદીએ માર્કર તેમના ઘર પર બરાબર મૂકવું જોઈએ. ખોટા ચિહ્નિત થવાથી ગણતરીકર્તાની સિસ્ટમમાં ડેટા દેખાતો નથી. આવાસ અને સુવિધાઓ વિશે વિગતો દાખલ કર્યા પછી, ફોર્મ સબમિટ કરી શકાય છે. તે ૧૫-દિવસના સમયગાળા દરમિયાન ભરી શકાય છે અને ડ્રાફ્ટ તરીકે સાચવી શકાય છે. એકવાર સબમિટ કર્યા પછી, એક SE ID જનરેટ કરવામાં આવશે, જે ચકાસણી અને અંતિમ અપલોડ માટે ગણતરીકર્તા સાથે તેમની મુલાકાત દરમિયાન શેર કરવી આવશ્યક છે. સ્વ-ગણતરી પોર્ટલ ફક્ત ભારતમાં જ ઍક્સેસ કરી શકાય છે. સબમિટ કરાયેલ તમામ ડેટા એન્ક્રિપ્ટેડ અને સુરક્ષિત સરકારી સર્વર પર સંગ્રહિત કરવામાં આવશે. સબમિટ કર્યા પછી ફેરફારો ફક્ત ગણતરીકર્તા દ્વારા જ કરી શકાય છે.

# માફીની અરજીઓનો નિર્ણય લેવામાં વિલંબ કેમ ?: સુપ્રીમ



નારાજગી વ્યક્ત કરી દંડાત્મક કાર્યવાહી કરવા સુપ્રીમ કોર્ટની ચેતવણી

નવી દિલ્હી, તા.૩૦

સુપ્રીમ કોર્ટે તાજેતરમાં ગુજરાત રાજ્યને તેની નીતિ હેઠળ નિર્ધારિત સમયમર્યાદામાં દોષિતોની અકાળ મુક્તિ માટેની અરજીઓનો નિર્ણય લેવામાં નિષ્ફળ રહેવા બદલ કડક દંડાત્મક પરિણામોની ચેતવણી આપી હતી, જેમાં સંભવિત સુઓમોટુ અવમાનના કાર્યવાહીનો પણ સમાવેશ થાય છે.

કોર્ટે જણાવ્યું હતું કે, આ સાથે સ્પષ્ટતા કરવામાં આવે છે કે ભવિષ્યમાં, જો નીતિ મુજબ ઉપરોક્ત જોગવાઈનો સંપૂર્ણ અને ફરજિયાત અમલ કરવામાં નહીં આવે, તો આ કોર્ટ તરફથી કડક દંડાત્મક આદેશો લાગુ પડશે, જેમાં નીતિ મુજબ કાર્ય ન કરનારા અથવા દોષિત ૧૪ વર્ષની વાસ્તવિક કેદ પૂર્ણ કરે તે દિવસ સુધીમાં અંતિમ આદેશ ન આવે તો તે તમામ વ્યક્તિઓ સામે સુઓમોટુ અવમાનના શરૂ કરવાનો સમાવેશ થાય છે, પરંતુ તેના સુધી મર્યાદિત નથી.

જસ્ટિસ અહસાનુદ્દીન અમાનુલ્લાહ અને જસ્ટિસ આર. મહાદેવનની બેન્ચ એક આજીવન કેદીના કેસની સુનાવણી કરી રહી હતી, જેની રાજ્ય નીતિ હેઠળ જરૂરી કેદની સજા પૂર્ણ થવા છતાં અકાળ મુક્તિનો નિર્ણય લેવામાં આવ્યો ન હતો. કોર્ટે નોંધ્યું હતું કે ૧૨ ડિસેમ્બર, ૨૦૨૫ ના રોજ, અરજદારે અકાળ મુક્તિ નીતિ હેઠળ વિચારણા માટે જરૂરી લઘુત્તમ સમયગાળો પૂર્ણ કરી લીધો હતો. આમ છતાં, અને તે તારીખે ત્રણ મહિનાથી વધુ સમય આપવામાં આવ્યો હોવા છતાં, કોઈ અંતિમ નિર્ણય લેવામાં આવ્યો ન હતો. ૧૬ માર્ચ, ૨૦૨૬ ના રોજ, રાજ્યએ કોર્ટને જાણ કરી હતી કે સક્ષમ સમિતિ વર્ષમાં ફક્ત ચાર વખત મળે છે અને અરજદારનો કેસ પ્રક્રિયા હેઠળ છે અને સમિતિ સમક્ષ મૂકવામાં આવશે. કોર્ટે આ વલણને નસ્ત્રસંપૂર્ણપણે અસ્વીકાર્યસ્ત્રસ્ત્ર ગણાવ્યું હતું.

ઈર્ઝિ ની કલમ ૪૩૨ હેઠળ જારી કરાયેલ રાજ્યના ૯ જુલાઈ, ૧૯૯૨ ના પરિપત્રનો ઉલ્લેખ કરતા, કોર્ટે નોંધ્યું હતું કે અકાળ મુક્તિ માટેની પ્રક્રિયા ૧૪ વર્ષની કેદ પૂર્ણ થયાના ત્રણ મહિના પહેલા શરૂ થવી જોઈએ જેથી ગુનેગાર આ માટે પાત્ર બને ત્યાર સુધીમાં અંતિમ નિર્ણય લેવામાં આવી શકે. કોર્ટે કહ્યું હતું કે એકવાર કેદી નિર્ધારિત સમયગાળો પૂર્ણ કરે, તે જ દિવસે અંતિમ આદેશ પસાર કરવો જોઈએ, કારણ કે આ નીતિમાં જ અગાઉથી પ્રક્રિયા કરવાની જરૂર છે.

કોર્ટ દ્વારા અવલોકન કરવામાં આવ્યું હતું કે અકાળ મુક્તિ એ મૂળભૂત અધિકાર નથી, પરંતુ રાજ્ય દ્વારા નીતિ ઘડ્યા પછી તે એક નિહિત અધિકાર છે. જીવન અને સ્વતંત્રતાને લગતી બાબતોમાં, કાયદેસર રીતે નિર્ધારિત સમયગાળાથી વધુ કેદમાં રહેવું એ ગેરકાયદેસર કસ્ટડી સમાન ગણાશે.

કોર્ટે કહ્યું કે, આપણે એ હકીકતને પુનરાવર્તિત કરવાની જરૂર નથી કે અકાળ મુક્તિનો અધિકાર મૂળભૂત અધિકાર નથી, પરંતુ રાજ્ય સરકાર તેના વિવેકબુદ્ધિનો ઉપયોગ કરે અને નીતિ ઘડે ત્યારે તે કેદીમાં નિહિત અધિકારની પ્રકૃતિ છે. જો કે, વ્યક્તિના જીવન અને સ્વતંત્રતા સાથે સંબંધિત બાબતોમાં, બંધારણીય સિદ્ધાંતોનો ઉપયોગ કરવો પડે છે, કારણ કે કાયદામાં નિર્ધારિત સમયગાળાથી વધુ દરરોજ, અને હાલના કિસ્સામાં, કારાવાસના સમયગાળાને લગતા કાયદાકીય કાયદામાં, વ્યક્તિને ગેરકાયદેસર કસ્ટડીમાં ગણવામાં આવશે અને યોગ્ય રીતે, સરકારે નિર્દેશ આપ્યો હતો કે કેદી ૧૪ વર્ષની વાસ્તવિક કેદ પૂર્ણ કરે તે તારીખના ત્રણ મહિના પહેલા આ પ્રક્રિયા શરૂ કરવી જોઈએ.

કોર્ટે જણાવ્યું હતું કે તે બધા જવાબદાર અધિકારીઓ સામે કાર્યવાહી શરૂ કરી શકે છે પરંતુ આ તબક્કે તે આવું કરી રહી નથી. કોર્ટે આ કેસ ૭ એપ્રિલ, ૨૦૨૬ ના રોજ આ મામલાને સૂચિબદ્ધ કર્યો અને નિર્દેશ આપ્યો કે આ આદેશનું રાજ્યભરમાં અનુપાલન કરવા માટે ગુજરાતના મુખ્ય સચિવને જાણ કરવામાં આવે. કોર્ટે ચેતવણી આપી હતી કે જો આગામી તારીખ સુધીમાં અંતિમ નિર્ણય રેકોર્ડ પર નહીં મૂકવામાં આવે, તો મુખ્ય સચિવ, ગૃહ વિભાગના અધિક મુખ્ય સચિવ અથવા સચિવ અને ગુજરાતના જેલ મહાનિરીક્ષક, વ્યક્તિગત રીતે હાજર રહીને કારણ દર્શાવશે કે તેમની સામે કાર્યવાહી કેમ શરૂ ન કરવી જોઈએ.

ગુજરાત હાઇકોર્ટે ૨૦૨૩ માં ઈર્ઝિ ની કલમ ૩૦૨ અને ૪૯૮અ હેઠળ અરજદારની દોષિત ઠરાવવાના અને ટ્રાયલ કોર્ટ દ્વારા લાદવામાં આવેલી આજીવન કેદની સજાને સમર્થન આપ્યું હતું. આ દોષિત ઠરાવવાનો સંબંધ ૯ ડિસેમ્બર, ૨૦૧૧ ના રોજ અમદાવાદમાં બનેલી ઘટના સાથે છે જ્યાં આરોપીએ તેની પત્ની પર હથોડાથી હુમલો કર્યો હતો, જેના કારણે માથામાં જીવલેણ ઈજાઓ થઈ હતી. હાઈકોર્ટના ચુકાદા સમયે, અપીલકર્તા પહેલાથી જ ૧૧ વર્ષથી વધુની સજા ભોગવી ચૂક્યો હતો. સુપ્રીમ કોર્ટે રાજ્ય સત્તાવાળાઓ દ્વારા માફી અને અકાળ મુક્તિના નિર્ણયમાં વારંવાર વિલંબની ટીકા કરી છે.

માર્ચ ૨૦૨૫ માં, કોર્ટે અગાઉની ખાતરીઓ છતાં માફીનો કેસ ન લેવા બદલ દિલ્હીના ગૃહ સચિવને અવમાનના નોટિસ જારી કરી હતી, અને અવલોકન કર્યું હતું કે અધિકારીઓ ફક્ત ત્યારે જ કાર્યવાહી કરે છે જ્યારે અવમાનનો સામનો કરવો પડે છે. ફેબ્રુઆરી ૨૦૨૫ માં, કોર્ટે રાજ્યોને ઔપચારિક અરજીની જરૂર વિના, દોષિતોને પાત્ર બનતાની સાથે જ તેમની અકાળ મુક્તિ પર વિચાર કરવાનો નિર્દેશ આપ્યો, અને કહ્યું કે માફી માટે પાત્ર કેદીઓને વહીવટી વિલંબને કારણે કસ્ટડીમાં ન રાખવા જોઈએ. નવેમ્બર ૨૦૨૫ માં, કોર્ટે ઘણા રાજ્યો દ્વારા માફી અને અકાળ મુક્તિ નીતિઓ લાગુ કરવામાં નિષ્ફળતા પર નારાજગી વ્યક્ત કરી અને ઉચ્ચ અદાલતોને સુઓ મોટો કાર્યવાહી દ્વારા આ નીતિઓનું અનુપાલનનું નિરીક્ષણ કરવાનો નિર્દેશ આપ્યો હતો.

## વિદેશી દારૂના નેટવર્કને તોડી પાડવા પોલીસના વધુ બે સફળ દરોડા

# LCB ઝોન-૨ ત્રાટકી: બે દરોડામાં લાખોનો દારૂ કબ્જે

### રૈયધાર પાસેથી કુતીયાણાના શખ્સને અને વામ્બે આવાસ રોડ પરથી રાજકોટના શખ્સને પકડ્યો: બે કાર, દારૂનો જથ્થો કબ્જે: કુલ બાર લાખથી વધુનો મુદ્દામાલ મળ્યો: એકમાં સપ્લાયરનું પણ નામ ખુલ્યું

રાજકોટ,તા.૩૦

શહેરમાં વિદેશી દારૂના ધંધાર્થીઓ સામે શરૂ થયેલી ઝુંબેશ અંતર્ગત વધુ બે દરોડામાં મોટો જથ્થો પકડી લેવામાં પોલીસ સફળ થઇ છે. એલસીબી ઝોન-૨ની ટીમે એક દરોડામાં વિદેશી દારૂ ભરેલી કાર અટલ સરોવરના રસ્તેથી રૈયાધાર તરફના રસ્તે આવતી હતી ત્યારે પકડી લઇ પોરબંદર કુતીયાણા પંથકના લીસ્ટેડ બુટલેગરને પકડ્યો હતો. તો બીજા દરોડામાં સયાજી હોટેલથી વામ્બે આવાસ તરફ આવતા રસ્તા પરથી બીજી કાર સાથે એક શખ્સને પકડ્યો હતો. આ દારૂ સપ્લાય કરનારા શખ્સનું પણ નામ ખુલ્યું હતુ. બંને દરોડામાં કુલ બાર લાખથી વધુનો મુદ્દામાલ કબ્જે થયો હતો.

વિગતો પર નજર કરીએ તો દેશી-વિદેશી દારૂના ધંધાર્થીઓ પર પોલીસ સતત ધોંસ બોલાવી રહી છે. પરમ દિવસે ક્રાઇમ બ્રાંચ અને પીસીબીની ટીમોએ સતત ત્રણ દરોડા પાડી લાખોનો દેશી-વિદેશી દારૂ ઝડપી લીધો હતો. દરમિયાન એલસીબી ઝોન-૨ ટીમે અટલ સરોવર રોડ પરથી રૈયાધાર તરફના રસ્તેથી વિદેશી દારૂ ભરેલી સ્વીફટ કાર સાથે કુતીયાણા પંથકના શખ્સને પકડી લઇ કુલ રૂા. ૬.૩૨ લાખનો મુદ્દામાલ કબ્જે કર્યો હતો. દારૂ જૂગારની પ્રવૃતિ ડામવા એલસીબી ઝોન-૨ ટીમ પેટ્રોલીંગમાં હતી ત્યારે બાતમી મળી હતી કે નવા ૧૫૦ રીંગ રોડ અટલ સરોવર તરફથી રામાપીર ચોકડી તરફ ગ્રે રંગની સ્વીફ્ટ કાર આવી રહી છે તેમાં દારૂ ભરેલો છે.

આ બાતમી પરથી વોચ રાખી જીજે૦૩એમએચ-૧૧૫૯ નંબરની કાર આંતરી લેવાઇ હતી. તેમાં તપાસ કરતાં મેકડોવેલ બ્લુ રીબન્ડ એકસ્ટ્રા ડ્રાઇ જીનની ૭૫૦ એમએલની ૧૨૦ બોટલો રૂા. ૧,૩૨,૦૦૦ની મળી આવતાં તે તથા ૫ લાખની કાર મળી રૂા. ૬,૩૨,૦૦૦નો મુદ્દામાલ કબ્જે કર્યો હતો. કારમાં બેઠેલા હિતેષ ઉર્ફે હિતો ચંદુભાઇ વિંજુડાને પકડી લીધો હતો. બાવીસ વર્ષનો આ શખ્સ કુતીયાણાના ઇશ્વરીયા ગામનો વતની છે. .પોલીસ સુત્રોના કહેવા મુજબ ઝડપાયેલ આરોપી








હિતેશ ઉર્ફે હિતો રીઢો ગુનેગાર હોવાનું સામે આવ્યું છે. તેની સામે અગાઉ પોરબંદરના કુતિયાણા અને રાજકોટ ગ્રામ્યના ધોરાજી પોલીસ સ્ટેશનમાં દારૂ અને મારામારી સહિતના કુલ સાત જેટલા ગુનાઓ નોંધાઈ ચુક્યા છે.

પ્રાથમિક પુછતાછમાં હિતેષ ઉર્ફે હિતાએ પોતે પોરબંદરથી આ દારૂનો જથ્થો ભરી રાજકોટ પહોંચાડવા આવ્યો હોવાનું રટણ કર્યુ હતું. દારૂ કોણે ભરી દીધો, કોને આપવાનો હતો? તેની તપાસ કરવા માટે રિમાન્ડ મેળવવા આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી.

આવો જ બીજો દરોડો પણ આ ટીમે પાડ્યો હતો. જેમાં કાલાવડ રોડ સયાજી હોટેલથી વામ્બે આવાસ યોજના ક્વાર્ટર તરફના રોડ પરથી દારૂનો જથ્થો ભરેલી સ્વીફ્ટ કાર સાથે પરિશ્રમ સોસાયટીના શખ્સને પકડી લીધો છે. પુછતાછમાં કાલાવડ રોડ ઇસ્કોન મંદિર પાછળ રહેતાં અને અગાઉ હત્યા સહિતના ગુનામાં સંડોવાઇ ચુકેલા શખ્સે આ દારૂ આપ્યાનું ખુલતાં શોધખોળ થઇ રહી છે. દારૂ, કાર મળી રૂા. ૬,૯૮,૦૦૦નો મુદ્દામાલ કબ્જે કરાયો હતો.

વધુ માહિતી પર નજર કરીએ તો એલસીબી ઝોન-૨ ટીમ પેટ્રોલીંગમાં હતી ત્યારે બાતમી મળી હતી કે સયાજી હોટેલ તરફથી સફેદ કલરની સ્વીફ્ટ કાર દારૂ ભરીને નીકળી રહી છે. તેના આધારે વોચ રાખી કાર નં. જીજે૦૩એનએફ-૩૮૩૭ને આંતરી લેવાઇ હતી. તેમાંથી રૂા. ૧,૯૮,૦૦૦ની કિંમતના ૧૮૦ એમએલના ૭૨૦ દારૂના ચપલા મળ્યા હતાં. જેમાં રીટઝ વ્હીસ્કીના ૪૮૦ ચપલા અને લંડન પ્રાઇડના ૨૪૦ ચપલા હતા. તે તથા ૫ લાખની કાર કબ્જે કરવામાં આવી હતી.

કારમાં બેઠેલા શખ્સની પુછતાછ થતાં પોતાનું નામ જયપાલસિંહ લાલુભા વાઘેલા જણાવ્યું હતું. છવ્વીસ વર્ષનો આ શખ્સ પરિશ્રમ સોસાયટી, સંસ્કૃતિ પાર્ટી પ્લોટની બાજુમાં ઇસ્કનો મંદિર પાછળ કાલાવડ રોડ રાજકોટ ખાતે રહે છે. તેની વધુ પુછતાછ થતાં પોતાને આ દારૂનો જથ્થો ઇસ્કોન મંદિર પાછળ તેના ઘર નજીક જ રહેતાં વિપુલ લાભુભાઇ મેતાએ ભરી આપ્યાનું કબુલતાં વિપુલની શોધખોળ થઇ રહી છે.

પોલીસના જણાવ્યા અનુસાર જયપાલસિંહ વાઘેલા અગાઉ હત્યાની કોશિષ, બોગસ દસ્તાવેજો ઉભા કરવા, દારૂ, રાયોટીંગ સહિત યુનિવર્સિટી પોલીસના પાંચ ગુનામાં સડોવાઇ ચુક્યો છે. જ્યારે તેને દારૂ આપનાર વિપુલ મેતા અગાઉ બી-ડિવીઝન, યુનિવર્સિટી પોલીસમાં હત્યા, અપહરણ, મારામારી સહિતના ચાર ગુનામાં પોલીસ ચોપડે ચડી ચુક્યો છે. પોલીસ કમિશનર બ્રજેશકુમાર ઝા, જેસીપી ચૈતન્ય મંડલીક, ડીસીપી રાકેશ દેસાઇની સુચના અંતર્ગત પીએસઆઇ આર. એચ. ઝાલા, એએસઆઇ હરપાલસિંહ જાડેજા, જે. વી. ગોહિલ, રાજેશભાઇ મિયાત્રા, હેડકોન્સ. ધર્મરાજસિંહ ઝાલા, શક્તિસિંહ ગોહિલ, હેમેન્દ્રભાઇ વાધીયા, કોન્સ. કુલદીપસિંહ રાણા, શિવભદ્રસિંહ ગોહિલ સહિતે કરી હતી. ઝડપાયેલા બંનેના રિમાન્ડ મળ્યા બાદ પોલીસ આગળ કાર્યવાહી કરશે.

### વિદેશમાં સ્થાયી થવા સારી નોકરી મેળવવાના સપના જોનારાને મળ્યો ઠેંગો

# છ લોકોને વર્ક વીઝાના નામે ૧૭ લાખનો ડામ

### ગઠીયાએ રોકડા ખંખેરી જાણીતા સ્ટોરમાં નોકરીના નામે નકલી કોલ લેટર અને નકલી વિઝા આપી દીધા: યુવાનોને છેલ્લે છેતરાયાની ખબર પડતાં પોલીસને જાણ કરી

રાજકોટ,તા.૩૦

વિદેશમાં જઇને ત્યાં સ્થાયી થવાના અને સારી નોકરી ધંધો મેળવવાના સપના જોવા અને એ સપના પુરા કરવા માટે પ્રયાસો કરવા એમાં કંઇ ખોટુ નથી. પરંતુ આ સપનાને સાકાર કરવા ગમે તેવા લેભાગુ વીઝા એજન્ટો ઉપર ભરોસો કરી વર્ક વીઝાના નામે લાખો રૂપિયા તેને ધરી દેવા એ ખોટુ છે. આ પ્રકારની ઠગાઇના બનાવો એક પછી એક સતત વધી રહ્યા છે. વધુ એક કિસ્સામાં ગઠીયાએ છ જણાને વિદેશના વર્ક વિઝાના નામે સાડા સોળ લાખનો ચૂનો લગાવી દીધો છે. આ છએય યુવાનોને અલ્બેનીયા દેશના સુપર માર્કેટમાં ખુબ સારા પગારની નોકરીની લાલચ આપી વીજા કરાવી દેવાની ખાત્રી આપી તેની પાસેથી લાખો રૂપિયા ઉસેડી લેવાયા હતાં. પરંતુ આખરે આ છએયને વિઝાના નામ ઉપર માત્ર ઠેંગો મળ્યો હતો.

વિગતો પર નજર કરીએ તો સુરત શહેરના પોશ ગણાતા પીપલોદ વિસ્તારમાં વિદેશ જવા ઈચ્છતા યુવાનો સાથે છેતરપિંડીનો વધુ એક કિસ્સો -કાશમાં આવ્યો છે. અલ્બેનિયા દેશમાં સુપર માર્કેટમાં નોકરી અપાવવાના બહાને એક ગઠિયાએ છ લોકો પાસેથી કુલ રૂ. ૧૬.૬૬ લાખની રકમ પડાવી લીધી હતી. આ મામલે ઉમરા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાતા પોલીસે તપાસનો ધમધમાટ શરૂ કર્યો છે. વધુ માહિતી અનુસાર સેલવાસાના વતની અને હાલ સુરતના પીપલોદમાં




રહેતા ઓગણચાલીસ વર્ષીય યોગેશભાઈ નટવરલાલ -જાપતિએ આરોપી -િયાંકકુમાર રાજેન્દ્રકુમાર ખત્રી વિરુદ્ધ ફરિયાદ નોંધાવી છે.

પ્રિયાંકકુમારે પોતાને વિદેશમાં નોકરી અપાવતા એજન્ટ તરીકે ઓળખાવ્યો હતો. તેણે યોગેશભાઈના છ ઓળખીતાઓને અલ્બેનિયા દેશમાં આવેલી જાણીતી સ્પાર સુપર માર્કેટમાં વર્ક વિઝા સાથે નોકરી અપાવવાની લાલચ આપી વિશ્વાસમાં લીધા હતા. આરોપી પ્રિયાંક એટલો શાતિર હતો કે તેણે ભોગ બનનારનો વિશ્વાસ જીતવા માટે અસલી જેવા લાગતા બોગસ એગ્રીમેન્ટ લેટર અને નકલી વર્ક વિઝા પણ મોકલી આપ્યા હતા. આ દસ્તાવેજો જોઈને ફરિયાદીને વિશ્વાસ બેઠો હતો કે પ્રક્રિયા સાચી દિશામાં ચાલી રહી છે. આરોપીએ વિઝા પ્રક્રિયા અને નોકરીના નામે પ્રતિ વ્યક્તિ સાડા ત્રણ લાખની માંગણી કરી હતી.

જે પેટે તેણે ટુકડે-ટુકડે લાખો રૂપિયા પડાવવાનું શરૂ કર્યું હતું. તપાસમાં સામે આવ્યું છે કે છેતરપિંડીનો આ સિલસિલો બે વર્ષથી શરૂ થયો હતો અને હાલ સુધી ચાલ્યો હતો. આ સમયગાળા દરમિયાન આરોપીએ ફરિયાદી પાસેથી કુલ રૂપિયા સોળ લાખ છાંસઠ હજાર પાંચસો વસૂલ કર્યા હતા. લાંબો સમય વીતી જવા છતાં અને લાખો રૂપિયા ચૂકવ્યા હોવા છતાં, જ્યારે યુવાનોને વિદેશ મોકલવાની કોઈ તજવીજ ન જણાઈ ત્યારે ફરિયાદીએ પૈસા પરત માંગ્યા હતા. આ સમગ્ર છેતરપિંડીની લેતી-દેતી પીપલોદ જકાતનાકા પાસે આવેલી સિધ્ધી ફોટો નામની દુકાન ખાતે થઈ હતી. પૈસા મેળવી લીધા બાદ આરોપી પ્રિયાંકકુમારે ગલ્લાં-તલ્લાં શરૂ કર્યા હતા. અંતે તેણે પૈસા પરત આપવાનો સ્પષ્ટ ઈન્કાર કરી દેતા યોગેશભાઈને પોતાની સાથે છેતરપિંડી થઈ હોવાનો અહેસાસ થયો હતો.

છેવટે તેમણે કાયદાનો આશરો લઈ પોલીસનો સંપર્ક સાધ્યો હતો. ઉમરા પોલીસે આ મામલે પ્રિયાંકકુમાર ખત્રી સામે ગુનાહિત વિશ્વાસઘાત અને છેતરપિંડીની વિવિધ કલમો હેઠળ ગુનો દાખલ કર્યો છે. આ કેસની વધુ તપાસ પીએસઆઇ બી.ડી. વાઘ ચલાવી રહ્યા છે. પોલીસ હવે એ દિશામાં તપાસ કરી રહી છે કે આરોપીએ અગાઉ અન્ય કોઈ વ્યક્તિઓને પણ આ પ્રકારે વિદેશના બહાને ચૂનો લગાવ્યો છે કે કેમ. હાલ આરોપી ફરાર હોવાથી તેને ઝડપી પાડવા ચક્રો ગતિમાન કરાયા હતાં. આ પ્રકારની ઠગાઇ રાજ્યભરમાં રોજબરોજ થતી રહે છે. અનેક લોકો વર્ક વિઝાના નામે લાખો ગુમાવી ચુક્યા છે, હજુ પણ ગુમાવી રહ્યા છે. આમ છતાં જાગૃકતા આવતી નથી. તેને કારણે આવા લેભાગુ ગઠીયા સરળતાથી લાખો ઉસેડી રહ્યા છે.

# સાગર ચોક આવાસમાં એકલા રહેતાં રિક્ષાચાલકે ગળાફાંસો ખાઇ જીવ દીધો

### રકમીએ છેલ્લીવાર તેના પિત્રાઇ સાથે વાત કરી હતી: બાદમાં લાશ લટકતી મળતાં અરેરાટી: એકલતાથી કંટાળીન પગલુ ભર્યાની આશંકા

રાજકોટ,તા.૩૦

આત્મહત્યાની વધુ એક ઘટના બની છે. જેમાં દોઢસો ફુટ રીંગ રોડ બાલાજી હોલ નજીક સાગર ચોકમાં આવેલા આવાસ યોજના ક્વાર્ટરમાં રહેતાં રિક્ષાચાલક યુવાને ગળાફાંસો ખાઇ આપઘાત કરી લેતાં અરેરાટી વ્યાપી ગઇ હતી. આ યુવાન ત્રણ બહેનનો એકનો એક ભાઇ હતો.

વિગતો જોઇએ તો સાગર ચોક આવાસ ક્વાર્ટરમાં એક યુવાને ગળાફાંસો ખાઇ લેતાં મૃત્યુ થયાની જાણ ૧૦૮ના ઇએમટી દિવ્યાબેન બારડે કરતાં તાલુકા પોલીસ સ્ટેશનના હેડકોન્સ. યશપાલસિંહ ગોહિલ સહિતે ઘટના સ્થળે પહોંચી કાર્યવાહી કરી મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે ખસેડ્યો હતો. પોલીસ તપાસમાં ખુલ્યા મુજબ આપઘાત કરનાર બેતાલીસ વર્ષિય નિલેષભાઇ લાલજીભાઇ પરમારને ત્રણ બહેન છે. પોતે અપરિણીત હતાં અને રિક્ષા હંકારી ગુજરાન ચલાવતાં હતાં.

તે ત્રણ બહેનના એક જ નાના ભાઇ હતાં. છેલ્લે છવ્વીસમીએ તેના કાકાના દિકરા નરેન્દ્રભાઇએ તેને કપડાની જોડી સીવડાવવા બાબતે ફોન કર્યો હતો. એ પછી સતત તેનો ફોન બંધ આવતો હતો. આજે તપાસ કરતાં ઘરમાં તે લટકતી હાલતમાં મળતાં અરેરાટી વ્યાપી ગઇ હતી. અહિ એકલા જ રહેતાં હતાં. એકલવાયા જીવનથી કંટાળીને આ પગલુ ભર્યાનું પ્રાથમિક તારણ નીકળ્યું હતું.

# વધુ એકવાર કોર્ટને બોમ્બથી ઉડાડી દેવાનો ધમકી ભર્યો ઇ-મેઇલ મળ્યો

રાજકોટ: વધુ એક વખત કોર્ટમાં બોમ્બની ધમકી અપાઇ હતી. શહેરના જામનગર રોડ પર આવેલી નવી કોર્ટ બિલ્ડિંગને વધુ એક વખત બોમ્બથી ઉડાળી દેવાની ધમકી મળતાં દોડધામ મચી ગઇ હતી. જો કે આ વખતે પણ ધમકી પોકળ સાબીત થઇ હતી.

બોમ્બની ધમકીનો ઇ-મેઇલ મળતાં જ તેની જાણ થતાં એસઓજી, બોમ્બ સ્કવોડ, ડોગ સ્કવોડની ટીમોએ પહોંચી કોર્ટના ખુણેખુણામાં ચેકીંગ કર્યુ હતું. જો કે કંઇન ન મળતાં સૌએ હાશકારો લીધો હતો. રાજકોટ કોર્ટ સંકુલમાં બોમ્બ હોવા અંગેનો એક ધમકીભર્યો ઇ-મેઇલ મળ્યો હતો. જેમાં દાવો કરવામાં આવ્યો હતો કે કોર્ટ પરિસરમાં વિસ્ફોટક પ્લાન્ટ કરવામાં આવ્યા છે અને તેને ગમે ત્યારે ઉડાવી દેવામાં આવશે. આ સમાચાર વાયુવેગે ફેલાતા વકીલો, અસીલો અને કોર્ટ સ્ટાફમાં ફફડાટ વ્યાપી ગયો હતો. પોલીસ કન્ટ્રોલ રૂમને જાણ થતાં ઉચ્ચ અધિકારીઓ, એસઓજીને જાણ કરવામાં આવી હતી. જેના પગલે પીઆઇ સંજયસિંહ જાડેજા, પીએસઆઇ વી. વી. ધ્રાંગુ સહિતનો કાફલો દોડી ગયો હતો. તેમજ બોમ્બ સ્કવોડ, ડોગ સ્કવોડની ટીમો પણ પહોંચી ગઇ હતી. પોલીસે કોર્ટ ખાતે પહોંચી તમામ એન્ટ્રી અને એક્ઝિટ પોઈન્ટ બંધી કરી સઘન ચેકીંગ હાથ ધર્યુ હતું. જો કે લાંબી તપાસને અંતે કંઇ મળ્યુ નહોતું. અગાઉ પણ આ રીતે ઇ-મેઇલથી આવી ધમકીઓ મળી ચુકી હતી. જો કે દર વખતે પોલીસ આવી ધમકીઓને ગંભીરતાથી લઇ તુરત જ કોર્ટના ખુણેખુણા ચેક કરે છે. આ વખતે પણ તપાસ કરાવમાં આવી હતી.

## પોપટપરાનો વીસ વર્ષનો યુવાન પિતા-ભાઇ-પાડોશી સાથે ન્હાવા ગયો અને ઉંડા પાણીમાં ગરક થઇ ગયો

# જળ ઘાત: એક પરિવારે દિકરો, બીજાએ ગુમાવી દિકરી

### કોટડાનાયાણીમાં મજૂર દંપતિની દોઢ વર્ષની દિકરી રમતી રમતી પાણીની કુંડીમાં પડી જતાં જીવ ગયો

રાજકોટ,તા.૩૦

અપમૃત્યુના વધુ બે બનાવોમાં પાણીની ઘાત બે પરિવારના સદસ્યને નડી ગઇ હતી. એક બનાવમાં પોપટપરાના પરિવારે વીસ વર્ષનો દિકરો ગુમાવ્યો હતો. તો બીજા બનાવમાં મજૂર પરિવારે દોઢ વર્ષની દિકરી ગુમાવી હતો આ પરિવારના સદસ્યો પડધરી નજીકના ગામે નદીમાં ન્હાવા ગયા ત્યારે પિતા, નાના ભાઇની નજર સામે જ આ કરૂણ ઘટના બની હતી. જ્યારે બીજી ઘટનામાં ખેત મજૂરી કરતાં દંપતિની ફુલડા જેવી દોઢ વર્ષની દિકરી પાણીની કુંડીમાં ડુબી જતાં મોત થયું હતું. આ ઘટના વાંકાનેર પંથકના કોટડાનાયાણી ગામે બની હતી.

વિગતો પર નજર કરીએ તો પોપટપરા ત્રેપન ક્વાર્ટરમાં રહેતાં વીસ વર્ષના યુવાનનું પડધરીના રામપર ગામે નદીમાં ન્હાતી વખતે પિતા, ભાઇ સહિતની નજર સામે ડૂબી જવાથી મોત નિપજતાં પરિવારમાં કલ્પાંત સર્જાયો છે. રવિવારની રજા હોઇ સેન્ટીંગ કામના કારીગર આધેડ પોતાના બે દિકરા, બહેનના દિકરીના દિકરા, પાડોશી સહિતને સાથે લઇ રિક્ષા મારફત પડધરીના રામપર ગામ તરફ ફરવા, નદીમાં ન્હાવા માટે ગયા હતાં. ત્યારે તેની નજર સામે જ તેનો વીસ વર્ષનો પુત્ર ઉંડા પાણીમાં ગરક થઇ ગયો હતો.

તેમણે અને સાથે ગયેલા પાડોશીઓએ ડૂબકીઓ મારી યુવાનને બેભાન હાલતમાં બહાર કાઢી સારવાર માટે ખસેડ્યો હતો. પરંતુ અહિ મૃત્યુ થયું હતું. વધુ માહિતી અનુસાર પોપટપરા માઉન્ટેન પોલીસ લાઇન પાછળ ૫૩ ક્વાર્ટરમાં વિવેકાનંદનગર ક્વાર્ટર નં. ૧૪માં રહેતાં ભરતભાઇ ચતુરભાઇ ભોજવીયા-કોળી નામના આધેડ રવિવારની રજા હોઇ પોતાના બે દિકરા વીસ વર્ષના લાલજી ભોજવીયા, અગીયાર વર્ષના ઇવાન ભોજવીયા તેમજ બહેનના દિકરાના દિકરા તેમજ પાડોશી વાઘજીભાઇ દામજીભાઇ



સવાસડીયા સહિતના રિક્ષા લઇને પડધરીના રામપર ગામે નદીમાં ન્હાવા માટે ગયા હતાં. ત્યારે લાલજી ભોજવીયા ન્હાતી વખતે નદીમાં ડૂબી ગયો હતો.

તેને બેભાન હાલતમાં રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડાયો હતો. પરંતુ ટુંકી સારવારને અંતે દમ તોડી દીધો હતો. ભરતભાઇએ જણાવ્યું હતું કે મારે સંતાનમાં બે દિકરા અને એક દિકરી છે. જેમાં મૃત્યુ પામનાર લાલજી મારી સાથે સેન્ટીંગનું કામ કરતો હતો. તેના સગપણની તાજેતરમાં વાત કરવામાં આવી હતી અને આગામી સમયમાં સગપણ કરવાનું હતું. મારા પત્નિ ચાંદી કામ કરવા જાય છે. તેને રવિવારે રજા હોઇ જેથી અમે પણ કામમાં રજા રાખીએ છીએ.

અમે નદીમાં ન્હાવા જવાનું નક્કી કર્યુ હતું અને હું તથા મારા બે પુત્રો, પાડોશી સહિતના રિક્ષા મારફત રામપર ગયા હતાં. જ્યાં બધા નદી કાંઠે ન્હાઇ રહ્યા હતાં ત્યારે દિકરો લાલજી આગળ ઉંડા પાણી તરફ જતો રહ્યો હતો અને ડૂબવા માંડ્યો હતો. અમારી નજર સામે જ ડુબી ગયો હતો. મેં અને પાડોશી વાઘજીભાઇએ ડૂબકીઓ મારી હતી. જેમાં ત્રીજી ડૂબકી વખતે વાઘજીભાઇના હાથમાં મારો દિકરો લાલજી આવી જતાં તેને અમે બેભાન હાલતમાં બહાર કાઢી રાજકોટ સારવાર માટે ખસેડ્યો હતો. પરંતુ તેનું મૃત્યુ થયું હતું. હોસ્પિટલ ચોકીના સ્ટાફે જાણ કરતાં પડધરી પોલીસે કાર્યવાહી કરી હતી. બનાવથી ભોજવીયા પરિવારમાં કલ્પાંત સર્જાયો હતો.

બીજી આવી ઘટનામાં વાંકાનેર તાબેના કોટડાનાયાણી ગામે ખેતરમાં રહી મજૂરી કરતાં મધ્યપ્રદેશના દંપતિની દોઢ વર્ષની દિકરી રમતી રમતી પાણીની કુંડીમાં પડી જતાં ડુબી જવાથી મોત થતાં અરેરાટી વ્યાપી ગઇ છે. કોટડાનાયાણી સીમ વિસ્તારમાં આવેલી હસમુખભાઇ લીંબાસીયાની વાડીમાં રહી મજૂરી કરતાં મધ્યપ્રદશેના કલમભાઇ ગુંડીયાની દિકરી નૈયા કે જે દોઢ વર્ષની હતી તે બપોરે પાણીની કુંડીમાં પડી જતાં બેભાન હાલતમાં સિવિલ હોસ્પિટલમાં ખસેડાઇ હતી.

પરંતુ અહિ મૃત્યુ થયું હતું. મૃત્યુ પામનાર નૈયા ત્રણ બહેન અને એક ભાઇમાં નાની હતી. તેણીના પિતા કલમભાઇ નજીકમાં કોઇ કામ માટે ગયા હતાં અને માતા ચણા વીણતી હતી ત્યારે નૈયા તેના ભાઇ-બહેન સાથે રમતી હતી. આ વખતે તેણી પાણી ભરેલી કુંડીમાં પડી ગઇ હતી. આથી ગભરાઇ ગયેલી નૈયાની મોટી બહેન દોડીને ખેતરમાં કામ કરી રહેલી માતાને બોલાવવા ગઇ હતી. તેણીએ તુરત દોડી આવી દિકરીને બહાર કાઢી હતી. બાળાને પડધરી સારવાર અપાવી રાજકોટ ખસેડાઇ હતી. પરંતુ જીવ બચ્યો નહોતો. આ બનાવથી પરિવારમાં ગમગીની વ્યાપી ગઇ હતી. આમ બે પરિવારને પાણીની ઘાત નડતાં એક પરિવારે યુવાન દિકરો અને બીજા પરિવારે ફુલડા જેવી દિકરી ગુમાવી દીધા હતાં.

### અલગ અલગ અપમૃત્યુની ચાર ઘટનામાં પરિવારોએ ગુમાવ્યા આત્મજનઃ શોકની કાલીમા

# નોકરીએ જતા વૃધ્ધ માટે ‘કાર’ બની ‘કાળ’

## મવડી કણકોટ રડ પર જીવરાજ પાર્કના વૃધ્ધ ટુવ્હીલર સહિત અડફેટે આવી જતાં મૃત્યુઃ અન્ય ત્રણ ઘટનાઓમાં હૃદય બેસી જતાં બે લોકોના અને બેભાન થઇ જતાં યુવાનના મોત

રાજકોટ,તા.૩૦

સમયાંતરે શહેરમાં જીવલેણ અકસ્માત સર્જાતા રહે છે. વધુ એક આવો વાહન અકસ્માત સર્જાયો હતો. જેમાં જીવરાજ પાર્કમાં રહેતાં વૃધ્ધનું પોતાના ટુવ્હીલર સહિત કારની અડફેટે આવી જવાને કારણે મૃત્યુ થયું હતુ. તેઓ ઘરેથી પોતાનું ટુવ્હીલર હંકારીને પુનીતનગર પાણીના ટાંકા તરફ નોકરીના સ્થળે જતાં હતાં ત્યારે રસ્તામાં મવડી કણકોટ રોડ પર પહોંચ્યા ત્યારે કાર તેમના માટે કાળ બની ગઇ હતી.

વિગતો પર નજર કરીએ તો મૃત્યુ પામનાર વૃધ્ધ હેલ્થકેર કંપનીમાં મેનેજર તરીકે નોકરી કરતાં હતાં. તેઓ નોકરી પર જવા નીકળ્યા ત્યારે બનાવ બન્યો હતો. જીવરાજ પાર્ક પાસે કોપર એલીગન્સ એપાર્ટમેન્ટમાં રહેતાં સંજયભાઇ સવજીભાઇ કાલરીયા નામના પાંસઠ વર્ષના વૃધ્ધ સવારે આઠેક વાગ્યે પોતાનું બાઈક હંકારીને ઘરેથી નોકરી પર જતા હતા ત્યારે મવડી કણકોટ રોડ પર હીલસ્ટોન અરીસ્ટો આગળ ગણેશ ચોકમાં પુરપાટ ઝડપે આવેલી કારની ઠોકરે ટુવ્હીલર સહિત ચડી જતાં રોડ પર ફંકાઇ જતાં ગંભીર ઇજાઓ થઇ હતી.

આ અકસ્માતના બનાવને પગલે લોકોના ટોળા એકઠા થઇ ગયા હતાં. ઇજાગ્રસ્ત વૃધ્ધને સારવાર માટે સિવિલ હોસ્પિટલે ખસેડ્યા હતાં. પરંતુ અહિ મૃત્યુ થયું હતું. પરિવારજનોના કહેવા મુજબ મૃત્યુ પામનાર સંજયભાઇ કાલરીયા પુનીતનગર પાણીના ટાંકા પાસે આવેલી પાન હેલ્થ કેર કંપનીમાં મેનેજર તરીકે નોકરી કરતાં હતાં. સવારે તેઓ નિત્યક્રમ મુજબ ઘરેથી નોકરીએ જવા નીકળ્યા ત્યારે મવડી કણકોટ રોડ પર ગણેશ ચોકમાં અકસ્માત નડ્યો હતો.

મૃત્યુ પામનારને સંતાનમાં એક દિકરો અને બે દિકરી છે. પોતે બે ભાઇ અને બે બહેનમાં મોટા હતાં. મોભીના મોતથી પરિવારમાં કલ્પાંત સર્જાયો હતો. બનાવની જાણ થતાં તાલુકા પોલીસ સ્ટેશનના પીએસઆઇ એન. એચ. મહારાજ સહિતે જરૂરી કાર્યવાહી કરી હતી. જે કારની ઠોકરે અકસમાત નડ્યો તે કાર રાજકીય આગેવાનની હોવાનું ખુલ્યું હોઇ પોલીસે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.





અપમૃત્યુની અન્ય ઘટનાઓ જોઇએ તો હૃદય રોગનો હુમલો બે લોકો માટે જીવલેણ નીવડ્યો હતો. કોઠારીયા ગામમાં દિવ્યતેજ સ્કૂલ પાસે રહેતાં સંજયભાઇ નારણભાઇ બારસીયા નામના બાવન વર્ષના પ્રૌઢ સાંજે ઘરે હતાં ત્યારે એકાએક ઢળી પડતાં બેભાન હાલતમાં સિવિલ હોસ્પિટલમાં ખસેડાયા હતાં. પરંતુ અહિ મૃત્યુ નિપજતાં પરિવારમાં કલ્પાંત સર્જાયો હતો. મૃત્યુ પામનાર સંજયભાઇ બે ભાઇમાં મોટા હતાં. સંતાનમાં એક દિકરો અને એક દિકરી છે. પોતે બાંધકામ કોન્ટ્રાક્ટર હતાં. સગાના કહેવા મુજબ સંજયભાઇ બેઠા હતાં ત્યારે હૃદય રોગનો હુમલો આવી જતાં પડી ગયા હતાં. તુરંત હોસ્પિટલે ખસેડાયા હતાં ત્યારે બીજો હુમલો પણ આવી ગયો હતો. હોસ્પિટલ ચોકીના સ્ટાફે જાણ કરતાં આજીડેમ પોલીસે કાર્યવાહી કરી હતી.

બીજા આવા બનાવમાં જામનગર રહેતાં ઘનશ્યામસિંહ જીલુભા પરમાર નામના પંચાવન વર્ષના પ્રૌઢ સાંજે રવિરાજ હોટેલ ખાતે હતાં ત્યારે બેભાન થઇ જતાં સિવિલ હોસ્પિટલમાં ખસેડાયા હતાં. પરંતુ અહિ મૃત્યુ થતાં હોસ્પિટલ ચોકીના સ્ટાફે આજીડેમ પોલીસને જાણ કરી હતી. મૃત્યુ પામનારના ભત્રીજાને હોટેલ સંચાલક દ્વારા જાણ કરાઇ હતી. ઘનશ્યામસિંહ બે ભાઇ અને બે બહેનમાં બીજા હતાં. તેમના પત્નિ હયાત નથી. પોતે એકલા હોઇ અહિ હોટલે નોકરીમાં જોડાયા હતાં. હાર્ટએટેક આવી ગયાનું ભત્રીજાએ જણાવ્યું હતું.

અપમૃત્યુની ત્રીજી ઘટનામાં જ્યારે અન્ય બનાવમાં મુળ યુપી લાલપુરનો રામદીન પપ્પુભાઇ નિશાદ નામનો પચ્ચીસ વર્ષનો યુવાન નામનો યુવાન રાજકોટ કોઠારીયામાં શીવ હોટેલ નજીક આવેલા કાયઝન ઇન્ડસ્ટ્રીઝ નામના કારખાનામાં મજૂરી કરતાં અને ત્યાં જ રૂમમાં રહેતાં પોતાના ભત્રીજાને ત્યાં યુપીથી કિડનીની સારવાર માટે આવ્યો હોઇ અહિ સાંજે બેભાન થઇ જતાં સિવિલ હોસ્પિટલમાં ખસેડાયો હતો. પરંતુ તેનું મૃત્યુ થયું હતું. મૃતક યુવાન ડાયાલીસીસ કરાવવા માટે આવ્યો હોઇ ભત્રીજાની રૂમે રોકાયો હતો ત્યારે તબીયત બગડ્યા બાદ મૃત્યુ થયું હતું. હોસ્પિટલ ચોકીના સ્ટાફે જાણ કરતાં આજીડેમ પોલીસે કાર્યવાહી કરી હતી. આમ વાહન અકસ્માત અને અન્ય કારણોસર અપમૃત્યુના ચાર બનાવોમાં અલગ અલગ પરિવારોએ સ્વજનો ગુમાવી દેતાં શોકની કાલીમા છવાઇ ગઇ હતી.

---

### ચોર ગઠીયા કોઇપણ સ્વરૂપે આવી શકેઃ નજર હટી દુર્ઘટના ઘટી

# ગ્રાહક બનીને આવેલો ગઠીયો સોનુ ચોરી ભાગી ગયો

## શો રૂમ સંચાલકને શંકા ન ઉપજે એ માટે દસ હજારની બુટી પણ ખરીદી રોકડા ચુકવતો ગયોઃ પચાસ ગ્રામના બિસ્કીટની ચોરી કેમેરામાં થઇ કેદ

રાજકોટ,તા.૩૦

અમુક ચોર ગઠીયાઓ એવા હોય છે જે ગમે તે શો રૂમ કે દૂકાનમાં જઇને નજર ચુકવી હાથફેરો કરી લેતાં હોય છે. આવી જ એક ઘટના સામે આવી છે જેમાં એક ગઠીયો ગ્રાહકના સ્વાંગમાં સોનાના દાગીનાના શો રૂમમાં આવ્યો હતો અને પચાસ ગ્રામ વજનનું સોનાનું બિસ્કીટ બઠ્ઠાવી ભાગી ગયો હતો. આ ઘટના બારામાં વેપારીએ પોલીસને જાણ કરતાં તપાસ શરૂ થઇ છે. ગઠીયાગીરી, ચોરીની આ ઘટના સીસીટીવીમાં કેદ થઇ છે. આ ગઠીયાએ વેપારીને તુરંત શંકા ન ઉપજે એ માટે થઇ પચાસ ગ્રામનું બિસ્કીટ બઠ્ઠાવી લીધા પછી દસેક હજારની કિંમતની બુટી ખરીદી રોકડા ચુકવી પણ દીધા હતાં.

વિગતો પર નજર કરીએ તો વડોદરાના શિનોર નાગરિક બેંક સામે મહાકાળી જવેલર્સમાં ગ્રાહક બની આવેલ ગઠિયો પચાસ ગ્રામ સોનાનું બિસ્કિટ દુકાનદારની નજર ચૂકવી લઇ ગયો હતો. શિનોર સોની બજાર નાગરિક બેંકની સામે આવેલ શૈલેષભાઇ માછીની મહાકાળી જવેલર્સ દુકાન આવેલ છે. બપોરના દોઢેક વાગ્યા આસપાસ તેમની દુકાનમાં એક ગ્રાહક



બનીને આવેલ ગઠિયો ચહેરો છુપાય તે રીતે ટોપી પહેરીને આવ્યો હતો. બપોરનો સમય હોઇ દુકાનનો નોકર અને શૈલેષભાઇનો છોકરો ઘરે જમવા ગયા હતા. જેથી શૈલેષભાઇ એકલા હતા. આ પછી ગઠિયાએ આવી એક ચુની અને એક બુટ્ટી ખરીદવાનું કહેતાં તેમણે ડબ્બો ખોલી તેને બતાવતા હતા. ત્યારે બીજો ગ્રાહક આવતાં તેની સાથે શૈલેષભાઇ વાત કરતા હતા તેનો લાભ લઇ ગઠિયાએ ડબ્બામાં ઘરેણાં જોવા હાથ નાખી તેમાંથી એક પચાસ ગ્રામનો સિક્કો લઇ ખિસ્સામાં સરકાવી દીધો હતો. જોકે ચુની-બુટ્ટી ખરીદી તેના દસહજાર પાંચસો રોકડા ચુકવ્યા હતાં. આ પછી જ્યારે વેપારી શૈલેષભાઇએ બિલ બનાવવાનું કહેતાં ગઠિયો વેચાતી લીધેલ વસ્તુ પોતાની દીકરીને બતાવી હમણાં આવું છું પછી બિલ બનાવજો તેમ કહી નીકળી ગયો. ઘણો સમય થતાં ગઠિયો ના આવતાં તેને જોવા બહાર નીકળ્યા પણ તે દેખાયો નહોતો. શૈલેષભાઇને કાંઇ રંધાયું હોવાનું માલૂમ પડતાં ડબ્બામા જોતાં એક પચાસ ગ્રામના સોનાનું બિસ્કિટ નહોતું.

તેમણે તુરંત તેમના દીકરાને ફોન કરી બોલાવી તપાસ કરવાનું કહેતાં બિસ્કિટ મળ્યું નહોતું. તેમણે તુરત જ દુકાનના સીસીટીવી તપાસતાં ચુની અને બુટી લેવા આવેલ ગઠિયો ડબામાંથી સોનાનું બિસ્કિટ લઇ ખિસ્સામાં સરકાવતો દેખાયો હતો. આ ગઠિયો બાઈક લઈને આવ્યો હતો. પોલીસે ફૂટેજને આધારે આ ગઠીયાને શોધી કાઢવા તપાસ શરૂ કરી હતી. તાજેતરમાં રાજકોટમાં પણ આ પ્રકારે એક ટોળકીની મહિલા સહિતે જાણીતા શો રૂમમાંથી સોનાનો ચેઇન બઠ્ઠાવી લીધો હતો. જેનો ભેદ એ-ડિવીઝન પોલીસે ઉકેલ્યો હતો. આ ટોળકી આંતરરાજ્ય ટોળકી હતી. જો કે અહિ આ ચોરીમાં લોકલ ગઠીયો કળા કરી ગયાની શક્યતાએ પોલીસ તેને શોધી રહી છે

---

### સોશિયલ મિડીયામાં એવી લોભામણી જાહેરાત મુકી કે અનેક લપેટાઇ ગયા

# વિદેશમાં જોબના નામે લેભાગુઓએ લાખો ખંખેર્યા

## રાજકોટના પિતા-પુત્ર સહિત ચાર જણાએ ચૌદ લોકોને ચૂનો લગાવ્યોઃ સ્વામિનારાયણ સંસ્થા મારફત વિદેશ પહોંચાડવાની ખાત્રી આપી હતી

રાજકોટ,તા.૩૦

વિદેશના વર્ક પરમીટ વિઝા અને નોકરીના નામે ઠગાઇના કિસ્સા રોજીંદા છે. કોઇને કોઇ લોકો આ પ્રકારના ફ્રોડનો ભોગ બની લાખો રૂપિયા ગુમાવી દે છે. વધુ આવા કિસ્સામાં ચૌદ લોકો સાથે વિદેશમાં નોકરીના નામે લાખોની ઠગાઇ થઇ છે. સોશિયલ મિડીયામાં ગઠીયાઓએ લોભામણી પોસ્ટ મુકીને નોકરીવાંચ્છુઓને છેતરી લીધા હતાં.

વિગતો પર નજર કરીએ તો પોરબંદર પંથકના ચૌદ જેટલા લોકોને વિદેશમાં સારા પગારે નોકરી અપાવવાની લાલચ આપીને રાજકોટના ચાર શખ્સોએ ઠગાઇ કરી હોવાનું કૌભાંડ પોલીસ ચોપડે નોંધાયું છે. જેમાં ચંદ્રાવાડા ગામના યુવાનને વિદેશ જવાની પ્રોસેસ માટે આઠ લાખ રૂપિયા મેળવી વીઝા પણ ન આપ્યા અને પૈસા પણ પરત ન કરતાં છેતરપિંડીની ફરિયાદ થઇ છે. તે ઉપરાંત અનેક લોકોના નાણાં ફસાયા હોવાનું જણાવાયું છે. વધુ માહિતી અનુસાર કલ્યાણપુર તાલુકાના ચંદ્રાવાડા ગામની પારૂવાડી વિસ્તારમાં રહેતા અને ખેતીકામ સાથે ઇલેક્ટ્રીક અને પ્લમ્બીંગનું કામ કરતાં તેત્રીસ વર્ષના જયેશ ઉકાભાઇ મોઢવાડીયા નામના યુવાને સોશિયલ મિડીયામાં પોસ્ટ જોઇ હતી.

આ પોસ્ટ રાજકોટમાં રહેતા ભરત રામજી વાઢેરે મુકી હતી. જેમાં લખ્યું હતુ કે પોસ્ટમાં કેનેડા જવા માટે બાર લાખ ભરવાના અને ત્યારબાદ દોઢ લાખ પગાર આપવામાં આવશે તે જોઇ આ શખ્સની રાણાવાવની ઓફિસમાં સંપર્ક સાધ્યો હતો. ભરત અને તેનો પુત્ર પુનિત વાઢેરે સ્વામિનારાયણ સંસ્થા મારફતે કેનેડાના ટોરેન્ટોમાં વિઝીટર વીઝા ઉપર મોકલતા હોવાનું જણાવ્યું હતું. જયેશને યુરોપના હંગ્રી દેશમાં જવાની લાલચ આપી પ્રથમ પાંસઠ




હજાર રોકડા, બાદમાં દોઢ લાખ મેળવ્યા. આઠ મહિના સુધી વીઝા ન આવતા ફરિયાદીએ પૂછતાં હંગ્રીના બદલે ફ્રાન્સ મોકલવાનું જણાવ્યું. પરંતુ તેના વીઝા પણ ન આવ્યા. અંતે રાજકોટ નવાગામ મેઇન બજારમાં નીલમાધવ ફેશન હબ નામની કપડાની દુકાનમાં ભરતની ઓફિસે સંપર્ક સાધ્યો ત્યાં ભરતનો માણસ કૌશિક રજનીકાંત પટેલ અને તેનો પુત્ર દેવરસ હાજર હતા અને તેઓએ પણ ઇન્ટરવ્યુ વગર ઓસ્ટ્રેલીયાની સફરની લાલચ આપી પાંચ લાખ પંચ્યાસી હજાર ખંખેર્યા, બાદમાં પટ્ટીવાળી વીઝા મોકલી અને ચારેચારના ફોન બંધ આવતાં અને ઓફિસ પણ બંધ રહેતા રાજકોટના આ ચારેય શખ્સો સામે જયેશે કિર્તિમંદિર પોલીસ મથકમાં આઠ લાખની છેતરપિંડી અને વિશ્વાસઘાતનો ગુનો દાખલ કરાવ્યો હતો.

આ ગઠીયાગીરમાં ભોગ બનનારાઓમાં જયેશની સાથે સાથે તેના ફઇના દીકરી આશાબેન કેશવભાઇ ઓડેદરા, રતનપરના અનિલ રાજશી ઓડેદરા, મનોજ લખમણ ઓડેદરા, કુછડીના સંજય દુલા કાછડીયા, વિસાવાડામાં રહેતા જેઠા કેશવાલા, અશોક ખીમા કેશવાલા, બખરલાના ભારતીબેન રાજુ ખુંટી, ખાપટના દેવશી ટપુ ખુંટી, જામરાવલના સુરેશ રામાભાઇ ગામી, પોરબંદરના અશોક બાબુ ચૌહાણ તથા બીજા અન્ય લોકો પણ સામેલ છે.

આ બધાએ પણ વિદેશ જવા માટે રૂપિયા આપ્યા હોવાનો ફરિયાદમાં ઉલ્લેખ છે. આ જોતાં ઠગાઇનો આંકડો ખુબ મોટો હોવાનું સમજાય છે. ગઠીયાઓ ઝડપાયા બાદ તેણે આ રીતે અનેકને છેતરી લીધાની વિગતો ખુલવાની પોલીસને આશા છે.

---

### સાયબર ગઠીયાઓ હવે ફ્રોડમાં યુવતિઓને સામેલ કરીને શોધી રહ્યા છે શિકાર

# ફેસબૂક ફ્રેન્ડ બની કોમલ ઉસેડી ગઇ નવ્વાણું લાખ!

## બિલ્ડર સાથે પહેલા મિત્રતા બાંધી વાતો કરી પછી ફોરેક્સ ટ્રેડીંગમાં રોકાણના નામે લલચાવ્યાઃ આરંભે નફો દીધો પછી દીધો મસમોટો ડામઃ બીજી ઘટનામાં વૃધ્ધના ખાતામાંથી બારોબાર ઉપડી ગયા નાણા!

રાજકોટ,તા.૩૦

સાયબર ફ્રોડની વધુ બે ઘટનાઓ સામે આવી છે જેમાં ફેસબૂક ફ્રેન્ડ બનીને એક બિલ્ડરને ફસાવાયા હતાં. બાદમાં તેને ફોરેક્સ ટ્રેડીંગમાં રોકાણ કરવાનું કહી મોટો નફો આપવાની લાલચ આપી નેવુ લાખ ખંખેરી લેવાયા છે. કોમલ નામની યુવતિએ ફેસબૂક ફ્રેન્ડ બની પહેલા તો વાતો કરી હતી અને પછી રોકાણના નામે કાવત્રાની જાળ બીછાવી આ બિલ્ડરના લાખો રૂપિયા ખંખેરે લીધા હતાં. બીજી એક ઠગાઇમાં એક વૃધ્ધને છેતરી તેના બેંક એકાઉન્ટમાંથી નવ્વાણુ હજાર ઉસેડી લેવાયા હતાં.

ફ્રોડની પ્રથમ ઘટના જોઇએ તો અમદાવાદ શહેરમાં રહેતા એક વેપારીની ફેસબુક પર અજાણી યુવતી સાથે મિત્રતા થઈ હતી. જે બાદ યુવતીએ બિલ્ડર હોવાની ઓળખ આપી હતી સાથે તે ફોરેક્સ ટ્રેડિંગ કરતી હોવાનું કહીને વેપારીને વધુ નફો કમાવવાની લાલચ આપી હતી. વેપારી પણ યુવતીની જાળમાં ફસાયા હતા અને કુલ ૯૩ લાખ ભર્યા હતા. જેની સામે ૨.૫૫ લાખ વિડ્રો થયા હતા પરંતુ કુલ રૂ. ૯૦.૪૫ લાખ વિડ્રો ન થતાં છેતરપિંડીની જાણ થઇ હતી. જે અંગે વેપારીએ સાયબર ક્રાઇમમાં ફરિયાદ નોંધાવતાં તપાસ શરૂ થઇ છે. વેજલપુરમાં રહેતા અને સિક્યોરીટી એજન્સી ધરાવતા વેપારીનો સંપર્ક ફેસબુક પર કોમલ મહેતા નામની અજાણી યુવતી સાથે થયો હતો.

ત્યારબાદ યુવતી સાથે વાતચીત થતા યુવતીએ પોતે બિલ્ડર હોવાનું અને ફોરેક્સ ટ્રેડિંગ કરતા હોવાની વાતચીત કરી હતી. યુવતીએ વેપારીને વધુ નફો કમાવવાની લાલચ આપીને ફોરેક્સ ટ્રેડિંગ કરાવવાનું કહેતા વેપારીએ



એકાઉન્ટ ખોલાવવા માટે ડોક્યુમેન્ટ્સ આપી દીધા હતા.જે બાદ યુવતીએ લીંક મોકલી હતી, તેમાં ઇમેઇલ આઇડી અને પાસવર્ડ નાખતા એક વેબસાઇટ ખુલી હતી. યુવતીએ વેપારીને ટેલિગ્રામ એકાઉન્ટમાં પૈસા ડિપોઝીટ કરવા બેંક એકાન્ટની વિગતો માંગી હતી. વેપારીએ બેંક એકાઉન્ટની વિગતો આપી દીધા બાદ ડિપોઝીટ કરેલી રકમ તે વેબસાઇટમાં દેખાવા લાગી હતી. વેપારીએ શરૂઆતમાં પચાસ હજારનું રોકાણ કરતા તેની સામે ૫ હજાર નફો દેખાતો હતો. જેથી વેપારીએ પંચાવન હજાર વિડ્રો કર્યા બાદ વિશ્વાસ આવી જતા તેમણે કુલ ત્રાણુ લાખ રોકાણ માટે ભર્યા હતા.

આ રોકાણેની સામે ૨.૫૫ લાખ જ વિડ્રો કરવા દીધા હતા. જ્યારે ૯૦.૪૫ લાખ વિડ્રો ન કરવા દેતા વેપારીને ઠગાઇની જાણ થતાં આ મામલે સાયબર ક્રાઇમમાં ફરિયાદ નોંધાવી હતી. આ પ્રકારે અગાઉ પણ અનેક લોકોને શેર બજાર, બીટકોઇનમાં રોકાણના નામે લલચાવી ફસાવી લાખો કરોડો ઉસેડી લેવાયાની ઘટનાઓ તાજી જ છે. આમ છતાં લોકો આ પ્રકારની લાલચમાં આવી જતાં હોય છે. સાયબર ગઠીયાઓ હવે આવા ફ્રોડમાં યુવતિઓનો ઉપયોગ કરી રહ્યા છે. આવી યુવતિઓ સોશિયલ મિડીયા પર ફ્રેન્ડ બનીને જાળ બીછાવે છે અને પછી લાખો કરોડો ઉસેડી લ છે.

બીજી વિગતો પર નજર કરીએ તો આંનદનગર વિસ્તારમાં આવેલા શરણમ ૮માં રહેતા ત્ર્યાંસી વર્ષિય વૃદ્ધે આનંદનગર પોલીસ સ્ટેશનમાં છેતરપીંડીની ફરિયાદ કરી છે. વૃદ્ધ સંયુક્ત પરિવારમાં રહે છે અને નિવૃત જીવન ગુજારે છે. જાન્યુઆરી મહિનામાં વૃદ્ધ પોતાના ઘરે હાજર હતા ત્યારે તેમનો પૌત્ર આવ્યો હતો. જ્યાં તેમણે પૌત્રને જણાવ્યું હતું કે ચોત્રીસ હજાર રૂપિયા રોકડા આપ અને તું મારા એકાઉન્ટમાંથી તારા એકાઉન્ટમાં ઓનલાઈન ટ્રાન્સફર કરી દે. યુવકે વૃદ્ધનો મોબાઈલ રૂપિયા ટ્રાન્સફર કરવા માટે લીધો ત્યારે તેને ગુગલ પે એપ્લીકેશન ઓપન કરી હતી. ગુગલ-પે એપ્લીકેશનમાં નોટીસ આવી હતી કે તમારી રૂપિયા ટ્રાન્સફર કરવાની લીમીટ પૂર્ણ થઈ ગઈ છે. યુવકે તરતજ તેના દાદાને આ અંગેની જાણ કરી હતી.

આ પછી યુવકે દાદાને કહ્યું કે, આજે તમે કોઈ રૂપિયા ટ્રાન્સફર કર્યા છે. વૃદ્ધે યુવકને જવાબ આપ્યો હતો કે મેં કોઈ રૂપિયા ટ્રાન્સફર કર્યા નથી. વૃદ્ધ યુવકને લઈને બેકમાં ગયા જ્યા કર્મચારીએ જણાવ્યું હતું કે, તમારા એકાઉન્ટમાંથી ૯૯ હજાર રૂપિયાનું ટ્રાન્જેક્શન થઈ ગયું છે. વૃદ્ધે બેંકની આઈડી અને પાસવર્ડ આપ્યા વગર સાયબર ગઠીયાએ તેમના બેંકના ખાતામાંથી ૯૯ હજાર રૂપિયા ટ્રાન્સફર કરી લીધા હતા. વૃદ્ધે તરતજ સાયબર હેલ્પલાઈન પર ફોન કરીને સમગ્ર હકીકતની જાણ કરી હતી. આનંદનગર પોલીસે વૃદ્ધની ફરિયાદના આધારે ત્રણ મહિના બાદ ગુનો દાખલ કર્યો હતો.

# મહાનગરપાલિકાની નવી ટર્મમાં બાહુબલીઓનું બળ વધશે

## પાટીદાર સમાજના ૨૦ થી ૨૨, દરબાર અને આયર જ્ઞાતિના ૧૨ થી ૧૭, બ્રાહ્મણ જ્ઞાતિના છ થી સાત, સોની મહાજન અને વણિક જ્ઞાતિના ઉમેદવારોને એક થી બે, દલિત સમાજના પાંચ અને અનુસુચિત જાતીના એક ઉમેદવારને ટિકિટ મળે તેવી સંભાવના દર્શાવતા રાજકિય નિરીક્ષકો



રાજ્ય ચૂંટણી પંચ દ્વારા રોટેશનમાં કરાયેલા ફેરફારના કારણે ઉમેદવારોની પસંદગીનું રાજકિય ગણિત શરૂ

રાજકોટ, તા. ૩૦

રાજકોટ સહિત રાજયની મહા નગરપાલિકાઓની ચૂંટણીના પડઘમ વાગી રહ્યા છે. અને હવે ગમે એપ્રિલ મહિનાની શરૂઆતમાં જ ગમે ત્યારે ચૂંટણીની તારીખ જાહેર થવાની સંભાવના છે ત્યારે બીજી બાજું ભાજપ, કોંગ્રેસ અને આમ આદમી પાર્ટી જેવા રાજકિય પક્ષો દ્વારા શહેરના ૧૮ વોર્ડની ૭૨ બેઠકો પર ઉમેદવારોની પસંદગી માટે કવાયત શરૂ કરી દેવામાં આવી છે. રાજ્ય ચૂંટણી પંચ દ્વારા બેઠકોના રોટેશનમાં કરાયેલા ફેરફારોના કારણે આ વર્ષે ચૂંટણીમાં મોટામાથા કપાય અને મહાનગરપાલિકાની આગામી ટર્મમાં બાહુબલીઓનું બળ વધે તેવી સંભાવના રાજકિય નિરીક્ષકો વ્યક્ત કરી રહ્યા છે. સાથોસાથ વોર્ડવાઇઝ ઉમેદવારોની પસંદગીના રાજકિય ગણિત માંડવાનું પણ શરૂ કરી દેવામાં આવ્યું છે.

રાજકોટ મહાનગરપાલિકાના ૧૮ વોર્ડની કુલ ૭૨ બેઠકો માટે રાજ્ય ચૂંટણી પંચ દ્વારા ૨૦૨૦માં યોજાયેલી સામાન્ય ચૂંટણી સમયે જાહેર કરાયેલા વોર્ડ દીઠ ચાર બેઠકોના રોટેશન બાદ આ વર્ષે ૨૦૨૬માં યોજાઇ રહેલી સામાન્ય ચૂંટણીમાં અનેક બેઠકોમાં ફેરફાર કરવામાં આવ્યો છે. શહેરના ૧૮ વોર્ડમાંથી ચાર વોર્ડ જ એવા છે કે જેમાં બેઠકોમાં કોઇ ફેરફાર કરવામાં આવ્યો નથી. જ્યારે અન્ય ૧૪ વોર્ડની ૫૬ બેઠકોમાં ૧૩ સામાન્ય બેઠક રદ કરીને અનુસુચિત જાતિ, અનુસુચિત આદી જાતિ અને પછાત વર્ગને ફાળવવામાં આવી છે. આ કારણે જે વોર્ડમાં સવર્ણોની વસતી વધુ છે તેવા વોર્ડમાં પણ અનેક રાજકિય 'ધૂરંધરો' કપાશે. નવા રોટેશનના કારણે મહાનગર પાલિકાની આગામી ટર્મથી બાહુબલીઓ અને આર્થિક સંપન્નતા ધરાવતાં ઉમેદવારોનું બળ વધશે સાથોસાથ બીન અનુભવી લોકો ચૂંટાવાની શક્યતા પણ વધું રહે તેવું 'ગણિત' રાજકિય નિરીક્ષકો માંડી રહ્યા છે.

સ્થાનિક રાજકારણમાં છેલ્લા કેટલાંક વર્ષોથી બાહુબલી અને આર્થિક રીતે મજબુત ઉમેદવારોનું વર્ચસ્વ વધી રહ્યું છે. મહાનગરપાલિકા અને જિલ્લા પંચાયતોથી માંડી તાલુકા પંચાયત નગરપાલિકાઓ અને ગ્રામ પંચાયતો જેવી સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાંની ચૂંટણીમાં પણ અનામત પ્રથાને કારણે બાહુબલી અને આર્થિક રીતે સંપન્ન ઉમેદવારોની બોલબાલા વધી રહી છે. રાજકોટ મહાનગરપાલિકાની ચૂંટણી માટે રાજ્યના ચૂંટણી પંચ દ્વારા ઓબીસી અને ૭૨ બેઠકોમાંથી ૩૬ મહિલા ઉમેદવારોની બેઠક છે.

આ ૭૨ બેઠકોમાંથી અનુસુચિત જાતિ માટે પાંચ બેઠકોમાં ત્રણ, અનુસુચિત આદી જાતિ માટેની એક, પછાત વર્ગની સાત બેઠકોમાંથી ચાર મહિલા અનામત મળી કુલ ૭૨ બેઠકમાંથી ૪૧ બેઠકો મહિલાઓ માટે અને અન્ય ૩૧ બેઠકો સામાન્ય ઉમેદવારો માટે જાહેર કરવામાં આવી છે. કુલ ૧૮ વોર્ડમાંથી વોડ નં.૩-૪-૧૩ અને ૧૭ની બેઠકમાં કોઇ ફેરફાર કરવામાં આવ્યો નથી. નવા રોટેશનને કારણે મહાનગરપાલિકાની કુલ ૭૨ બેઠકોમાંથી પાટીદાર સમાજના ૨૦ થી ૨૨, દરબાર અને આયર જ્ઞાતિના ૧૨ થી ૧૭, બ્રાહ્મણ જ્ઞાતિમાં ચાર મહિલાઓ સહિત છ થી સાત, સોની મહાજન અને વણિક જ્ઞાતિના ઉમેદવારોને એક થી બે, દલિત સમાજના પાંચ અને અનુસુચિત જાતીના એક ઉમેદવારને ટિકિટ મળે તેવી સંભાવના દર્શાવતા રાજકિય નિરીક્ષકો ગણિત માંડી રહ્યા છે. તાજેતરમાં ધનિષ્ઠ મતદાર સુધારણા કાર્યક્રમ (સર)ને કારણે રાજકોટમાં ૨૦૨૦ની ચૂંટણીમાં નોંધાયેલા મતદારો કરતાં ૧,૦૮,૦૩૯ મતદારો ઘટ્યા છે.

વોર્ડ નં.૧માં મતદારોનું માઇગ્રેશન વધ્યું છે અને આ વોર્ડમાં વ્હાઇટ કોલર મતદારો વધ્યા છે તે વોર્ડમાં ત્રણ સામાન્ય અને એક પછાત જ્ઞાતિના ઉમેદવાર માટે બેઠક જાહેર થઇ છે. આ વોર્ડની પહેલી બેઠક અનુસુચિત જાતીના ઉમેદવારની હતી. તેમાં ફેરફાર કરીને પછાત જ્ઞાતિના ઉમેદવારને ફાળવવામાં આવી છે. આ વોર્ડમાં ગાંધીગ્રામ એવો વિસ્તાર છે કે જ્યાં સવર્ણોની સાથોસાથ પછાત જ્ઞાતિના મતદારો ચાર હજારથી વધુ છે. આ વોર્ડમાં પહેલી બેઠક અનુસુચિત ઉમેદવારની હતી તે હવે પછાત જ્ઞાતિના ઉમેદવારને ફાળવવામાં આવી છે. આવી જ રીતે, વોર્ડ નં.૨માં પહેલી બેઠક સામાન્ય હતી તે હવે અનુસુચિત જાતિની થઇ છે. વોર્ડ નં.૩ અને ૪ની બેઠકોમાં કોઇ ફેરફાર કરવામાં આવ્યો નથી. જ્યારે વોર્ડ નં.૫માં ત્રીજી બેઠક અનુસુચિત જાતીમાંથી પછાત બેઠક જાહરે કરવામાં આવી છે. વોર્ડ નં.૬માં બે બેઠકોમાં ફેરફાર થયો છે. જેમાં પહેલી બેઠક સામાન્ય હતી તે હવે અનુસુચિત જાતિના ઉમેદવારને ફાળવવામાં આવી છે. જ્યારે ત્રીજી બેઠક જે સામાન્ય હતી તે પછાત જ્ઞાતિના ઉમેદવારને ફાળવવામાં આવી છે. વોર્ડ નં.૭માં પણ બે બેઠકમાં ફેરફાર થયો છે. જે મુજબ પહેલી બેઠક અનુસુચિત જાતિની હતી તે બેઠક પર હવે પછાત જ્ઞાતિના ઉમેદવારની પસંદગી થશે. જ્યારે ત્રીજી બેઠક જે સામાન્ય ઉમેદવાર માટેની હતી તે અનુસુચિત જાતિના ઉમેદવારને ફાળવવામાં આવી છે. વોર્ડ નં. ૮માં ત્રીજી બેઠક સામાન્ય હતી તે હવે પછાત જ્ઞાતિના ઉમેદવારને ફાળવવામાં આવી છે. વોર્ડ નં.૯માં પ્રથમ બેઠક જે સામાન્ય હતી તે પણ પછાત જ્ઞાતિના અને ત્રીજી બેઠક જે પછાત જ્ઞાતિના ઉમેદવારની હતી તે અનુસુચિત જાતિના ઉમેદવારને ફાળવવામાં આવી છે. આવી જ રીતે, વોર્ડ નં.૧૦માં એક બેઠક પછાત જ્ઞાતિની હતી તે હવે સામાન્ય ઉમેદવારને ફાળવવામાં આવી છે. જ્યારે ત્રીજી બેઠક જે સામાન્ય હતી તે હવે પછાત જ્ઞાતિને ફાળવવામાં આવી છે. વોર્ડ નં.૧૧માં ત્રીજી બેઠક અનુસુચિત જાતીને બદલે હવે પછાત જ્ઞાતિના ઉમેદવારને પસંદ કરવાના રહેશે. વોર્ડ નં.૧૨માં પહેલી બેઠક પછાતમાંથી સામન્ય ઉમેદવારને ફાળવવામાં અવી છે. વોર્ડ નં.૧૩ની બેઠકમાં કોઇ ફેરફાર કરવામાં આવ્યો નથી. વોર્ડ નં૧૪ અને ૧૫માં પહેલી બેઠક અનુસુચિત જાતીમાંથી પછાત તેમજ વોર્ડ નં.૧૬માં પહેલી બેઠક સામાન્યમાંથી પછાત,અને ત્રીજી બેઠક સામાન્યમાંથી અનુસુચિત જાતીના ઉમેદવારોને ફાળવવામાં આવી છે.વોર્ડ નં.૧૭ની બેઠકમાં કોઇ ફેરફાર કરવામાં આવ્યો નથી જ્યારે વોર્ડ નં.૧૮માં પ્રથમ બેઠક સામાન્યમાંથી પછાત અને ત્રીજી બેઠક સામાન્યમાંથી અનુસુચિત ઉમેદવારને ફાળવવામાં આવી છે. આ મુજબ જે સામાન્ય બેઠકો રદ કરાઇ છે. તેમાં વોર્ડ નં.૨માં એક, વોર્ડ નં.૬માં બે, વોર્ડ નં.૭માં એક, વોર્ડ નં.૮માં એક વોર્ડ નં.૯માં એક, વોર્ડ નં.૧૦માં એક, વોર્ડ નં.૧૨માં એક, વોર્ડ નં.૧૫માં એક, વોર્ડ નં.૧૬માં એક અને વોર્ડ નં.૧૮માં બે બેઠકોનો સમાવેશ થાય છે

# અરજદારો માટે છાંયડા - પાણીની વ્યવસ્થા કરવાની માનવતા પણ મનપા તંત્ર ચુક્યું!

રાજકોટ, તા. ૩૦

ગુજરાત સરકારના શિક્ષણ વિભાગ દ્વારા નબળા વર્ગના બાળકોના શિક્ષણ અર્થે શાળા પ્રવેશ અર્થેના રાઇટ ટુ એજ્યુકેશન (RTE) હેઠળ જુન - ૨૦૨૬ના સત્રના પ્રથમ ધોરણના પ્રવેશ અર્થેની જાહેરાત થઈ છે જે જાહેરાતમાં મુજબ માતા-પિતાને ફક્ત એકમાત્ર દિકરી હોય તેઓને પ્રથમ ધોરણમાં પ્રવેશમાં અગ્રતા આપવામાં આવશે. આ માટે જરૂરી દસ્તાવેજો સાથે જન્મનો દાખલો પણ આપવાનો છે. પરંતુ કેન્દ્ર સરકારના સીઆરએસ પોર્ટલ મુજબ જન્મના દાખલામાં બાળકનાં નામ સાથે તેના વાલીનું આખું નામ જરૂરી હોય વાલીઓ જન્મના દાખલામાં ફેરફાર કરાવવા મહાનગર પાલિકાના જન્મ મરણ નોંધણી વિભાગમાં સવારથી જ લાઈનો લગાવી રહ્યા છે. એક તરફ આકરી ગરમી અને બફારાથી શહેરીજનો પરેશાન થઈ રહ્યા છે ત્યારે બીજી બાજુ મહાનગરપાલિકા તંત્ર માનવતા ચુક્યું હોય તેમ અરજદારો માટે છાંયડા કે પાણીની વ્યવસ્થા કરવામાં નિષ્ફળ નીવડતા બાળકો સાથે આવેલી અનેક મહિલાઓ અને અરજદારોને આકરાં તાપ માં શેકાવુ પડ્યું હતું. પાણી વગર તાપમાં ઊભેલાં બાળકો એ રોકકળ મચાવી દીધી હતી.

> રાઈટ ટુ એજ્યુકેશન (R.T.E.) માટે એક માત્ર દીકરી હોવા અંગેના પ્રમાણપત્ર માટે જન્મના દાખલામાં નામ સુધારો કરવા લાંબી લાઈનો લાગીઃ અરજદારો તડકામાં હેરાન થયાઃ પાણી વગર બાળકોની રોકકળ

ઉલ્લેખનીય છે કે જે માતા-પિતાને સંતાનમાં ફક્ત એક માત્ર દિકરી હોય અને તે દિકરીનો જન્મ તા.૧/૦૬/૨૦૧૯ થી તા.૩૦/૦૫/૨૦૨૦ દરમ્યાન થયો હોય તેવા માતા-પિતા દ્વારા રાજકોટ મહાનગર પાલિકાના સેન્ટ્રલ ઝોન અને વેસ્ટ ઝોન કચેરી ખાતેના સિવિક સેન્ટરમાંથી તા.૪ થી તા.૧૭ એપ્રિલ સુધી સવારે ૧૦.૩૦ થી સાંજે ૬ કલાક સુધી પ્રમાણપત્ર આપવામાં આવનાર છે. આ પ્રમાણપત્ર મેળવવા અર્થે રાજકોટ મહાનગરપાલિકાની વેબસાઇટ WWW.RMC.GOV.IN માં ફોર્મસ મેનુમાંથી જન્મ મરણ વિભાગમાં RTE SINGLE GIRL CHILD ફોર્મ ડાઉન લોડ કરી તેની સાથે રજુ કરવાના પુરાવા પૈકી બાળકનું જન્મ પ્રમાણપત્ર, બાળકના માતા અને પિતાના આધાર કાર્ડ, કુટુંબનું રાશન કાર્ડ (જેમા બાળકનું નામ ફરજીયાત જરૂરી છે) તેમજ જો પુરાવાઓ રાજકોટ શહેર સિવાયના હોય તો રાજકોટ શહેરમાં જ્યાં રહેતા હોય તે જગ્યાનો રહેણાંક નો પુરાવો. તેમજ સાથે જોડેલ નમુના મુજબનું રૂ. ૫૦ ના સ્ટેમ્પપેપર ઉપર કરેલ નોટરાઇઝ્ડ સોગંદનામુ રજુ કરવાનું રહેશે. આ માટે અરજદારો જન્મના દાખલામાં નામ સુધારો કરવા લાંબી લાઈનો લગાવી રહ્યા છે .

# લોકાર્પણ વગર જ સાંઢિયા પુલ પર વાહનો દોડવા માંડશે

## લાંબા સમયથી સાંઢિયાપુલનું લોકાર્પણ ટલ્લે ચડ્યા બાદ હવે મોડામાં મોડું એપ્રિલ મહિનાનાં બીજા સપ્તાહમાં આચાર સંહિતાના કારણે કોઈપણ સમારોહ વગર જ પુલ પર વાહનો દોડવા માંડશે

રાજકોટ , તા. ૩૦

રાજકોટ શહેરમાં વધતા અને ભવિષ્યની ટ્રાફિક જરૂરિયાતોને ધ્યાનમાં રાખીને મહાનગર પાલિકા દ્વારા શહેરમાં ઓવર બ્રિજ અને અન્ડરબ્રિજના નિર્માણ અને નવીનીકરણના કાર્યને ગતિ આપવામાં આવી છે. આ દિશામાં જામનગર રોડ પર આવેલ હયાત ટુ-લેન સાંઢીયા પુલ તોડીને તેના સ્થાને આધુનિક સુવિધાઓ સાથેનો નવો ફોરલેન ફલાયઓવર બ્રિજ નિર્માણ કરવાનો મહત્વાકાંક્ષી પ્રોજેક્ટ લાંબા સમય બાદ હવે પુર્ણતાના આરે છે.

એપ્રિલ મહિનામાં મહાનગરપાલિકાની ચૂંટણી જાહેર થવાની છે ત્યારે, મ્યુનિસિપલ કમિશનર તુષાર સુમેરાએ શહેરીજનોને વધુ પરેશાની સહન કરવી ન પડે તે માટે આચાર સંહિતા દરમિયાન જ કોઈપણ તાયફા વગર સાંઢિયાપુલ સાદગીપુર્ણ રીતે શહેરીજનો માટે ખુલ્લો મુકી દેવાની તૈયારી આરંભી છે. મહાનગરપાલિકા દ્વારા જામનગર હાઈવે ને જોડતાં સાંઢિયા પુલ જર્જરિત થઈ ગયો હોય જઉંખખજ્જઢ યોજના હેઠળ રૂ. ૭૪.૩૨ કરોડના ખર્ચે સાંઢિયા પુલ ટુ લેનને બદલે ફોર લેન બનાવવા માટે કામગીરી શરૂ કરવામાં આવી હતી. ૪૦ વર્ષ જુના આ પુલના નવીની કરણમાં રેલવે વિભાગ દ્વારા અવારનવાર અડચણો આવતી રહેતી હોય સાંઢિયા પુલનું લોકાર્પણ



પાછું ઠેલાતુ જતું હતું. છેલ્લે રેલ્વે પાટા ઉપર સેન્ટ્રલ સ્પાનમાં ગર્ડર ફીટ કરવા માટે રેલવે તંત્ર દ્વારા મોડી મંજુરી મળતા લોકાર્પણ કરવાનું ભાજપના શાસકોનું સપનું પુરૂ થયું નહોતું. હવે સાંઢિયા પુલની કામગીરી પુર્ણ થવા આવી છે અને એપ્રિલ મહિનામાં સંપુર્ણ પણે તૈયાર થઈ જાય તેમ હોય આગામી ૧૫ થી ૨૦ એપ્રિલ દરમિયાન ચૂંટણીની આચાર સંહિતાને કારણે કોઈપણ પ્રકારના સમારોહ વગર જ પુલ પરથી વાહનોની અવરજવર માટે શરૂ કરી દેવામાં આવશે.

આ બાબતે કમિશનર તુષાર સુમેરાએ સેન્ટ્રલ ઝોનના ઇજનેર અતુલ રાવલને બોલાવીને પુલની બાકી કામગીરીની વિગતો જાણી હતી અને, એપ્રિલ મહિનાના બીજા સપ્તાહમાં કોઈપણ સંજોગોમાં પુલ શહેરીજનો માટે ખુલ્લો મુકી દેવાય તે માટે બાકી રહેતી મહત્વની કામગીરી ઝડપભેર પુરી કરવા માટે આદેશ કર્યો હતો. ઉલ્લેખનીય છે કે આળસુ ઈજનેરોને કારણે અને આંતરિક ખટપટને કારણે પુલની કામગીરી અવારનવાર ખોરંભે પડતી હતી અને, લોકાર્પણની તારીખો પણ અવાર નવાર બદલતી રહેતી હતી. હવે મહાનગરપાલિકાની ચૂંટણી અને આચાર સંહિતાના સમયગાળા દરમિયાન પુલ પુર્ણતઃ તૈયાર થઈ જશે. આથી લોકાર્પણ માટે શાસકોની નવી બોડીની રાહ જોવા વગર છેલ્લા બે વર્ષથી પરેશાની ભોગવતા એક લાખથી વધુ લોકોને પરેશાનીમાંથી છૂટકારો આપવા માટે કોઈપણ કોઈપણ તાયફા વગર પુલ જાહેર જનતા માટે ખુલ્લો મુકી દેવામાં આવશે. પુલની કામગીરીને કારણે છેલ્લા બે વર્ષથી બજરંગ વાડી, પુનિત નગર, વોરા સોસાયટી, મોચી નગર, વાંકાનેર સોસાયટી, રેલવેની લોકો કોલોની, રેલનગર સહિતના એક લાખથી વધુ લોકોને ટ્રાફિક સમસ્યાનો સામનો કરી રહ્યા છે. ત્યારે સાંઢિયા પુલ ખુલ્લો થઈ જતાં આ વિસ્તારની એક લાખની વસતીને ટ્રાફિક સમસ્યામાંથી રાહત મળશે.

## રાજકોટના રૈયાધારમાં સોપાન હાઈટ્સમાં કાળજું કંપાવતી ઘટના

# સ્વિમિંગ પૂલમાં ડૂબી જવાથી માસૂમ ભાઈ-બહેનનાં મોત

## રમત-રમતમાં કાળ આંબી ગયોઃ નેપાળી પરિવારના સાત વર્ષના પુત્ર અને પાંચ વર્ષની પુત્રીના કરૂણ મૃત્યુથી અરેરાટી











રાજકોટ,તા.૩૦

શહેરના પશ્ચિમ વિસ્તારમાં આવેલા રૈયાધાર રોડ પર આજે એક અત્યંત હૃદયદ્રાવક અને કમકમાટીભરી ઘટના સામે આવી છે. અહીં આવેલી પસોપાન હાઈટ્સથ બિલ્ડિંગના સ્વિમિંગ પૂલમાં ડૂબી જવાથી બે સગાં ભાઈ-બહેનનાં કરુણ મોત નિપજ્યાં છે. રમત-રમતમાં માસૂમ બાળકો સ્વિમિંગ પૂલ પાસે પહોંચી ગયા હતા, જ્યાં અકસ્માતે ડૂબી જવાથી બન્નેના પ્રાણ પંખેરૂ ઉડી ગયા હતા. આ બનાવને પગલે સમગ્ર સોસાયટી અને રૈયાધાર વિસ્તારમાં ઘેરા શોકની લાગણી વ્યાપી ગઈ છે.

ઘર પાસે રમતા-રમતા બાળકો સ્વિમિંગ પૂલ તરફ ગયા ત્યારે આ ઘટના બની હતી. ઘટનાની વિગત મુજબ, રૈયાધારની સોપાન હાઈટ્સમાં રહેતા નેપાળી કરણભાઈ ભાંડેરીના બે સંતાનો- પુત્ર દિપેશ (ઉંમર વર્ષ ૭) અને પુત્રી દિપ્સિકા (ઉંમર વર્ષ ૫) આજે બપોરે ૨ થી ૩ વાગ્યાના અરસામાં પોતાના ઘર પાસે નીચે રમવા માટે ગયા હતા. રમતા-રમતા આ બન્ને માસૂમ બાળકો બિલ્ડિંગના પાછળના ભાગે આવેલા સ્વિમિંગ પૂલ પાસે પહોંચી ગયા હતા. સ્વિમિંગ પૂલ પાસે કોઈ હાજર ન હોવાથી બાળકો અકસ્માતે પાણીમાં ખાબક્યા હતા અને ઊંડા પાણીમાં ગરકાવ થઈ ગયા હતા.

દરમિયાન, સોસાયટીના જ એક પડોશીની નજર સ્વિમિંગ પૂલ પર પડતા તેમણે બાળકોને પાણીમાં જોયા હતા. તેમણે તત્કાલ બૂમાબૂમ કરતા લોકો દોડી આવ્યા હતા અને બન્ને બાળકોને તાત્કાલિક બહાર કાઢવામાં આવ્યા હતા. ઘટનાની જાણ થતા જ ૧૦૮ એમ્બ્યુલન્સને બોલાવવામાં આવી હતી અને બાળકોને તાત્કાલિક સારવાર અર્થે જનાના હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા. જોકે, કુદરતને કંઈક જુદું જ મંજૂર હતું.

તબીબોએ ભાઈ-બહેનને મૃત જાહેર કરતા પરિવારમાં આક્રંદ છવાઈ ગયો હતો. ઝનાના હોસ્પિટલના બાળકોના વિભાગમાં ફરજ પરના તબીબ ડો. કે.એ. ચૌહાણે ગહન તપાસ બાદ સાંજે ૪:૦૫ કલાકે દિપેશ અને દિપ્સિકા બંને ભાઈ-બહેનને મૃત જાહેર કર્યા હતા. એકસાથે ઘરના બે વ્હાલસોયા સોપાન ગુમાવતા નેપાળી ભાંડેરી પરિવાર પર આભ ફાટી પડ્યું છે. હોસ્પિટલ પરિસરમાં પરિવારજનોના આક્રંદથી વાતાવરણ ગમગીન બની ગયું હતું.

આ કરુણ ઘટના અંગેની જાણ થતા જ સ્થાનિક પોલીસ કાફલો હોસ્પિટલ અને ઘટનાસ્થળે દોડી ગયો હતો. પોલીસે હાલ આ મામલે અકસ્માત મૃત્યુનો ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. આ કેસની વધુ તપાસ એ.એસ. આઈ. જયસિંહ ઝાલા ચલાવી રહ્યા છે. રહેણાંક સોસાયટીમાં આવેલા સ્વિમિંગ પૂલમાં સુરક્ષાના અભાવે આ ઘટના બની છે કે કેમ તે અંગે પણ પોલીસ તપાસ કરી રહી છે.

વાલીઓ અને રહેણાંક સોસાયટીઓ માટે ખાસ સાવચેતીના સૂચનો જોઈએ તો આવી હૃદયદ્રાવક ઘટનાઓ ફરી ન બને તે માટે વાલીઓએ અને બિલ્ડિંગ મેનેજમેન્ટે તકેદારી રાખવી અનિવાર્ય છે. સોસાયટીમાં આવેલા સ્વિમિંગ પૂલની ફરતે મજબૂત ફેન્સિંગ (જાળી) અથવા દીવાલ હોવી જોઈએ, જેથી બાળકો ભૂલથી પણ ત્યાં જઈ ન શકે. નાના બાળકો જ્યારે નીચે રમવા જાય ત્યારે પરિવારના કોઈ મોટા સભ્યએ તેમની સાથે રહેવું જોઈએ અથવા સતત નજર રાખવી જોઈએ. સ્વિમિંગ પૂલના એન્ટ્રી ગેટ પર હંમેશા લોક રાખવું જોઈએ અને માત્ર નિશ્ચિત સમયે લાઈફગાર્ડની હાજરીમાં જ તેને ખોલવો જોઈએ. પૂલ વિસ્તારમાં સીસીટીવી કેમેરા હોવા જોઈએ અને તેનું લાઈવ મોનિટરિંગ સિક્યોરિટી ગાર્ડ દ્વારા થવું જોઈએ. બાળકોને પાણીના જોખમો વિશે સમજાવવું જોઈએ અને તેમને એકલા સ્વિમિંગ પૂલ કે ટાંકા પાસે ન જવા માટે કડક સૂચના આપવી જોઈએ. સિક્યોરિટી ગાર્ડની નિમણૂકઃ બિલ્ડિંગના પાછળના ભાગે જ્યાં સ્વિમિંગ પૂલ હોય ત્યાં ખાસ એક ગાર્ડની વ્યવસ્થા હોવી જોઈએ જે બાળકોને તે તરફ જતા અટકાવે.